**પરિચય**



- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેક્શન એક્સપર્ટ.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઈન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૧૩/૫/૨૦૨૪ થી ૧૯/૫/૨૦૨૪**

**સનતકુમાર વી. પોપટ : 'રૂદ્ર ફાઉન્ડેશન' સેકન્ડ ફ્લોર, પરિમલ પ્રાઈમ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ (Mo.) ૭૫૭૫૮ ૩૫૩૫૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાની રાશિમાં સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. અહીં ચંદ્ર ભ્રમણની અસર સ્થાવર મિલ્કતોથી લાભ અપાવી શકે તેમ છે. આ સપ્તાહ દરમિયાન પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશે છે.આર્થિક રોકાણો વળતરની દ્રષ્ટિએ ફળદાયી નિવડી શકે.વિદ્યાર્થી વર્ગને મૂંઝવણમાંથી બહાર આવવા યોગ્ય માર્ગદર્શન મળી રહે. વર્તન તેમજ વાણીમાં આત્મવિશ્વાસ વધતો જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. પ્રિયપાત્રની સમસ્યાનું નિરાકરણ પ્રાપ્ત થતાં મનનો ભાર હળવો બને. સંતાનો સાથે આનંદદાયક સમય વિતાવી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. અહીં હરિફાઈ કે કોમ્પિટિશનમાંબુદ્ધિગમ્ય નિર્ણયો દ્વારા આગળ રહી શકો. કર્મક્ષેત્રે પ્રગતિ પામવા માટે નક્કર મહેનત તથા સચોટ આયોજન આવશ્યક બનશે.

### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને ભ્રમણ કરી રહ્યો છે.સાહસવૃત્તિમાં વધારો થાય. સ્ટેમિના વધતાથાક્યા વગર લાંબો સમય કાર્ય કરી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથીથશે.મિલકતથી લાભ ઉદ્ભવી શકે. માતૃપક્ષ દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. આ સપ્તાહ દરમિયાન ચોથા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આપનીરાશિમાં પ્રવેશે છે.વ્યક્તિત્વનો વિકાસ થાય. વાહનના રિપેરીંગ/ સમારકામ, ઇન્સ્યોરન્સ વગેરે બાબતોમાં નિયમિત રહેવું ઇચ્છનીય ગણાય.વિલ-વારસા તથા મળવાપાત્ર લાભો, ઈન્સેન્ટિવ, કમિશન વગેરે પ્રાપ્ત કરવા માટે ધૈર્યપૂર્વકવર્તવું.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્તિ માટે વિશેષ મહેનતની આવશ્યકતા જણાય.અહી ગ્રહણ યોગની અસર જોખમી આર્થિક વ્યવહારો કે રોકાણોથી દૂર રહેવાનું સૂચવે છે.

### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે.ધન સ્થાનમાં બળવાન ચંદ્રની અસરને લીધે આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકો. અટકેલા લાભો કે ઉઘરાણીઓપ્રાપ્ત થતી જણાય. સર્વિસની સાથે નાણાનીઆવકનો નવો સ્ત્રોત ઉત્પન્ન કરવા માટેના પ્રયત્નો સફળ નીવડે. આ સપ્તાહ દરમિયાન ત્રીજા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને બારમાસ્થાનમાં પ્રવેશે છે.ડોક્યુમેંટ્સ / એગ્રીમેંટ્સમાં સહી કરતાં પૂર્વે કાયદાકીય જોગવાઇઓથી વાકેફ બનવું હિતાવહ રહે. જાહેર ક્ષેત્રે વર્તનમાં વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહીને વર્તવું નહીં.સરકારી-કાયદાકીય કાર્યો સમજપૂર્વક કરવા.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. ભાઈભાંડુ દ્વારા સાથ સહકાર પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. વતનની મુલાકાત લેવાનું આયોજન ગોઠવી શકાય.મનોભાર રહી શકે.

### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર પોતાની રાશિમાં બળવાન થઈને પરિભ્રમણ કરી રહ્યો છે. જે અગત્યના નિર્ણયો દ્વારા સફળતા પ્રાપ્તિ તરફ લઈ જઈ શકે.ઉત્સાહપૂર્વક પરિશ્રમ કરી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી કેળવવી.કલાકાર વર્ગને લાભદાયી તક પ્રાપ્ત થઈ શકે. ધન સ્થાનનો અધિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આગિયારમા સ્થાનમાં પ્રવેશશે. ધનેશનું અહીં લાભસ્થાનમાં પરિભ્રમણ આર્થિક બાબતો અંગે સારા નિર્ણયો લેવડાવી શકે છે.ઉછીના વ્યવહારોથી બચવું. વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરી શકો.આકસ્મિક આર્થિક વ્યવહાર ધાર્યા બહારનો લાભ આપી શકે. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનનો ચંદ્ર નાની મુસાફરી યાત્રા ફળદાયી બનાવી શકે.પરંતુ અહી સમય મર્યાદામાં કાર્યો પૂર્ણ કરવાનો પડકાર રહે. ભાઈ ભાંડુ સાથેના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ ગણાય.

### સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે.પરોપકારના કાર્યોમાં પ્રવૃત્ત રહી શકો. શુભ માર્ગે ખર્ચ ઉદ્ભવી શકે. ધાર્મિક કાર્યોમાં રસ-રુચિ વધતી જણાય. જુના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવવાથી માનસિકહળવાશ મળી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. અહીં કોઈ એક વિચાર તથા નિર્ણય પ્રત્યે એકાગ્ર બનીને મક્કમ રીતે આગળ વધવાનું સૂચવી શકાય. આપનો રાશિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને દશમા સ્થાનમાં પ્રવેશેછે. સહ કર્મચારીઓ કે અધિકારીઓ થકી ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકો. કર્મક્ષેત્ર દ્વારા ધન પ્રાપ્તિ શક્ય બને.વ્યવસાય ક્ષેત્રે નવીન પ્રયોગો દ્વારા પ્રતિષ્ઠામાં વધારો પામી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. વાણીમાં સૌમ્યતા લાવીને ધાર્યું કાર્ય પાર પાડી શકાય.

### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાના સ્થાન પરથી પરિભ્રમણ કરીને સ્વગ્રહી બળવાન બની રહ્યો છે. જેથી આર્થિક શુભ ફળ પ્રાપ્ત કરી શકો. આ સપ્તાહ દરમિયાન બારમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ મે થીરાશિ પરિવર્તન પામીનેભાગ્ય સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં કર્મક્ષેત્રે પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે મહેનતમાં વધારો કરવો જરૂરી બનશે. વધુ ઝડપી પ્રગતિ માટે અયોગ્ય પગલાઓ ઉપાડવા નહીં. આપેલા વચનને સમયસર પરિપૂર્ણ કરવાથી પ્રતિષ્ઠામાં વધારો પ્રાપ્ત કરી શકો.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. મુસાફરી યાત્રામાં અજાણ્યા વસ્તુ, સ્થળોથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. અહી ચંદ્ર કેતુ સાથે રહીને દેહ ભુવનમાં ગ્રહણ યોગ રચશે. અયોગ્ય કાર્ય આયોજન દ્વારા માનસિક તણાવ ઉદ્ભવી શકે.

### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દશમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે. અહીં કર્મસ્થાનમાં બળવાન ચંદ્રની અસર ઉત્તમ પરિણામ આપી શકે.સર્વિસમાં પ્રમોશન મેળવી શકો. ઉપરી અધિકારી તરફથી સંપૂર્ણ સહકાર પામી શકો. વ્યવસાય તથા સર્વિસમાં પ્રગતિ પામવા માટેના નવી યોજનાઓ અમલમાં મૂકી શકો. જાહેરાત દ્વારા વ્યવસાય વિકાસ શક્ય બનતો જણાય.અગિયારમાં સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને આઠમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. ભાગ્યની ઉન્નતિ માટે નવીન શુભ તકની પ્રાપ્તિ શક્ય બને. મળતી તકોમાંથી યોગ્ય તકોને ઓળખવી જરૂરી બને. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. મોટાભાઈ ભાંડુ દ્વારા સાથ સહકાર પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પર થતા વ્યર્થ વિવાદોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાય.

### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. અહીં સ્વગૃહી બળવાન ચંદ્ર શુભ ફળ આપી શકે છે. ધાર્મિક બધા-માનતા પૂર્ણ બનાવી શકાય. તીર્થસ્થાનની મુલાકાત શક્ય બને.દશમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અન્ય લોકો પર વધુ પડતો વિશ્વાસ રાખીને ચાલવું નહીં. ભાગીદારો સાથે થોડું જતું કરવાનું વલણ રાખવું ઇચ્છનીય ગણાય. કર્મક્ષેત્રે જાગૃત રહીને પ્રામાણિકતા પૂર્વક કાર્ય આગળ વધારવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી થશે. પિતાના ગૌરવમાં વધારો થઈ શકે તેવા કોઈ કાર્ય માટે નિમિત્ત બની શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. અનિતિ યુક્ત કાર્ય દ્વારા આર્થિક પ્રગતિ પામવાના પ્રયત્નોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાશે.આર્થિક સંકડામણમાં પડી શકો તેવા જોખમો-સાહસોથી દૂર રહેવું.

### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્રસ્વગૃહી બળવાન બનીનેપસાર થઇ રહ્યો છે. અહી ચંદ્ર વિલ-વારસા તથા હક્ક-હિસ્સાના પ્રશ્નો અંગે શુભ ફળ આપી શકે છે.આકસ્મિક દુર્ઘટનાઓથી બચાવ સંભવે. ભાગ્ય સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૪ મે થીછઠ્ઠા સ્થાનમાં પ્રવેશશે.ઓવર કોન્ફિડન્સમાં વ્યવસાયના નિર્ણયો લેવા નહીં. વ્યવસાયમાં નવી ભાગીદારીનો વિકાસ કરતાં પહેલા અથવા તો ચાલુ ભાગીદારીમાં પરિવર્તન કરતાં પહેલા જન્મના ગ્રહો પરથી માર્ગદર્શન મેળવી આગળ વધવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. સર્વિસ કરતા જાતકોને ઉપરી અધિકારીઓ દ્વારા કાર્યની નોંધ લેવાતા આત્મવિશ્વાસમાં વધારો અનુભવાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી થશે. પિતા દ્વારા યોગ્ય સાથ સહકાર પ્રાપ્ત કરી શકો.અહી ચંદ્ર કેતુ સાથે રહીનેદશમે ગ્રહણ યોગ રચશે. જાહેર જીવનમાં વાણી, વર્તન, વ્યવહારમાં ધ્યાન રાખવું.

### મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે.સાતમું સ્થાન બળવાન બનતા દામ્પત્યજીવનમાં મધુર સમયનો આનંદ પ્રાપ્ત કરી શકો. ભાગીદારો દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. જાહેરજીવનમાં સંપર્કોમાં વધારો થઇ શકે.સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને પાંચમા સ્થાનમાં પ્રવેશે છે.કોઇ સભા કે મંચ ઉપર અગ્રેસરનું સ્થાન શોભાવી શકો. માન-સન્માનમાં વધારો શક્ય બને. જો કે અહીં નિરાશાવાદી વલણ ફગાવીને ઉત્સાહજનક રીતે કાર્ય કરવું જરૂરી બનશે. આઠમા સ્થાનમાં ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં ગેસ-અગ્નિ, ઈલેક્ટ્રિક તથા વાહનોથી તકેદારી રાખવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. નવીન વિચારો તથા નવા આઈડિયા કર્મક્ષેત્રે અમલમાં મૂકી શકાય.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ભાગ્યસ્થાનમાં ગ્રહણ યોગ રચશે. કોઈપણ કરારમાં બંધાતા પહેલાં તમામ બાબતોનો વિચાર કરીને આગળ વધવું.

### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી સ્વગૃહી બળવાન થઇને પસાર થઇ રહ્યો છે.કોમ્પિટિશન- પ્રતિસ્પર્ધામાં ઝળહળતો વિજય પ્રાપ્ત કરી શકાય. ઉત્તમ આત્મવિશ્વાસ દ્વારા કર્મક્ષેત્ર પ્રવૃત્ત રહી શકો. મોસાળ પક્ષ દ્વારા સાથસહકાર મેળવી શકાય.સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે.જાહેરજીવનમાં પ્રતિષ્ઠામાં વધારો થઇ શકે. સાતમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને ચોથા સ્થાનમાં પ્રવેશે છે.જાહેરજીવનમાં શુભ ફળ પ્રાપ્ત કરી શકો.મિલકતમાં કરેલ રોકાણ દ્વારા આર્થિક વળતર પ્રાપ્ત કરી શકાય. અવિવાહિત જાતકો માટે યોગ્ય પસંદગીનો અવકાશ પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથી થશે. અહીં વિપરીત રાજયોગની રચના થતા લાભદાયક પરિણામ પ્રાપ્ત કરી શકો.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ગ્રહણ યોગ રચશે. અવિચારી નિર્ણયો તેમજ ઝડપી ડ્રાઈવિંગથી બચવું.

### મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાંપાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇરહ્યો છે. ઇન્વેસ્ટમેન્ટનું પુરતું વળતર પ્રાપ્ત કરી શકો. નવા રોકાણો, મ્યુચ્યુઅલ ફંડ, ઈન્સ્યુરન્સવગેરેની શરૂઆત કરવા માટે શુભ સમય ગણી શકાય.છઠ્ઠા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ૧૪ મે થી રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશે છે.ભાઈભાંડુ-મોસાળ પક્ષ સાથે વિવાદથી બિલકુલ દૂર રહેવું.કોમ્પિટિશનમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહીં.તેમ છતાં અહી સૂર્યનું ભ્રમણ એકંદરે શુભ રહે. અમુક કાર્યોમાં આકસ્મિક સફળતા મળતી જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. સ્વાસ્થ્યમાં સુધારો અનુભવી શકો.વાઇરલ સમસ્યાથી પીડાતા જાતકો રાહત અનુભવી શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે.અહી ચંદ્ર કેતુ સાથે રહીને ગ્રહણ યોગ રચશે.જીવનસાથીસાથે સંઘર્ષ નિવારવો જરૂરી બને.

* * *

## ઈન્ટરનેશનલ નર્સ ડે (પરિચારિકાઓનો પરિચયનો દિવસ)

સ્વયંને બીમાર દર્દીઓની સેવા માટે જોડનાર વિશ્વની પ્રથમ મહિલા નર્સ હતા ફ્લોરેંસ નાઈટિંગેલ. ગઈકાલે ઉજવાયો તે, તેમના જન્મ દિવસ ૧૨ મે ને વિશ્વમાં આંતરરાષ્ટ્રીય નર્સ(પરિચારીકા) દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દર્દી સાથે કોઈ નાતો નથી છતાંયે તેમની સાથે નામથી, 'દર્દીના દર્દથી મીઠો નાતો જોડી' તેમના દર્દને ભૂલાવવા, દુઃખને ઓછું કરવા મદદગાર સહયોગી હાથ એટલે કે નર્સ અથવા હોસ્પિટલ/ દવાખાનાની પરિચારિકાઓ. તેમને સૌ સિસ્ટર અથવા સેવિકા પણ કહે છે કારણ કે થોડો સમય કે અમુક દિવસો જ, પરંતુ અજાણી વ્યક્તિઓ સાથે તેઓનો નજીકનો એવો આત્મિક સંબંધ જોડાય છે. વળી નર્સ તેઓની સાર-સંભાળ પણ પરિવારના સભ્યોની જેમ લે છે ને! આમ દર્દીઓના દર્દને ઓછું કરવા ઘણી રીતે માનસિક અને બૌધ્ધિક રીતે સહયોગી બને છે તેથી નર્સ અતિ દુવાઓને પાત્ર બને છે. વર્તમાન સમયે તો સ્ત્રી અને પુરૂષો પણ નર્સની સેવાઓ આપે છે. અનેક જીવન મૂલ્યોને ધારણ કરી દર્દીઓની સેવા અને દેખભાળની મહત્વપૂર્ણ(અહમ) ભૂમિકા આરોગ્ય વિભાગમાં નર્સની છે.

**મૂલ્યોની મહેક** ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

જો હું એક નર્સ હોવ તો? નર્સમાં કેવા ગુણો કે ખુબીઓ હોવા સૌને પસંદ પડશે? કે જેથી તેમને સર્વની દુવાઓ જ એટલી મળે, કે જેથી કદી ન નર્સોને દવાઓની જરૂર પડે! વિધ-વિધ બીમારીઓ વચ્ચે રહીને પણ બીમારી સ્પર્શે નહી! તે કેવી રીતે શક્ય બને? તે માટે જરૂરી છે સ્વયંના મૂલ્યનિષ્ઠ આચરણ, જીવનની ઉચ્ચ રહમની ભાવનાની. નર્સની જવાબદારીઓ, તકેદારીઓની આ બાબતોને થોડા મૂલ્યો સાથે સમજીએ.

★ નર્સ કે જે અંદરથી કોમળ છતાંયે બહારથી કઠોર અર્થાત મજબૂત બની દર્દીને પણ હિંમત અને દર્દના ડરથી મુક્ત કરવામાં મદદરૂપ બને છે. નર્સનું દિલ સસ્નેહી અને આત્મિક ભાવથી ભરેલું હોય સદા.

★ ડોક્ટર દ્વારા અપાયેલા પ્રત્યેક નિર્દેશોનું સમયસર પાલન કરનાર, હોસ્પિટલ કે દવાખાનાની અંદરની અને દર્દીઓને અપાતી બેડથી લઈ તેમના દરેક સાધનોની સ્વચ્છતાની આગ્રહીથી રોગનું સંક્રમણ ન થાય, તેનો ખ્યાલ છે નર્સને! સફાઈ કામદારો પાસે રૂમની સ્વચ્છતા રખાવે અને સ્વયં પણ સ્વચ્છ-સુઘડ અને દરેક સાધનોને તેમના યોગ્ય સ્થાને અને યોગ્ય રીતે સંભાળપૂર્વક રખાવનાર હોય છે આ અથક સેવધારી.

★ હિંમતવાન, રહમદિલ અને દયા, કરૂણામયી મમતાભર્યુ વર્તન સૌ સાથે તેમનુ, પરંતુ કોઈ દર્દીઓના દુઃખને પોતે જ લઈ ન લે. જો નર્સ પોતે દર્દને લઈ લે તો પછી દર્દીની સારવાર કેમ પાય. રોગ કેમ જાય? એ લોહી અને પરૂ ભરેલા ઘાવને સાફ કરી માવજત કોણ કરે? ઇન્જેકશન પણ ન મારી શકે એવા કોમળ ન બને નર્સ! જ્યારે દર્દીઓ પોતાની બીમારીથી ભાવુક વધુ હોય છે. એક સારી પરિચારિકા દર્દીઓની મનોદશાને સુદ્રઢ બનાવી, હિંમત આપનારી અને સ્પષ્ટ હોય છે. તેમનો આભાર દરેક દિલથી માને છે.

★ વધુ વળતરની આશા રાખી સ્વયંના સેવાના ક્ષેત્રને નીચુ ન દેખાડે. પરંતુ દર્દીઓને હ્રદયપૂર્વક સારવાર આપનાર બનતા હોય છે નર્સ. મધર ટેરેસા પણ એક નર્સ જ હતા ને !

★ ચપળ, મક્કમ અને કાર્યક્ષમ નર્સ પેશન્ટની સૌથી નજીક રહે. દિલમાં આશ્વાસન, મનમાં ધૈર્યતા અને શાંતિ રાખી, સર્વના સુખ માટે સદા અભિલાષી હોય છે. જલ્દી સાજા થઈ દર્દીઓ ઘરે જાય અને દર્દમાં કોઈ કણશે નહી તેવી સ્નેહભાવના રાખે છે નર્સ.

★ મુખમાં મીઠાશ અને શિસ્તબધ્ધ, નિયમબધ્ધતાનું પાલન કરાવનાર એવા નર્સોનો આજનો દિવસ જ નહી પરંતુ પ્રતિદિન શુભ રહે તેવી શુભ ભાવના સાથે મુબારક હો.

## અફઘાનિસ્તાનમાં વરસાદ અને પૂરને કારણે ૩૧૫નાં મોતઃ ૧૬૦૦થી વધુ લોકો ઘાયલ, ૨૦૦૦ ઘરો ધોવાઈ ગયા

કાબૂલ : અફઘાનિસ્તાનમાં બે સપ્તાહથી ભારે વરસાદને કારણે ૩૧૫થી વધુ લોકોના મોત થયા છે. તાલિબાન અધિકારીઓનું કહેવું છે કે મૃતકોની સંખ્યા હજુ વધી શકે છે. અમેરિકન મીડિયા સીએનએન અનુસાર, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (ડબ્લ્યુએફપી) એ ૧૨ મેના રોજ અહેવાલ આપ્યો હતો કે બદખ્શાન, ઘોર, બગલાન અને હેરાતમાં સૌથી વધુ નુકસાન થયું છે.

ભારે વરસાદને કારણે ૧૬૦૦ લોકો ઘાયલ થયા છે અને ૨૦૦૦ થી વધુ ઘરો ધોવાઈ ગયા છે. WFPએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અચાનક પૂરે અફઘાનિસ્તાનમાં તબાહી મચાવી હતી. સૌથી વધુ મોત બગલાનમાં થયા છે.

બગલાનમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓનું કહેવું છે કે બગલાન તરફ જતો રસ્તો ધોવાઈ ગયો છે, જેના કારણે ત્યાં રાહત આપવામાં વિલંબ થઈ





રહ્યો છે. લોકોને ત્યાંથી બહાર કાઢવા માટે સેના મોકલવામાં આવી છે.

તાલિબાનના સંરક્ષણ મંત્રાલયની મદદ માટે મોકલવામાં આવેલા વાયુસેનાએ ૧૧ મેના રોજ જણાવ્યું હતું કે બગલાનમાં લોકોને બહાર કાઢવા માટે એરફોર્સ તૈનાત કરવામાં આવી છે. દરમિયાન, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને વિલંબ કર્યા વિના મદદ કરવા કહ્યું છે.

તાલિબાનના મતે જો સંગઠનો મદદ નહીં કરે તો હજારો લોકોના મોત થશે. ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટી (IRC)ના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનના મોટાભાગના રાજ્યોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ છે. અલગ-અલગ ઈમરજન્સી ટીમ રાહત કાર્યમાં લાગેલી છે.

આઈઆરસીના નિર્દેશક સલમા બેન ઈસાએ કહ્યું કે આ પૂરથી માનવીય સંકટ સર્જાયું છે. અફઘાનિસ્તાનના લોકો પહેલાથી જ આ વર્ષની શરૂઆતમાં આવેલા ભૂકંપનો સામનો કરી રહ્યા હતા. પરંતુ હવે પૂરે તેમને વધુ ગરીબીમાં ધકેલી દીધા છે. અફઘાનિસ્તાનના ઘણા રાજ્યોમાં બે અઠવાડિયાથી વીજળી નથી. લોકો પાસે એક સમયનું ભોજન ખરીદવા માટે સાધનો નથી. ગયા મહિને જ અફઘાનિસ્તાનના હેલમંદ અને કાંઠડી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરને કારણે મકાનો ધરાશાયી થતાં

## સુવિચાર

**મગજને ખુબ ભણાવજો**
**પણ દિલને અભણ જ રહેવા દેજો**
**નહીંતર લાગણીઓનો પણ**
**હિસાબ કિતાબ લગાવવા બેસી જશો.**

## આજનું ચિંતન



### કર્મનું સૌંદર્ય

ભગવાન રામચંદ્ર વનવાસ યાત્રામાં માતંગ ઋષિને ત્યાં પહોંચ્યા. ત્યાં પર્ણકુટીની બહાર રસ્તાની બંને બાજુએ સુંદર ફુલો ખીલેલા હતા. ફુલોમાંથી અનેરી સુવાસ આવી રહી હતી અને આ ફુલો નિત્ય તાજા અને ખીલેલા જ રહેતા. આ ફુલ શા માટે અનોખા હતા ? એક વખત આશ્રમમાં બળતણ ખુટી પડેલું અને જંગલમાં જઈ લાકડા કાપી લાવવા એ અનિવાર્ય હતું. શિષ્યોમાંથી કોઇપણ જવા માટે તૈયાર ન થયું. એટલે વૃધ્ધ તપસ્વી માતંગ ઋષિ જાતે કુહાડી લઇને જંગલમાં લાકડા લેવા નીકળી પડયા. પછી તો શિષ્યો પણ સફાળા જાગ્યા અને ઋષિની સાથે જોડાયા. સહુએ ખુબ પરિશ્રમ કરીને લાકડા કાપ્યા અને ભાર સાથે આશ્રમ તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં માતંગ ઋષિના શરીરમાંથી વહેતા પરસેવાના ટીપા પર્ણકુટીરના રસ્તે પડવા માંડયા. થોડા દિવસ પછી તો રસ્તાની બંને બાજુએ કૂંપળો ફૂટવા માંડી અને સુંદર સુગંધી ફુલો મહેકવા માંડયા. કર્મનું આ સૌંદર્ય છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૭, તા.૧૪/૫/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૬-૦૯, સૂર્યાસ્ત : ૭-૧૬, જૈન નવકારશી : ૬.૫૭
રાશિ : કર્ક (ડ.હ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કર્ક

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વિચારોમાં પરિવર્તન રહે, સ્વાસ્થ્ય બાબત થોડુ જાળવવું, નોકરીમાં પગાર વધારો શકય બને, રાજકીય લાભ રહે.

**વૃષભ :** વગદાર વ્યકિતનો સહકાર રહે જેને લઈને આર્થિક લાભ મળે, વિજાતીય સંબંધો ગાઢ બને, કર્જમાં રાહત.

**મિથુન :** કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરજો લાલચમાં ન આવી જતા સાથીદારો કે હિતેચ્છુઓની સલાહ લેજો.

**કર્ક :** મન ઉપરનો ભાર હળવો થવાનો છે, તમારો નિર્ણય યોગ્ય છે, કાર્ય પ્રત્યેના તમારી પ્રતિક્રિયા ગજબની છે.

**સિંહ :** કોઈ જાતના ભ્રમમાં ન રહેતા, વાસ્તવિકતાને સ્વીકારજો, રાજકીય લાભ રહે, મનગમતી વ્યકિતને સમજવી.

**કન્યા :** જવાબદારીઓ લેવામાં ઉતાવળ ન કરવી, મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય, ધાર્મિક સંસ્થામાં નોકરી મળે, સ્વસ્થતા કેળવજો.

**તુલા :** રચનાત્મક કાર્યોમાં સફળતા મળવાની છે, તમારા વિચારોને સ્પષ્ટ કરો, નોકરીમાં કાર્યભાર રહેવાનો.

**વૃશ્ચિક :** નવી એજન્સીની ઓફર લાભદાયક રહેશે, વિદેશ જવા માટેના વિઝા મેળવવામાં સફળતા, મિત્રોથી લાભ રહે.

**ધન :** આત્મવિશ્વાસ વધારો, જરૂરથી ધારેલી સફળતા મેળવશો, ભાઈ બહેનોથી સાથ મેળવશો.


**મકર :** મહેનતનું ફળ મળવાનું છે, સવાર કરતા સાંજ વધુ સારી જવાની આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કુંભ :** આર્થિક મુશ્કેલીનો સામનો રહેવાનો છે, પ્રવાસની ઈચ્છા ફળવાની, નિકટના સાથીઓને સમજવા.

**મીન :** ભાઈ બહેનની પ્રગતિ થાય, નોકરીમાં કોઈ સારી ઓફર આવે, ધાર્મિક યાત્ર પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. અક્ષયકુમાર-ટાઇગર શ્રોફની ફિલ્મ (૮)
૬. એક ગ્રહ (૨)
૭. વરાળ-હિન્દી (૨)
૮. જસદણ નજીકનું ગામ (૩)
૯.યુનિફોર્મ (૪)
૧૧. ગુજરાતનું એક નગર (૪)
૧૨. ...ગયા, લિસોટા રહ્યા (૨)
૧૪. ચરક લખો (૩)
૧૬. વધુ પડતો આદર (૪)
૧૮. ઢમઢોલ જેવો શબ્દ (૪)
૨૧. એક રાશિ (૨)
૨૨. તેલ ગરમ કરવાનું વાસણ (૩)
૨૩. મોચી (૩)
૨૫. કંદોઇ-હિન્દી (૪)
૨૮. ...ટુ .... (૨)
૩૦. ગામડાના શાહુકાર માટેનો શબ્દ (૨)
૩૧. ...યંત્ર સાંભળવાનું સાધન (૩)
૩૨. વારંવાર ટોઇલેટ જવું પડે એ કંડીશન (૩)

### ઉભી ચાવી

૨. એક કોલ્ડ્રીંક્સ (૩)
૩. ...ચાહે કોઇ મુજે જંગલી કહે (૨)
૪. આધાર માટેનો ડંકો (૬)
૫. જીતેન્દ્રની એક મદ્રાસની ફિલ્મ (૫)
૮. ઉકેલ (૨)
૯. જયાંથી ગંદુ પાણી વહી જાય (૩)
૧૦. સામ..., ઋણ (૨)
૧૧. ફાઇનલ કરતાં પહેલાનું ફિનિશીંગ (૩)
૧૩. અભિનેતા પ્રભાસની ફિલ્મ (૨)
૧૫. અકોણાઇનો ભાઇ (૪)
૧૬. સ્તબ્ધ, ક્ષુબ્ધ (૪)
૧૭. મહારાષ્ટ્રનું ખાણું : ઝુણકા ... (૩)
૧૯. પેરેલિસિસ (૩)
૨૦. લવજીભાઇ ઇશ્વરભાઇ સંક્ષિપ્ત (૨)
૨૪. પાણીની માટીની 'ગાગર' (૩)
૨૬. સિમ્પટમ્સ (૩)
૨૭. રોઝ (૩)
૨૯. શ્રમ-ઉંધુ લખો (૨)
૩૦. આડી ચાવી નં. ૩૦ મુજબ (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | ય | મ | હે | તા | | ક | બા | ગાં | ધી | નો | ડે | લો | | તે |
| ય | | જા | ત | વા | ન | | જો | | | | ર | | મ | જા |
| ના | મ | | | | | મ | ઠ | | બં | ધે | હા | થ | | બ |
| રા | મ | ન | રા | ઘ | વ | ન | | રા | ડ | | | ડ | ર | |
| ય | મ | | જ | | ર | ન | વે | | લ | | અ | કા | ર | ણ |
| ણ | | | હ | ડ | દા | | ચા | લ | બા | ઝ | | રો | ર | |
| વ્યા | સ | પી | ઠ | | ન | | ણ | | ઝ | | સ | | ર | કત |
| સ | | ન | | ક | | સ | વે | રા | | ક | મ | જો | ર | |
| | | કો | હ | રા | મ | | રો | જ | બ | રો | જ | | ર | વિ |
| ક | મા | ડ | | મ | ગ | જ | | ન | | ડ | | મા | ર | ક |
| | ધુ | | કો | ત | ર | કા | મ | | | પ | ત | વા | ર | |
| મ | રી | ચિ | કા | | મ | ત | દા | ર | | તિ | | મ | ર | ણ |
| ન | દી | | કો | | | | ર | | કા | | સ | લા | ર | |
| | ક્ષિ | | લા | ભ | | કા | | | સ | મુ | રા | ઈ | | જી |
| સુ | ત | ર | | | | કા | ળ | ઝા | ળ | | ઈ | | રા | વ |




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

તા. ૧૩-૫-૨૦૨૪ - સોમવાર ૨૦૮૦
વૈશાખ સુદ-૬ વર્ષ:૩૮ અંક: ૨૨૩
પાના ૧૬ કિંમત રૂા. ૪.૦૦ (સીટી)

સ્થાપક:- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN


R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-RAJKOT

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ

## બુધવાર સુધી વાતાવરણ અસ્થિર રહેશે; છુટાછવાયા ભાગોમાં વરસાદ થશે : ગુરૂ-શુક્ર ફરી હીટવેવ જેવી હાલત

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની આગાહી : તા.૧૬-૧૭ અને ૨૦મીએ તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર થશે

રાજકોટ, તા. ૧૩



આકરા ઉનાળાના સામનો કરી રહેલા ગુજરાતમાં હવે ત્રણ દિવસ વાતાવરણ અસ્થિર બનશે અને છુટાછવાયા ભાગોમાં વરસાદ કે વરસાદી ઝાપટા વરસવાની શકયતા વચ્ચે તાપમાનમાં મામુલી રાહત મળવાની સંભાવના પછી ગુરૂવારથી બે દિવસ ફરી હિટવેવની હાલત સર્જાવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે એકાદ દિવસથી રાજયના અમુક ભાગોમાં વરસાદ પડવા સાથે વાતાવરણ બદલાયાનું માલુમ પડયું છે રવિવારે આ મહતમ તાપમાન નોર્મલથી ૧ ડિગ્રી ઉંચુ અથવા ૧ ડિગ્રી નીચું રહ્યું હતું. રાજયમાં હાલ નોર્મલ તાપમાન ૪૧ થી ૪૨ ડિગ્રી ગણાય છે. તેની સરખામણીએ અમદાવાદમાં ૪૧.૭ ડિગ્રી હતું જે નોર્મલ હતું. જયારે રાજકોટમાં ૪૧.૫ ડિગ્રી હતું જે નોર્મલ કરતા એક ડિગ્રી વધુ હતું. ભુજનું તાપમાન ૩૮.૩ ડિગ્રી નોંધાયુ હતું જે નોર્મલ કરતા ૧ ડિગ્રી નીચુ હતું ત્યારે સુરેન્દ્રનગરનું મહતમ તાપમાન ૪૨ ડિગ્રી નોર્મલના સ્તરે રહ્યું હતું.

તા.૧૩ થી ૨૦ મેના સમયગાળાની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે તા.૧૫ મે અર્થાત બુધવાર સુધી તાપમાન નોર્મલની આસપાસ જ રહેવાની સંભાવના છે. જોકે આ દરમ્યાન વાતાવરણમાં અસ્થિરતા વધશે અને છુટાછવાયા વિસ્તારોમાં એકાદ બે દિવસ હળવા ઝાપટા કે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત સહિત રાજયના મોટા ભાગના વિસ્તારોમાં અસ્થિરતાનો માહોલ જોવા મળી શકે છે.

તા.૧૬ અને ૧૭ અર્થાત ગુરૂ અને શુક્રવારે ફરી વખત તાપમાનનો પારો વધશે અને નોર્મલ કરતા ઉંચે પહોંચી જશે. મહતમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે અને કેટલાક સેન્ટરોમાં પારો ૪૩ ડિગ્રીને પાર કરી જશે. ૧૬-૧૭ ઉપરાંત ૨૦મી મેના રોજ તાપમાન વધુ રહેવાની સંભાવના છે.

આગાહીના સમયગાળા દરમ્યાન પવન મુખ્યત્વે પશ્ચિમ અને ઉતર પશ્ચિમમાં રહેશે. તા.૧૫ મે સુધી પવનની ગતિ ૧૫ થી ૨૦ કિ.મી.ની રહેશે. જયારે સાંજથી જોર વધશે અને ઝાટકાના પવન ૨૫ થી ૩૫ કિ.મી.ની ઝડપે ફુંકાશે. પવન ફરતા રહેશે. ૧૫મી મે બાદ પવનની ગતિ ૧૫ થી ૨૦ કિ.મી. રહેશે પરંતુ ઝાટકાના પવનની ગતિ ઘટીને ૨૦ થી ૨૫ કિ.મી. થઇ જશે.

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯









# પુષ્કરધામ મેઈન રોડ પર દુકાનના બાથરૂમમાં વેપારીનો ઝેરી દવા પી આપઘાત

## શહેરના એક એડવોકેટે ફર્જી કાગળમાં ગામના મકાનના ડોક્યુમેન્ટમાં સહી કરાવી લેતા વેપારી અનિલભાઈ દેસાણીને પોતાની મિલ્કત પચાવી પાડશે તેવા ભયથી કંટાળી સ્યુસાઈડ નોટ લખી અંતિમ પગલુ ભરી લીધુ: યુનિ. પોલીસ દોડી ગઈ



રાજકોટ તા.૧૩

પુષ્કરધામ મેઈન રોડ પર આવેલ અનાજ કરીયાણાની દુકાનના બાથરૂમમાં જઈ ૬૩ વર્ષીય વેપારી અનિલભાઈ સેદાણીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક પાસેથી મળેલ સ્યુસાઈડ નોટમાં શહેરના એક વકીલે સાણથલી ગામમા આવેલ મકાનના ડોકયુમેન્ટના ફર્જી કાગળમાં સહી કરાવી લીધા બાદ વેપારીને પોતાના મકાન અને દુકાન એડવોકેટ પડાવી લેશે તેવા ભયથી પગલુ ભરી લીધાનું જણાવ્યું હતું. બનાવ અંગે જાણ થતા યુનિ. પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ જામનગર રોડ પર નવી કોર્ટ પાછળ અમી હાઈટસમાં રહેતા અનિલભાઈ પ્રાણજીવનભાઈ સેદાણી ઉ.વ.૬૩ આજે સવારે તે તેના નાના ભાઈ પ્રવિણભાઈ ઉર્ફે બકુલભાઈ સાથે પોતાની પુષ્કરધામ મેઈન રોડ પર આવેલ સદગુરુ પ્રોવિઝન સ્ટોર પર ગયા હતા જે બાદ તેઓએ તેમના ભાઈને દાઢી કરાવવા માટે જવુ હતુ તેમ કહી નીકળ્યા હતા. બાદમાં તેઓ દુકાને આવી બાથરૂમમાં ગયા હતા. જયાં તેઓએ ઝેરી સેલફોસનો પાવડર પી લીધો હતો. બાદમાં તેઓ ઉલ્ટી કરવા લાગતા તેના ભાઈને ઝેરી દવા પીધાનું જણાવ્યું હતું. તેઓને તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનુ પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે યુનિ. પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં જાણવા મળેલ વિગત મુજબ મૃતક અનિલભાઈ છ ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતા. તેઓ તેમના ભાઈ સાથે ભાગીદારીમાં ફલેટ અને દુકાન ધરાવતા હતા તેમજ તેઓને જસદણના સાણથલી ગામે એક મકાન આવેલુ હતું. જે ૧૦ વર્ષ પહેલા એક પરિવારને કુળદેવીનું મંદિર બનાવવા માટે રૂા.૧.૩૫ લાખમાં વહેંચી નાખ્યુ હતું. બાદમાં વર્ષ ૨૦૨૩ના ઓગષ્ટ મહિનામાં શહેરના એક એડવોકેટ તેમની પાસે આવેલ હતા અને તેઓને કહ્યું હતું કે તમે જે મકાન વહેંચ્યુ છે તેમાં એક ટ્રસ્ટ બનાવવું છે તેમ કહી બોગસ કાગળો પર તેમની સહી કરાવી લીધી હતી. તેમજ તેના કાગળો એક અઠવાડીયામાં મળી જશે તેવુ કહ્યું હતું જે બાદ તે કાગળો મૃતકને ગયા માર્ચ મહિનામાં મળ્યા હતા અને તેઓએ તપાસ કરતા તે કાગળો ફર્જી હોવાનું જાણવા મળતા તેઓ છેલ્લા બે માસથી ચિંતામાં હતા કે તેમની પાસે સહી કરાવી જનાર એડવોકેટ તેમની દુકાન અને મકાન પચાવી પાડશે. જેથી અંતે કંટાળીને સ્યુસાઈડ નોટ લખી અંતિમ પગલુ ભરી લીધુ હતું. મૃતક અપરણીત હતા, બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

### ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ

# સીવીલ કેમ્પસમાં દારૂની મહેફીલ માણતી મહિલાઓ ઝડપાયા બાદ પોલીસનું કોમ્બીંગ

## પ્રનગર પોલીસે કોમ્બીંગ હાથ ધર્યુ અને સીવીલની સીકયુરીટી ખુણે ખુણે ચેકીંગ કરવા માંડી: કરોડોનો ખર્ચ સીકયુરીટી પાછળ કરવામાં આવતો હોવા છતાં પણ અસામાજીક તત્વો સીવીલ કેમ્પસમાં બેફામ બને છે

રાજકોટ તા.૧૩

સૌરાષ્ટ્રની સૌથી મોટી સીવીલ હોસ્પીટલ જાણે દારૂ પીવાનો અડ્ડો બની ગયું હોય તેમ ગઈકાલે બે મહિલા સીવીલના કેમ્પસમાં સરાજાહેર દારૂની મહેફીલ માણતી હોય તેવો વિડીયો વાયરલ થયો હતો. જે બાદ પ્રનગર પોલીસ મથકની ટીમ સીવીલ હોસ્પીટલે દોડી ગઈ હતી અને વિડીયોમાં દેખાતી બંને મહિલાની ધરપકડ કરી દારૂની પોટલીઓ કબ્જે કરી ગુન્હો નોંધ્યો હતો.

પોલીસની પુછતાછમાં પોતાનું નામ હંસાબેન તુલસી પરમાર રહે. જયુબીલી, પોરબંદર અને રેવાબેન કનુ પરમાર રહે. ઉપલેટા હોવાનું જણાવ્યું હતું. બંનેના કોઈ સંબંધી હોસ્પીટલમાં સારવાર હેઠળ ન હતા. પરંતુ હોસ્પીટલ કેમ્પસમાં ચાલતા અન્નક્ષેત્રમાં જમવા માટે આવી હતી અને દારૂ પીવાની ટેવ હોવાથી કોઈ પાસે મંગાવ્યો હતો. જે તેમને દારૂ હોસ્પીટલની અંદર જ સપ્લાય કરી ગયો હતો.

સીવીલ કેમ્પસમાં દારૂની મહેફીલ માણતી મહિલા ઝડપાયા બાદ પ્રનગર પોલીસે સીવીલ કેમ્પસ અને આસપાસના વિસ્તારમાં કોમ્બીંગ હાથ ધર્યુ હતું. તેમજ સીવીલની સીકયુરીટી ટીમે પણ સીવીલ કેમ્પસમાં ખુણે ખુણે ચેકીંગ હાથ ધર્યુ હતું.

સીવીલ તંત્ર દ્વારા સીકયુરીટી પાછળ કરોડોનો ધુંવાડો કરવામાં આવે છે પરંતુ સીકયુરીટી પર સીવીલ તંત્રના કયા ઉચ્ચ અધિકારીના હાથ છે કે દર્દીઓ માટે બનેલી સીવીલ હોસ્પીટલ આવારાતત્વોનો અડ્ડો બની ગયો છે.

### અગાઉ હોસ્પીટલના કેમ્પસમાંથી દારૂની પેટી મળી હતી

સીવીલ કેમ્પસ બુટલેગરો માટે સ્વર્ગસમાન હોય તેમ અગાઉ પણ હોસ્પીટલના ગેટ પાસેથી વિદેશીદારૂની પેટી સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હોસ્પીટલ તંત્ર કડક સીકયુરીટી માટે કરોડો રૂપિયાનું આંધણ કરતી હોય છતાં પણ બુટલેગરો માટે સીવીલની સીકયુરીટી આંખ આડા કાન કરતી હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

# દુકાન બંધ કરાવવાનું કહીં વેપારી પિતા-પુત્ર પર બે શખ્સોનો હુમલો: માથા ફોડી નાંખ્યા

## બાલાજી હોલની પાછળ આર.એમ.સી. આવાસ કર્વાટર પાસેનો બનાવ: અબ્દુલ પરમાર અને તેના પુત્ર પર શાહરૂખ જુણેજા અને કરણ બોરીચા પાઈપ અને સોડા બોટલથી તૂટી પડ્યા

રાજકોટ. તા.૧૩

બાલાજી હોલની પાછળ આર.એમ.સી. આવાસ કર્વાટરમાં દુકાન બંધ કરાવવાનું કહીં વેપારી પિતા-પુત્ર પર શાહરૂખ જુણેજા અને કરણ બોરીચાએ પાઈપ અને સોડા બોટલથી હુમલો કરતાં પિતા-પુત્રના માથા ફોડી નાંખ્યા હતાં. ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે બાલાજી હોલની પાછળ ગોવિંદરત્ન બંગલોની સામે આર.એમ.સી. આવાસ કર્વાટરમાં રહેતાં અબ્દુલભાઇ ગફારભાઈ પરમાર (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શાહરૂખ ઓસમાણ જુણેજા અને કરણ બોરીચાનું નામ આપતાં તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### ઈજાગ્રસ્ત પિતા-પુત્રને સારવારમાં ખસેડાયા: તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવાં તજવીજ આદરી

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે તેમનો બહેનના ઘરે રહે છે અને ક્વાર્ટર બહાર તેમની બહેનની આવેલ કરીયાણાની દુકાન તે સાંભળે છે. સાત વર્ષ અગાઉ તેમને પત્ની સાથે છુટાછેડા થયેલ છે. ગઈકાલે સબંધીના લગ્નપ્રસંગમા થાન ગયેલ અને ત્યાંથી પરત ફરતો હતો ત્યારે તેમના દિકરા અરમાનનો ફોન આવેલ કે, રાજકોટ નાનામૌવા સર્કલ પાસે આરએમસી કર્વાટરમાં રહેતો શાહરૂખ જુણાજ તથા તેનો મિત્ર કરણ બોરીચા આપણી કરીયાણાની દુકાને આવેલ અને બોલાચાલી ઝઘડો કરી જતા રહેલ છે. જેથી તેઓ દુકાન પર ગયેલ અને પુત્રને પુછતા જણાવેલ કે, આ શાહરૂખ આપણી દુકાને આવી ધમકીઓ મારતો હતો કે, તમારી દુકાન બંધ કરી દેજો તેમ કહી અગાઉના ઝઘડાનો જુનો ખાર રાખી ઝઘડો કરવા આવેલ હતો.

બાદમાં સાંજના સમયે શાહરૂખ અને તેનો મિત્ર કરણ બોરીચા સહિતના લોકો પાઇપ સાથે ઘસી આવી પિતા-પુત્રને ગાળાગાળી કરી માર મારવા લાગેલ હતાં. દરમિયાન શાહરૂખે પાઈપથી હુમલો કરી માથાના પાછળના ભાગે ઘા કરતાં જમીન ઉપર પડી ગયેલ અને માથામાંથી લોહી નિકળવા લાગેલ હતું. છતાં શાહરૂખ ઢીકાપાટુનો માર મારતો હોય જેથી તેમનો દિકરો વચ્ચે પડતા તેને પણ ધક્કો મારી બોલવા લાગેલ કે, બન્ને બાપ દિકરાને જીવતા છોડવા નથી તેમ કહી ગાળો બોલવા લાગેલ અને શાહરૂખ કાચની સોડા બોટલ લાવેલ અને માથાના ભાગે અને આંખ પાસે તેમના પુત્ર અરમાનને ઘા ઝીંક્યા હતાં. જેથી બંને પિતા-પુત્ર જમીન ઉપર પડી ગયેલ હતાં.

દરમિયાન તેઓ તેના પુત્રને બચાવવા જતાં શાહરૂખ અને કરણ બોરીચાએ લોખંડના પાઇપ વડે માર મારવા લાગેલ હતાં. બાદમાં ત્યાં લોકો એકઠાં થતાં આરોપી નાસી છૂટ્યા હતાં. બાદમાં બંને પિતા-પુત્રને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એલ.બી.ડીંડોર અને સ્ટાફે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# પીજીવીસીએલના કોન્ટ્રાકટર અનિલભાઈ સુરૂનું અકસ્માતમાં મોત

## ગોંડલ-વાસાવડ રોડ પર મેઘપર ગામના પાટીયા પાસે આઈસરે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો : મૃતક ગોંડલના બિલડી ગામના વતની હતા, વીજ કંપનીમાં વાહનનો કોન્ટ્રાકટ ધરાવતા

રાજકોટ, તા.૧૩

ગોંડલના બિલડી ગામમાં રહેતા અને પીજીવીસીએલમાં કોન્ટ્રાકટ ધરાવતા અનિલભાઈ સુરૂનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું. ગઈકાલે ગોંડલ-વાસાવડ રોડ પર મેઘપર ગામના પાટીયા પાસે આઈસરે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અંગે મૃતકના ભાઈએ આઈસર ચાલક સામે ફરિયાદ આપતા આટકોટ પોલીસે ગુનો નોંધ્યો છે.

બનાવની વિગત મુજબ મૂળ બિલડીના અને હાલ રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ સુખસાગર સોસાયટી સાગર કોમ્પલેક્ષમાં રહેતાં સમથભાઈ ખીમરાજભાઈ સુરૂ (ઉ.વ.૩૮)એ ફરિયાદમાં જણાવ્યું કે, અમે ત્રણ ભાઈઓ છીએ, જેમાં સૌથી મોટો હું છું અને બીજા નંબરના અનિલભાઈ ખિમરાજભાઈ સુરૂ (ઉ.વ.૩૪ રહે.બિલડી તા.ગોંડલ) જે મૃત્યુ પામ્યા છે. તેને પીજીવીસીએલમાં ફોર વ્હીલનો કોન્ટ્રાકટ છે. તેમને સંતાનમાં એક દિકરી છે. વધુમાં જણાવ્યું કે, ગઈકાલે બપોરનાં એકાદ વાગ્યાના આસપાસ હું બિલડી ગામે હતો. ત્યારે અમારા ગામના નિતિનભાઈ કનાભાઈ ચાંચિયા અમારા ઘરે આવેલ અને જણાવેલ કે, તમારા નાનાભાઈ અનિલનું ગોંડલ-વાસાવડ રોડ પર મેઘપર ગામના પાટીયા પાસે અકસ્માત થયેલ છે. જેથી હું તુરંત જ મારા પિતા તેમજ મારા કાકા રામભાઈને લઇને મેઘપર ગામના પાટીયા પાસે પહોચેલ. ત્યાં જોયેલ તો મારો નાનો ભાઈ રોડ ઉપર પડેલ હતો. અને તેની બાજુમાં તેનું બાઈક રોડ ઉપર પડેલ હતુ. જેના રજી.નં.- જી.જે.-૦૩-એફ.જે.-૧૧૩૪ છે.અને એક બ્લુ કલરનું આઇસર વાહન પણ ત્યાં રોડ ઉપર પડેલ હતું. મને આજુબાજુમાંથી અન્ય માણસો પાસેથી જાણવા મળેલ કે, આ આઇસર વાળાએ મારા ભાઈના બાઈકને ટક્કર મારતા મારો ભાઈ રોડ ઉપરથી નીચે પડી જતા માથામાં તેમજ શરીરે ગંભીર ઇજાઓ થતાં મોત નિપજ્યું હતું. ત્યાર બાદ અનિલના મૃતદેહનું સાણથલી સરકારી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું. જ્યાં ડોકટરે મૃતદેહને તપાસતા મારા ભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત થયાનું જણાવ્યું હતું. આ આઇસરનો ચાલક પોતાનું આઇસર મુકીને અહીંથી ભાગી ગયેલ હતો. જેથી જી.જે. ૩ એએક્ષ ૮૮૭૫ નંબરના આઇસર ચાલક સામે આટકોટ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા તેની ધરપકડ કરવા પોલીસે તજવીજ હાથ ધરી હતી.

### રાજકોટમાં સુખસાગર સોસાયટીમાં રહેતા મૃતકના ભાઈ સમથભાઈ સુરૂએ આઈસર ચાલક વિરૂદ્ધ ફરિયાદ આપતા, આટકોટ પોલીસે ગુનો નોંધ્યો

# ખોખડદડ નદીના પુલ પાસેથી ૧૩ વર્ષની સગીરાનું અપહરણ

## અજાણ્યો શખ્સ તરૂણીને લલચાવી-ફોસલાવી દુષ્કૃત્યના ઈરાદે ભગાડી ગયો: આજીડેમ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ તા.૧૩

ખોખડદડ નદીના પુલ પાસેથી ૧૩ વર્ષની તરૂણીને અજાણ્યો શખ્સ લલચાવી-ફોસલાવી દુષ્કૃત્યના ઈરાદે અપહરણ કરી નાસી છુટતા આજીડેમ પોલીસે ગુન્હો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.બનાવ અંગે ખોખડદડ નદીના પુલ નજીક રહેતા શ્રમિકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓની ૧૩ વર્ષની સગીર વયની પુત્રી ગઈ તા.૧૦ના ઘરે હતી ત્યારે ધસી આવેલા કોઈ અજાણ્યા શખ્સે તેમની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી નાસી છુટયો હતો. જે અંગે પરિવારજનોએ તેમની પુત્રીની શોધખોળ હાથ ધરતા તે કયાંય મળી ન આવતા અંતે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અપહરણની કલમ હેઠળ ગુન્હો નોંધી પીએસઆઈ એચ.જે.સોલંકી સહિતના સ્ટાફે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### એકના એક પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત

# નિકાવા પાસે તળાવમાં ન્હાવા ગયેલા ૨૧ વર્ષીય દેવ ભરડાનું ડુબી જતા મોત

## ગઈકાલે દેવ તેના મિત્રો સાથે પીપળી ગામે તળાવમાં ન્હાવા ગયા બાદ, ઊંડા પાણીમાં ગરકાવ થતાં તેને બહાર કાઢી સારવારમાં ખસેડતા દમ તોડી દીધો હતો



રાજકોટ, તા.૧૩

નિકાવા નજીક ન્હાવા ગયેલા ૨૧ વર્ષીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. દેવ ભરડા તેના મિત્રો સાથે પીપળી ગામે ન્હાવા ગયો હતો. જ્યાં તળાવમાં યુવક ગરકાવ થતાં શ્વાસ થંભી ગયા હતા.

બનાવની વિગત મુજબ, મૃતક દેવ કરશનભાઈ ભરડા (ઉ.વ. ૨૧) ગઈકાલે બપોરે તેના મિત્રો સાથે પીપળી ગામે તળાવમાં ન્હાવા ગયો હતો. તે તળાવમાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. તેની સાથેના અન્ય મિત્રો જોઈ જતા તેને બચવવા પ્રયત્ન કર્યો હતો. મિત્રોએ દેવને પાણી બહાર કાઢ્યો હતો. ત્યારે તે બેભાન હાલતમાં હોવાથી દેવના નજીકના મિત્ર પરેશને ફોન કરી તત્કાલ વાહન લઈને તળાવે આવવા જણાવ્યું હતું. પરેશ વાહન લઈ પહોંચતા દેવને તત્કાલ મેટોડાની ઓમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત ગંભીર જણાતા ડોકટરની સલાહ મુજબ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. અહીં ફરજ પરના તબીબે જોઈ-તપાસી દેવને મૃત જાહેર કર્યો હતો.

આ તરફ બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો રાજકોટ દોડી આવ્યા હતા. કાલાવડ તાલુકા પોલીસનો સ્ટાફ પણ રાજકોટ સિવિલ હોસ્પિટલે દોડી આવ્યો હતો. મૃતદેહને પીએમ અર્થે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી. પરિવારજનો અને મૃતકના મિત્રોએ જણાવ્યા મુજબ, દેવ જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના કુકસવાળા ગામનો વતની હતો. તે છેલ્લાં બે મહીનાથી નીકાવા ગામે આવેલ અવધ નમકીનમાં મજુરી કામ કરતો હતો અને ત્યાં જ કંપનીના રૂમમાં રહેતો હતો. તે એક ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હતો. પરિવારે એકનો એક પુત્ર ગુમાવતા ભારે કલ્પાંત છવાયો હતો.

### મૃતક મૂળ જૂનાગઢના માળિયા નજીક કુકસવાળા ગામનો વતની, તે કાલાવાડના નિકાવા પાસે અવધ નમકીનમાં મજૂરી કરતો અને ત્યાં જ રહેતો

# દુષ્કર્મની પીડિતાની રદ કરેલ ભરણપોષણની અરજી રિસ્ટોર કરવાનો હુકમ કરતી હાઈકોર્ટ

## બનાવ બાદ ભોગ બનનારે બાળકને જન્મ આપતા યુવતીએ પોતાના અને તેના બાળક માટે રાજકોટની ફેમિલી કોર્ટમાં ભરણપોષણની અરજી કરેલી



ચેતન વિઠ્ઠલાપરા
એડવોકેટ

રાજકોટ, તા.૧૩

રાજકોટની દુષ્કર્મનો ભોગબનનાર યુવતીએ બાળકને જન્મ આપેલ તેથી ભોગબનનારે પોતાના અને તેના બાળક માટે રાજકોટની ફેમિલી કોર્ટમાં ભરણપોષણની અરજી કરી હતી. જે પ્રિ-હિયરીંગ સ્ટેજમાં રાજકોટની કોર્ટ દ્વારા સી.આર.પી.સી. કલમ ૧૨૫ની જોગવાઈનું પાલન ન થતું હોય તેથી રદ કરેલ હતી.

ત્યારબાદ ભોગબનનાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતા, હાઈકોર્ટે ઘટનાની હકીકત, કાયદાઓની જોગવાઈ જોઈ ફેમીલી કોર્ટ દ્વારા કરેલ હુકમ રદ કરી સી.આર.પી.સી. કલમ ૧૨૫ મુજબની કાર્યવાહી છ મહિનામાં પુર્ણ કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં અરજદાર તરફે મહત્વના ચુકાદાઓ હાજર રાખી, વિશેષ ધારદાર દલીલો કરી હતી, ભોગબનનાર યુવતી વતી વિઠ્ઠલાપરા સોલિસિટર્સ એન્ડ એડવોકેટસના વકીલ ચેતન વિઠ્ઠલાપરા, સાગર સરવૈયા, લવજી ભજગોતર, વિજય વણઝારા, કિરીટ ગોહિલ, જયદીપ બથવાર, સંજય ચાવડા, ભાવેશ જેઠવા, પી. બી. જેઠવા, એમ. એમ. રાઠોડ તેમજ મદદનીશ તરીકે કિશન ભીમાણી, જેનીલ ચૌહાણ, સુરેશભાઈ કરકર, આર. કે. દેત્રોજા, એસ.સી.વિઠ્ઠલાપરા,એચ.એસ.વિઠ્ઠલાપરા રોકાયેલ હતા.

### ઓખા સ્પેશ્યલ ટ્રેનમાંથી રેલ્વે કર્મીનો મોબાઈલ સાથેનું પર્સ ચોરાયું

ઓખા સ્પેશ્યલ ટ્રેનમાંથી રેલ્વે કર્મીનો મોબાઈલ સાથેનું પર્સ ચોરાતા રેલ્વે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે વડોદરામાં હરણી રોડ પર સંગમ સોસાયટીમાં રહેતાં નિતીન જગદીશભાઈ (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સિકંદરાબાદ ખાતે રેલ્વેમાં નોકરી કરે છે. ગઈ તા.૧૩/૦૪/૨૦૨૪ ના વડોદરાથી સાંજના ઓખા સ્પેશ્યલ ટ્રેનમાં મુસાફરી કરતા દ્વારકા જવાનું હોવાથી ટ્રેનનાં આગળના ત્રીજા જનરલ કોચમાં બેસી મુસાફરી કરતા જતા હતા દરમ્યાન તા.૧૪/૦૪/૨૦૨૪ ના સવારના ટ્રેન રાજકોટ રેલ્વે સ્ટેશન આવેલ તે દરમ્યાન સીટ ઉપર માથાની બાજુમાં રાખેલું નાનું લેડીઝ પર્સ જોવામાં આવેલ નહીં. એક મોબાઈલ હતો. જે અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ જતાં ફરીયાદ નોંધાવી હતી

# ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડ નં.૨ પ્રમુખ ભરતભાઈ ડેરૈયાનો આજે જન્મદિવસ



રાજકોટ: ભાજપ શહેર બક્ષીપંચ મોરચાના વોર્ડ નં.૨ પ્રમુખ ભરતભાઈ ડેરૈયાનો આજે જન્મદિવસ છે. તેઓએ ૪૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ કાઠી દરબાર સમાજમાંથી આવે છે. છેલ્લા ૧૫ વર્ષથી ભાજપમાં સક્રિય કાર્યકર્તા છે. તેઓ અગાઉ વોર્ડ નં.૨ બક્ષીપંચ મોરચાના મહામંત્રી અને વિધાનસભા-૬૯ના આઇટી સેલના બક્ષીપંચ મોરચામાં સેવા આપી ચુક્યા છે. ઉપરાંત વોર્ડ નં.૨ કિશાન મોરચાના કારોબારી પણ રહી ચૂક્યા છે. ચૂંટણી દરમિયાન વોર્ડ નં.૨માં બુથ સહ ઇન્ચાર્જ તરીકેની જવાબદારીનું વહન કરી ભાજપ તરફી વધુ વધુ મતદાન કરાવવા પ્રયત્નો કર્યા હતા. તેઓ મોદી સ્કૂલ (૧૫૦ ફૂટ રિંગ રોડ) સ્કૂલ વેન એસો.ના પ્રમુખ પણ છે. આજે તેમના જન્મ દિવસે આગેવાનો, કાર્યકરો, સ્નેહીજનો મો.નં. ૯૯૭૮૯ ૦૦૦૯૯ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## શ્રીનગર

(પહેલા પાનાનું ચાલું)

૪૦.૩૮ ટકા, ઉત્તર પ્રદેશમાં ૩૯.૬૮ ટકા મતદાન નોંધાયું હતું.

ચોથા તબકકાની બેઠકોમાં આંધ્ર પ્રદેશની તમામ ૨૫, ઉત્તર પ્રદેશની તમામ ૨૫, ઉત્તર પ્રદેશની ૧૩, તેલંગણાની ૧૭, મહારાષ્ટ્રની ૧૧, મધ્ય પ્રદેશની ૮, પશ્ચિમ બંગાળની આઠ, બિહારની પાંચ, ઝારખંડ-ઓડિશાની ૪-૪ તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે. સવારે સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ થતા જ અનેક સ્થળોએ મતદારોની લાઇનો લાગવામાં આવી હતી. ઓડિશામાં અનેક સ્થળોએ ઇવીએમ ખોટકાતા વ્યાપક ઉહાપોહ સર્જાયો છે.

આંધ્ર પ્રદેશમાં વાયએસઆર સીપીના ધારાસભ્ય તથા મતદાર વચ્ચે માથાકૂટ થતા ધારાસભ્યએ લાફો મારી દીધો હતો.

પશ્ચિમ બંગાળમાં ટીએમસી કાર્યકર્તાઓએ માથાકુટ થતાં નારેબાજી કરી હતી. ગઇરાત્રે બોંબ હુમલામાં ટીએમસીના એક કાર્યકરની હત્યા થઇ હતી.

આજના મતદાનના ગરમીમાં થોડી રાહત હોવાથી મતદાન વધવાનો ચૂંટણી પંચે આશાવાદ દર્શાવ્યો હતો. ચૂંટણી શાંતિપૂર્ણ રહે તે માટે સર્વત્ર જડબેસલાક બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

## હંગામા

(પહેલા પાનાનું ચાલું)

બદલામાં નોટ ન મળ્યાનું બહાર આવ્યું છે.

૫ હજાર દેવાનો વાયદો નેતાએ કર્યો હતો: પલનાડુના સતનપલ્લીમાં ૧૮માં વોર્ડમાં મતદાતાઓએ જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે ફરિયાદ કરી હતી કે વોટના બદલામાં નોટ આપવાની વાત થઈ હતી પણ હજુ સુધી એક રૂપિયા પણ નથી મળ્યો. ખબર છે કે પાર્ટીના સમર્થકોએ કથિત રીતે દરેક વોટના બદલામાં પાંચ હજાર રૂપિયા આપવાનો વાયદો કરાયો હતો પણ રૂપિયા ન મળવાથી કેટલીક મહિલાઓએ પીઠાપુરમમાં પણ એક ઉમેદવારની કાર્યાલયની સામે મતદારોએ જોરદાર નારાબાજી કરી હતી. ઓંગલમાં પણ કથિત રીતે એક વોટ માટે ૫ હજાર આપવામાં આવેલા.

# એસ્ટ્રોન ચોકમાં વહેલી સવારે હિટ એન્ડ રન : બેફામ સ્પીડમાં કારે રીક્ષાને હડફેટે લીધી : એકનું મોત : બે ઘાયલ

### મૃતક મહેશ રાઠવા મોદી સ્કૂલમાં માળી કામ કરતો, રામાપીર ચોકડીએ રહેતો રીક્ષા ચાલક દીપક શર્મા અને પેસેન્જર ઉપેન્દ્રભાઈ જાદવ સારવાર હેઠળ

રાજકોટ, તા.૧૩

શહેરના એસ્ટ્રોન ચોકમાં વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં બેફામ સ્પીડમાં કારે રીક્ષાને હડફેટે લેતા એક વ્યકિતનું મોત થયું હતું, જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. મૃતક મહેશ રાઠવા મોદી સ્કૂલમાં માળી કામ કરતો હતો. જયારે રામાપીર ચોકડીએ રહેતો રીક્ષા ચાલક દીપક શર્મા અને પેસેન્જર ઉપેન્દ્રભાઈ જાદવ સારવાર હેઠળ છે. કોઈ યુવતી કાર ચલાવતી હોવાની શંકા રીક્ષા ચાલકે દર્શાવી છે, જેના આધારે એ. ડીવિઝન પોલીસે ગુનો નોંધી અજાણી કારની શોધખોળ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ દીપક પ્રદીપભાઈ શર્મા (ઉ.વ.૨૬, રહે.રામાપીર ચોકડી) નામનો રિક્ષા ચાલક આજે સવારે પાંચેક વાગ્યાની આસપાસ મુસાફરોને લઈને રિક્ષામાં જતો ત્યારે એસ્ટ્રોન ચોક પાસે પહોંચતા અજાણ્યા કાર ચાલકે રિક્ષાને હડફેટે લીધી હતી. જેમાં રિક્ષા ચાલક દીપકભાઈ શર્મા, ઉપેન્દ્રભાઈ ગુહાડીરાય જાદવ(ઉ.વ.૨૪, રહે.કિશાન ગેટ મેટોડા જીઆઇડીસી) તેમજ મહેશભાઈ કાળુભાઈ રાઠવા (ઉ.વ.૪૫)ને ઈજાઓ પહોંચી હતી. બાદ તુરંત ૧૦૮ મારફતે બધાંને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં મહેશભાઈ રાઠવાને ગંભીર ઈજાઓ પહોંચતા ટૂંકી સારવારમાં મોત નિપજ્યું હતું. મૃતક છોટાઉદેપુરથી રાજકોટ આવ્યાં હતા. અને રિક્ષામાં બેસીને કાલાવડ રોડ પર આવેલ ઈશ્વરિયા નજીકની મોદી સ્કૂલ ખાતે જતા હતા. દરમિયાન અકસ્માત સર્જાયો હતો. અને સારવારમાં દમ તોડી દિધો હતો. મૃતક મોદી સ્કૂલમાં માળીની નોકરી કરતો હતો. તેઓને સંતાનમાં ૧ દીકરો ૨ દીકરી છે. જયારે રિક્ષામાં અન્ય સવાર લોકો સારવાર હેઠળ છે. બનાવની જાણ એ. ડિવિઝન પોલીસને થતાં તુરંત દોડી ગઈ હતી. અકસ્માત સર્જી ફરાર થયેલી અજાણી કારની શોધખોળ હાથ ધરી હતી.



મૃતક મહેશનો ફાઈલ ફોટો અને તેનો મૃતદેહ,

સારવારમાં રહેલ દિપક અને ઉપેન્દ્ર

### કોઈ યુવતી કાર ચલાવતી હોવાની શંકા રીક્ષા ચાલકે દર્શાવી, એ. ડીવિઝન પોલીસે ગુનો નોંધી અજાણી કારની શોધખોળ હાથ ધરી

### પીએમે ગુરૂદ્વારામાં માથુ ટેકવ્યું, રોટલી વણી, લંગર પ્રસાદ પીરસ્યો

# બિહારમાં મોદી અચાનક પટણા સાહિબ ગુરૂદ્વારા પહોંચતા રાજકારણ ગરમાયું

## રાજદ, કોંગ્રેસ અને ઇન્ડી એલાયન્સને કોઇએ ભૂલથી પણ મત આપ્યો તો તે બેકાર જશેઃ મોદીના હાજીપુરમાં વિપક્ષો પર પ્રહારો

પટણા (બિહાર), તા.૧૩

વડાપ્રધાન મોદી હાલ બિહારના બે દિવસના પ્રવાસે છે. અહીં તેમણે બે કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો. આજે વડાપ્રધાન મોદી અચાનક પટના સાહિબ પહોંચ્યા હતા, જ્યાં તેમણે ગુરુદ્વારામાં માથુ ટેકવીને લંગર સેવા પણ કરી હતી, જેને લઇને બિહારમાં રાજકારણ ગરમાયું છે.

બિહારની પાંચ લોકસભા સીટ પર મતદાન ચાલુ છે. દરમ્યાન વડાપ્રધાન મોદી અચાનક પટના સાહિબ પહોંચ્યા હતા. અહીં તેમણે ગુરુદ્વારામાં માથુ ટેકવ્યા બાદ એવું કર્યું હતું કે જેની ચર્ચા દેશભરમાં થવા લાગી હતી. ગુરુદ્વારામાં પીએમ મોદીનો બિલકુલ અલગ અંદાજ જોવા મળ્યો હતો. ગુરુદ્વારામાં માથુ ટેકવ્યા બાદ મોદીએ અહીં લંગર સેવામાં પણ ભાગ લીધો હતો. જેમાં તે ભોજન પીરસતા જોવા







મળ્યા હતા. જેની તસ્વીરો-વીડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા.

વડાપ્રધાનની ગુરુદ્વારાની મુલાકાતની તસ્વીરો ભાજપે સોશ્યલ મીડિયામાં વાયરલ કરતાં લખ્યું, સતગુરુની સેવા સફળ છે, જે કો કરે ચિત લાએ, ગુરુદ્વારામાં વડાપ્રધાને રોટલી પણ વણી હતી.

ગુરુદ્વારાની વડાપ્રધાને મુલાકાત લીધી ત્યારે પીએમ મોદીનું શિખ સમુદાયના લોકોએ સ્વાગત કર્યું હતું. આ તકે વડાપ્રધાન મોદીનું શિખ સમુદાયના લોકોએ સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાનને અંગ વસ્ત્ર શ્રીરૂપ સહિત પુષ્પ ગુચ્છ દઇને સન્માનિત કરાયા હતા.

આ તકે હાજીપુરમાં વડાપ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે આ પ્રથમ લોકસભા ચૂંટણી છે જે અમારા મિત્ર સ્વ. રામ વિલાસ પાસવાનની ગેરહાજરીમાં લડાઇ રહી છે. અમે હાજીપુર માટે રામ વિલાસ પાસવાનના સપનાને પુરું કરવા પ્રતિબદ્ધ છીએ. ચાર જુન બહુ દુર નથી. ચૂંટણી પરિણામો ફરી એકવાર મોદી સરકાર કહેશે. રાજદ, કોંગ્રેસ અને ઇન્ડી એલાયન્સને તરલેચૂકે પણ મત આપ્યો તો તે વોટ બેકાર જવાનું નક્કી છે. બિહારના લોકો ઘણા સમજદાર છે.

# કાળઝાળ ગરમી બાદ આજથી પાંચ દિવસ માવઠાની આગાહી

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવામાન પલ્ટો : કેરી-રાવણાના પાક પર ચિંતા : અમુક સ્થળે તા.૧૭ સુધી કડાકા ભડાકા સાથે વરસાદ પડશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી બાદ રાજયનાં કેટલાંક ભાગોમાં ફરી હવામાન પલ્ટો આવ્યો છે અને અમુક સ્થળે માવઠા વરસ્યા છે.

દરમ્યાન આજથી તા.૧૭ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતનાં અનેક વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે માવઠુ વરસવાની આગાહી થતા ફરી ખેડુતો ચિંતાતુર બન્યા છે.

હાલ વૈશાખ માસ એટલે ધોમધખતો તાપ પવન સાથે ભારે બફારો જોવા મળી રહ્યો છે. ઉનાળો સોળે કળાએ ખીલ્યો હોય તેમ ચોતરફ ત્રાહીમામ પોકાર ઉઠી રહ્યો છે ત્યારે આકાશમાં ત્રણેક દિવસથી વાદળો જોવા મળી રહ્યા છે. ત્યારે માવઠાની આગાહી કરવામાં આવતા કેરી, રાવણા, જાંબુ ઉનાળુ મગફળી, તલ, મગ સહિતના પાકો ખેતરમાંઉભા છે.

આ સમયે માવઠાની ડાંગ સાથે આવી પડતા ખેડુતો બગીચા ધારકો, ઇજારેદારોની ચિંતા વધી રહી છે. આજે તા. ૧૩ મેથી ૧૭ મે એટલે ૫ દિવસ સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે માવઠુ થઇ શકે છે. સાથે કરા, ભારે પવન



કડાકા ભડાકા સાથે વરસાદ ગાજવીજ સાથે પડશે તેવી આગાહી કરવામાં આવી છે.

તલ, મગ, પાક ઉપર આવી ઉભડા-ઢગલા ખેતરોમાં પડયા પાક તૈયાર થઇને ખેતરમાં ઉભો છે. તૈયાર થયેલ પાકને સલામત સ્થળે લઇ જવાની તાકીદ કરવામાં આવી છે.

દરમ્યાન જામનગરમાં સતત ત્રણ દિવસથી સ્થિર મહત્તમ તાપમાનમાં આશિક વધારો થયો હતો. પવનની ગતિમાં 'ઘટાડાથી ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં. વાતાવરણમાં ભેજનું પ્રમણ વધીને ૮૨ ટકા રહ્યું હતું.

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી રહેતા આકરા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે તેમાં મહત્તમ તાપમાન આંશિક એક ડિગ્રી વધ્યું હતું. જો કે, પવનની ગતિમાં આંશિક ઘટાડો થયો હતો. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૯.૮ કિ.મી.ની રહેવા પામી હતી. મહતમ તાપમાન વધતા અને. પવનની ગતિ ઘટતા ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં.

જો કે,પવનથી સાંજથી વાતાવરણમાં ધીમે-ધીમે ઠંડક પ્રસરતા લોકોએ ગરમીમાંથી રાહત મળતા હાશકારો અનુભવ્યો હતો. જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૨૬.ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાક ૯.૮ કિમિ નોંધાઇ હતી.ગરમી વચ્ચે શહેરના અમુક વિસ્તારોમાં વીજકાપથી લોકો પરેશાન થયા હતાં. દરમ્યાન ગઇકાલે પણ રાજકોટ સહિત રાજયમાં દિવસભર આકરો તાપ અનુભવાયો હતો. રાજકોટમાં ૪૧.૫, સુરેન્દ્રનગરમાં ૪૨, અમદાવાદમાં ૪૧.૭, અમરેલીમા ૩૬.૫, વડોદરામાં ૪૦, ભાવનગરમાં ૩૮.૨, ભુજમાં ૩૮.૮, દાહોદમાં ૪૦, ડિસામાં ૪૦.૮, ગાંધીનગરમાં ૪૧ તથા વેરાવળ ખાતે ૩૩.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

### રામ રાખે તેને કોણ ચાખે

# ગોધરામાં રસ્તા પર યમદૂત બનીને આવેલ ટેન્કર વચ્ચે પથ્થર આવતા પરિવારના ૬ સભ્યોનો જીવ બચ્યો





## અકસ્માત સ્થળના થોડે દુર શ્રમિક પરિવાર ભોજન કરી રહ્યો હતો

પંચમહાલ,તા.૧૩

કહેવાય છે કે રામ રાખે તેને કોણ ચાખે, આ કહેવત ગોધરાના પરવડી ચોકડી પાસે રહેતા શ્રમીક પરિવાર પર સાખીલ થઈ છે.એક જ ક્ષણમાં મોતને ભેટયા જઈ રહેલ પરિવારનો જીવ એક પથ્થરએ બચાવ્યો છે. તે પથ્થર પરિવારના પાંચ સભ્યોનો રક્ષક બની જીવનરક્ષા કરી હતા.ગોંધરાની પરવડી ચોકડી પાસે પુરપાટ ઝડપે આવતુ ટેન્કર બેકાબુ બન્યુ હતું જે ડિવાઈડટ કુદીનો ઉધીદિશામાં રોડની સાઈડમાં ઘુસી ગયું. જો કે તેનાથી થોડે દુર એક ઝુંપડામાં શ્રમિક પરિવાર ભોજન લઈ રહ્યો હતો અને ટેન્કર આ ઝુંપડીને અડફેટે લઈ લેતા પરિવારના પાંચ સભ્યોના મોત થઈ જાત પરંતુ ટેન્કર અને ઝુપડીની વચ્ચે એક વિશાળ પથ્થર આવી જતા ચમત્કારી બચાવ થયો હતો.જો કે આ ઘટના દરમ્યાન ટેન્કર ચાલક અને અંદર બેઠેલા પરિવારજનોને સામાન્ય ઈજા થઈ હતી જેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતાં. પરંતુ શ્રમીક પરિવાર મોતના મુખમાં જતા બચી ગયા હતાં. આ ઘટના રવિવાર રાતના સમયની છે જયા ઝુપડીની લગોલગ મોત બની આવી ચડેલા ટેન્કરને એક વિશાલકાય પથ્થરે અટકાવ્યું હતું.જો ટેન્કર ઝુંપડીમાં ઘુસ્યુ હોત તો ૬થી વધુના મોત થયા હોત.

# કેજરીવાલની મફત વિજળી, દરેક ગામોમાં મોહલ્લા કિલનિક, નિઃશુલ્ક શિક્ષણની ગેરેન્ટી

## મોદીની ગેરંટીઓની ટીકા કરી દિલ્હીના સીએમે કટાક્ષ કર્યો- તેમણે દરેકના ખાતામાં ૧૫ લાખ જમા કરવાનું કહેલું

નવી દિલ્હી તા.૧૩

વચગાળાના જામીન પર છુટેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ લોકસભા ચૂંટણી વચ્ચે પુરજોશમાં પ્રચારમાં લાગી ગયા છે. કેજરીવાલે દેશવાસીઓને ૧૦ ગેરંટી આપી છે, જેમાં ગરીબોને મફત વીજળી, દરેક ગામ અને મહોલ્લામાં કલીનીક, અગ્નિવીર યોજના બંધ કરવી, ભ્રષ્ટાચારના વોશિંગ મશીનને છડેચોક તોડવું અને મફત શિક્ષણ જેવી ગેરંટીઓ સામેલ છે.




પાર્ટીના મુખ્યાલયમાં રવિવારે પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે મારી આ ગેરંટીઓને લઈને ઈન્ડિયા ગઠબંધનના બાકી સાથીઓ સાથે ચર્ચા નથી થઈ પણ મને વિશ્વાસ છે કે ગઠબંધનની સરકાર બન્યા બાદ આ ગેરંટીઓને બધા સાથીઓ પાસે પુરી કરાવીશ. કેજરીવાલે જણાવ્યું હતું કે આજકાલ મોદીની ગેરંટીની ચર્ચા છે પણ તેમની ગેરંટી કેવી છે તે બધા જાણે છે.

કેજરીવાલે એક-એક કરીને આ ગેરંટીને ગણાવી હતી. તેમણે કહ્યું હતું. મોદીએ ૧૫ લાખ રૂપિયા દરેક વ્યકિતના ખાતામાં જમા કરાવાશે તેવી ગેરંટી આપી હતી. દર વર્ષે ૨ કરોડ રોજગારી આપશે, સ્વામીનાથન રિપોર્ટ લાગુ કરી ખેડુતોને ખેતી પાકના દામ આપશે. ખેડુતોની આવક બે ગણી થઈ જશે. આજે મોદીની ગેરંટીઓને લઈને બધા દેશવાસીઓ જાણે છે.

# સંજય દત્ત પર આધારિત ફિલ્મ 'ધ વર્જિન ટ્રી'નું શૂટિંગ પૂર્ણ



મુંબઈ, તા.૧૩

બોલિવૂડ એક્ટર સંજય દત્ત પર આધારિત ફિલ્મ ધ વર્જિન ટ્રીનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. 'ધ વર્જિન ટ્રી'નું શૂટિંગ મુંબઈ અને પુણેમાં કરવામાં આવ્યું છે. સિદ્ધાંત કુમાર સચદેવ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ એક હોરર કોમેડી છે.

ફિલ્મમાં કામ કરવાના અનુભવ વિશે વાત કરતાં નવનીત મલિકે કહ્યું કે, સંજય દત્તના યુવા દિવસોને પડદા પર લાવવો એ મારા માટે અવિશ્વસનીય સફર રહી છે. રણબીર કપૂર પછી સંજય દત્તની ભૂમિકા ભજવવાનું મારું સપનું છે. તે એક મહાન સન્માન છે. નવનીત મલિકે કહ્યું કે, સંજય સાથે કામ કરવું એ એક સ્વપન સાકાર થવા જેવું છે. તે માત્ર એક અદ્ભુત અભિનેતા જ નથી પણ એક અદ્ભુત માણસ પણ છે. શૂટિંગનો અનુભવ અદ્ભુત હતો. ફિલ્મ ધ વર્જિન ટ્રીમાં નવનીતનો લુક સંજય દત્તની ફિલ્મ રોકીમાંના તેના લુકથી પ્રેરિત છે. ધ વર્જિન ટ્રીમાં નવનીત મલિક સાથે મૌની રોયની પણ મહત્વની ભૂમિકા છે.

# તમિલનાડુના સીપીઆઈના સાંસદ એમ. સેલ્વારાજનું ચેન્નાઈમાં નિધન

## કિડનીની બીમારીમાં નિધનઃ સોલ્વારાજ નાગપટ્ટિનમથી લોકસભા ચૂંટણીના ઉમેદવાર હતા

ચેન્નાઈ (તમિલનાડુ) તા.૧૩

તમિલનાડુના સાંસદ એમ. સેલ્વારાજનું આજે ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે.


તેમની કિડની સંબંધિત બીમારીની સારવાર ચાલતી હતી. ૬૭ વર્ષીય નાગપટ્ટિનમના સાંસદ એન. સેલ્વારાજને અગાઉ કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરાઈ હતી. સેલ્વારાજ ચારવાર સાંસદ બની ચૂકયા છે. વર્ષ ૧૯૮૯, ૧૯૯૬, ૧૯૯૮ અને ૨૦૧૯માં તે લોકસભામાં ચૂંટાયા હતા. સેલ્વારાજના નિધન પર શોક વ્યકત કરતા સીપીઆઈએ તેમને દૃષ્ટાંતરૂપ નેતા ઓળખાવ્યા હતા. સીપીઆઈએ તેમને આ વખતે નાગપટ્ટિનમ લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા.

# યમુનોત્રીમાં યાત્રાળુઓનો બેકાબુ ધસારો ખાળવા પ્રશાસન દ્વારા ગેટ સિસ્ટમ લાગુ

## દિવસમાં માત્ર ચાર વાર જ ટ્રાફિક છોડાશેઃ ભીડના કારણે યાત્રાળુઓ ફસાયાઃ અનેક યાત્રાળુઓ યાત્રા શરૂ કરે તે પહેલા નિરાશ થઈને પાછા ફર્યા

બડકોટ તા.૧૩

શ્રદ્ધાળુઓની રેકર્ડબ્રેક ભીડના કારણે રવિવારથી યમુનોત્રીમાં ગેટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. ઉતરકાશીના એસપી અર્પણ યદુવંશીના જણાવ્યા મુજબ પાલીગાડથી જાનકી ચટ્ટી વચ્ચે આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે જે અંતર્ગત એક દિવસમાં માત્ર ચાર વાર ટ્રાફીક છોડવામાં આવશે.



યાત્રીઓની ઉમટેલી ભીડના કારણે પેદા થયેલી અવ્યવસ્થાને કારણે પ્રશાસનને ગેટ સીસ્ટમ લાગુ કરવી પડી છે. આ પહેલી ઘટના છે કે ગેટ સીસ્ટમ લાગુ કરવામાં આવી છે. શનિવારે રાતથી રવિવારે બપોરે બે વાગ્યા સુધી વાહનોને અનેક જગ્યાએ રોકવામાં આવતા યાત્રીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ટ્રાફિકજામના કારણે યાત્રીઓએ રાત્રી બસમાં પસાર કરવી પડી હતી.

**યાત્રીઓને એક સાથે ન આવવા અપીલઃ** પ્રશાસને શ્રદ્ધાળુઓને એક સાથે ન આવવા અપીલ કરી છે. સંખ્યા નિયંત્રણમાં રહેશે તો યાત્રાળુઓને દર્શન કરવામાં સુવિધા રહેશે તેમ એસપીએ જણાવ્યું હતું.

**ગંગોત્રી માર્ગ પર ફસાયા યાત્રાળુઓઃ** ગંગોત્રી યાત્રા માર્ગ પર રવિવારે સુકકી બેન્ડથી બે કિલોમીટર પાછળ સુધી યાત્રાળુ વાહનોનો ટ્રાફીક જામ થયો હતો. લગભગ પોણા કલાક સુધી યાત્રીઓ ફસાયા હતા.

**નૈનીતાલમાં ભવાલીથી કૈંસ ધામ સુધી ભીષણ ટ્રાફીક જામઃ** ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા રવિવારે અહીં ભીષણ જામ સર્જાયો હતો. આઠ કિલોમીટરનું અંતર કાપવામાં બે કલાકથી વધુ સમય લાગ્યો હતો. ટ્રાફિક જામના કારણે યાત્રીઓ હરિદ્વારથી યાત્રા શરૂ કર્યા વિના નિરાશ થઈને પાછા ફરી રહ્યા છે.

# મગજમાં છુપાયેલા ૫૭ હજાર કોષો મળી આવ્યાઃ દાવો

## ૪૫ વર્ષીય મહિલાની એપિલેપ્સી સર્જરી દરમ્યાન પેશી પરના સંશોધન બાદ ખુલાસોઃ લંડનની હાર્વર્ડ યુનિ.ના વૈજ્ઞાનિકોએ ગુગલની મદદથી મગજની રચનાનું વિશ્લેષણ કર્યું

લંડન,તા.૧૩

માનવ મગજના એક નાનકડા ભાગમાં છુપાયેલા હજારો કોષોના નેટવર્કથી વાચકો લાગ્યો છે. વૈજ્ઞાનિકોએ માનવ મગજના અભ્યાસ દરમિયાન નાની પેશીઓમાં છુપાયેલા ૫૭ હજાર કોષો શોધી કાઢયા છે.લંડનની હાર્વર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ગુગલની મદદથી મગજની રચનાનું વિશ્લેષણ કર્યું છે. સંશોધકોએ એપીલેપ્સી સર્જરી કરાવેલી ૪૫ વર્ષની મહિલાના મગજમાંથી ડેટા કાઢીને આ અભ્યાસ હાથ ધરાયો હતો.તંદુરસ્ત પેશીઓના નમુનાઓ



પર કરવામાં આવે છે.આ સમયગાળા દરમિયાન ૧૫૦ મીટરની તંત્રિકાનું જોડાણ અને ૨૩ સેન્ટીમીટરની નસો પણ મળી આવી હતી.વૈજ્ઞાનિકોએ તેને એક દુર્લભ કેસ ગણાવ્યો હતો.તેમના કહેવા પ્રમાણે મહિલા લાંબા સમયથી એપિલેપ્સીથી પીડિત હતી. સર્જરી દરમ્યાન તેમના મગજમાં જેટલી ટિશ્યુ હાજર હતી, જેમાં ૫૭ હજાર કોષો અલગથી છુપાયેલા હતાં. નમુનો શોધવા માટે પાંચ હજારથી વધુ ઈલેકટ્રોન માઈક્રોસ્કોપની છબીઓ લેવામાં આવી અભ્યાસ માટે સંશોધકોએ વપરાયેલા મશીન લર્નિંગનો પ્રયોગ કર્યો.હાર્વર્ડના પ્રોફેસર જેફ લિકટમેને કહ્યું કે અજ્ઞાત કોષો વિષે જાણવા માટે ઉચ્ચ રિઝોલ્યુશન લેવુ જરૂરી હતું.સંશોધકોએ પેશીને માનવ વાળની પહોળાઈ કરતા હજાર ગણાથી પણ ઓછા પાતળા હિસ્સામાં કાપી નાખ્યા પછી અલ્ગોરિધમની મદદથી ન્યુરોન્સના માર્ગને શોધી કાઢયો.સંશોધકોનું અનુમાન છે કે આવા મજબૂત જોડાણો માનવ નવી વસ્તુઓ કેવી રીતે શીખે છે. તે સમજાવવામાં મદદ કરી શકે છે ઉદાહરણ તરીકે કારચલાવી વખતે એકસીલેટર પરથી પગ હટાવવો કે રેડ લાઈટ પર બ્રેકમારવી કે રસ્તો શોધવો તેમના મતે આ શકિતશાળી કનેકશન શિખેલી માહિતીની સિસ્ટમનો એક ભાગ હોઈ શકે છે. અને મગજ કેવીરીતે શીખે છે. તેમણ જાણવા મળી શકે છે.

### ૫૦ તારોથી જોડાયેલા હતા કોષો

અધ્યનમાં મહિલાના મગજમાં હાજર ન્યુરોન્સ અને કોષિકાઓની વચ્ચે મજબૂત કનેકશન હોવાનું બહાર આવ્યું છે. માનવ મગજની પેશીઓના ગઠ્ઠામાં, ૯૬ ટકાથી વધુ કોષો માત્ર એક વાયર દ્વારા જોડાયેલા હોય છે. અને ત્રણ ટકા બે વાયર દ્વારા જોડાયેલા હોય છે. અને ત્રણ ટકા બે વાયર દ્વારા જોડાયેલા હોય છે. એક ટકા કરતા ઓછા લોકો પાસે ૧૦ વાયર કનેકશન છે પરંતુ આ મહિલાના મગજના કોષો લગભગ ૫૦ વાયર દ્વારા જોડાયેલા હતાં.

# બોલિવુડને જરૂર છે એક હિટ ફિલ્મનીઃ ઈદ પછી બોકસ ઓફિસે સન્નાટો

## રાજકુમાર રાવની હાલમાં રિલીઝ થયેલી 'શ્રીકાંત' પણ દર્શકોને ખેંચવામાં અસફળ

મુંબઈઃ છેલ્લા ઘણા વર્ષોથી ઈદના વીકમાં મોટા ફિલ્મ મેકર્સ અને સ્ટાર્સની ફિલ્મો રિલીઝ થતી રહી છે, જે બોકસ ઓફિસ પર સારી કમાણી કરતી રહી છે. આ વર્ષે પણ બે મોટી ફિલ્મો રિલીઝ થયેલી, અજય દેવગનની 'મેદાન' અને અક્ષર-ટાઈગર સ્ટારર 'બડે મિયા છોટે મિયા' જો કે આ ફિલ્મે દર્શકોને નિરાશ કર્યા હતા.

મેદાનને તો દર્શકોએ પહેલા દિવસે જ નકારી દીધી હતી. જયારે 'છોટે મિયા બડે મિયા' એ પ્રારંભીક ત્રણ દિવસોમાં ઠીક ઠીક કમાણી કરી હતી.




દિલ્હીના એક મુખ્ય સિનેપ્લેકસના ડાયરેકટર પીયુષ રાયજાદાના અનુસાર આ ફિલ્મો બાદ આવેલી 'એલએસડી-૨' અને 'રઝાકારા' સહીત લગભગ ૭ ફિલ્મો બોકસ ઓફિસ પર નિષ્ફળ રહી હતી. આ ઉપરાંત હાલમાં રિલીઝ થયેલી રાજકુમાર રાવની 'શ્રીકાંત' પણ દર્શકોને આકર્ષિત કરવામાં અસફળ રહી હતી. પીયુષ વધુમાં જણાવે છે કે દિલ્હી-એમસીઆરના મોટાભાગના મલ્ટીપ્લેકસમાં ઓકયુપેન્સી ખૂબ જ ઓછી છે અને સિંગલ સ્ક્રીન સિનેમા હોલોમાં દર્શકોની હાજરી ૧૦થી૨૦ ટકા જ છે. ઈદ બાદ સિનેમાહોલ વેરાન બન્યા છે, જેના કારણે સિનેમા ઘર માલિકોને નુકશાન વેઠવુ પડી રહ્યું છે. તેમને વધુ એક હિટ ફિલ્મની સખ્ત જરૂરત છે.







રાજકોટમાં આજે સવારથી એકાએક સીટી ઇલે. બસની હડતાલ પડતા બપોર સુધી ઇલે. બસ રૂટના મુસાફરો હેરાન થયા હતા. તસ્વીરમાં ૮૦ ફુટના રોડ પરના ડેપોએ લાગેલા બસના થપ્પા, કોન્ટ્રાકટર એજન્સીના ડ્રાઇવરો અને સવારમાં હેરાન થયેલા કોલેજ-યુનિ.ના છાત્રો તથા વડીલો નજરે પડે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# સીટી ઇલે.બસના ડ્રાઇવરોની એકાએક હડતાલ : ૬ કલાક પરિવહન ઠપ્પ

## ૮૦ ફુટ રોડના ડેપોથી એકેય બસ ન ઉપડી : પગારમાં એજન્સીના ધાંધીયાના કારણે મુસાફરો હેરાન : કોલેજના છાત્રો બસની રાહ જોતા રહ્યા : મુશ્કેલ સમયમાં ધુમાડાવાળી બસ ચાલુ રહેતા રાહત!

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં ધુમાડા કાઢતી બ્લુ કલરની સીટી બસની જગ્યાએ સંપૂર્ણ ઇલે. બસો શહેરી પરિવહનમાં ઉતારવાની મનપા દ્વારા ચાલતી કામગીરી વચ્ચે કોન્ટ્રાકટના કારણે આજે ઇલે. બસના પૈંડા થંભી ગયા હતા. પગારના ધાંધીયાના કારણે સવારે ઇલે. બસના ડ્રાઇવર હડતાલ પર ઉતરતા કોલેજ-યુનિ.ના છાત્રો અને વડીલો સહિતના મુસાફરો હેરાન થયા હતા. જોકે શાળાઓમાં વેકેશન પડી ગયું હોય, ડિઝલ બસોના સહારે પરિવહન જેમ તેમ ચાલ્યું હતું.

મનપાની મધ્યસ્થીથી એજન્સી અને ડ્રાઇવર્સ વચ્ચે બપોરે સમાધાન થતા બપોરે ૧૨ વાગ્યે ફરી બસ સેવા શરૂ થઇ હતી. જોકે નવેનવી બસની સેવામાં એજન્સીએ પગારના ધાંધીયા કરતા કમિશ્નર સુધી ફરિયાદો થઇ છે.

આજે સવારે સમાહના ખુલતા દિવસે આ ઘટના બની હતી. ૮૦ ફુટ રોડ પર ભાવનગર રોડના ખુણે મનપાનો ઇલે. બસ ડેપો આવેલો છે. દરરોજ સવારે ૬ વાગ્યે અહીંથી બસ લઇને ડ્રાઇવર્સ રવાના થાય છે. પરંતુ આજે એક પણ બસ સમયે નીકળી ન હતી. મુસાફરો સુધી આ હાલાકી પહોંચતા મનપાના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. જયાં પ્રાથમિક તપાસમાં ડ્રાઇવરોના પગાર એજન્સી કરતી ન હોવાથી હડતાલ પર ઉતરી ગયાનું બહાર આવ્યું હતું. મનપા દ્વારા ઇલે. બસ ચલાવવાનો કોન્ટ્રાકટ પ્રતિ કિ.મી. ચાર્જ ચુકવીને આપવામાં આવ્યો છે. પીએમઆઇ ઇલેકટ્રો મોબીલીટી (નવી દિલ્હી) દ્વારા આ સંચાલન સંભાળવામાં આવ્યું છે. રીપેરીંગ, મેન્ટેનન્સ, ડ્રાઇવરોના પગાર સહિતની જવાબદારી આ એજન્સીની છે. આ એજન્સીએ અન્ય કોઇ લોકલ એજન્સી રોકીને ડ્રાઇવર સહિતની કામગીરી સોંપી દીધી છે. જયાંથી નિયમિત પગાર ન મળતા આ પ્રશ્ન ઉભો થયાનું જાણવા મળ્યું હતું.

આ અંગે આરઆરએલના વડા અને સીટી ઇજનેર અલ્પના મિત્રાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે અનિયમિત પગારના કારણે ડ્રાઇવરોએ હડતાલ પાડયાનું કહ્યું હતું. આ અંગે અગાઉ પણ તેમની પાસે ફરિયાદો આવી હતી. મનપા દ્વારા બીઆરટીએસ સહિત ૬૭ ઇલે. બસનું સંચાલન એજન્સીને આપવામાં આવ્યું છે જે આજે સવારે ૬ થી બપોરે ૧૨ બંધ રહી હતી. જોકે ડિઝલથી ચાલતી બ્લુ કલરની બાવન બસ રાબેતા મુજબ દોડી હતી. મનપા ડિઝલ બસથી મુકિત મેળવવા ટુક સમયમાં સીએનજી બસ પણ રોડ પર ઉતારવાની છે. આ પૂર્વે કોન્ટ્રાકટર એજન્સીના આવા પ્રશ્નો દુર કરવામાં આવે તે જરૂરી છે. એજન્સીના જવાબદારોને પણ બોલાવીને જરૂરી સુચના કમિશનર દ્વારા આપવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું. બપોરે ૧૨ વાગ્યાથી ઇલે. બસ દોડતી થઇ ગયાનું વિભાગે જણાવ્યું હતું.



## માલવીયા ચોકમાં સીટી બસ ખોટકાઇ : માંડ માંડ ખસેડાઇ

શહેરમાં આજે એક તરફ સવારે ઇલે. બસની હડતાલ હતી ત્યારે ભરબપોરે માલવીયા ચોક વચ્ચે જ ડિઝલ બસ ખોટકાતા બંધ પડી ગઇ હતી. બપોરના તડકામાં આ રૂટ નં.૧૧ની બસ ખાલી કરાવવી પડી હતી. ડ્રાઇવર બસ ચાલુ કરવા માટે મથ્યા હતા. પરંતુ એકસપાયર થઇ ચૂકેલી બસ ઉપડી ન હતી. બાદમાં માંડ માંડ આ બસને દુર ખસેડવી પડી હતી જે જોવા મળે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# મનાલીમાં મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓ રઝળતા દેકારો

## બસ ટ્રાફિકમાં ફસાતા છાત્રો-શિક્ષકોના જીવ અધ્ધરઃ વીડીયો વાયરલઃ ટ્રાવેલ એજન્સી સામે પગલા લેવાની માંગ સાથે NSUI દ્વારા શાળા સંચાલકને રજૂઆત

રાજકોટ તા.૧૩

રાજકોટની મહાત્મા ગાંધી સ્કૂલના ૪૫ જેટલા વિદ્યાર્થીઓને મનાલીમાં રઝળાવતા દેકારો મચી જવા પામ્યો હતો. આ ઘટનાનો વિડીયો વાયરલ થતા વિદ્યાર્થીઓના વાલીઓના જીવ તાળવે ચોટયા હતા.

આ બનાવ અંગે આજે એનએસયુઆઈના કાર્યકરો અને હોદ્દેદારોએ શહેર પ્રમુખ બ્રિજરાજસિંહ રાણાની આગેવાની હેઠળ આજે મહાત્મા ગાંધી સ્કૂલ ખાતે દોડી જઈ ઉગ્ર રજુઆત કરી વિદ્યાર્થીઓને મનાલીના શૈક્ષણિક પ્રવાસે લઈ જનાર યુનિવર્સલ કલબના સંચાલકો સામે કડક પગલા લેવા માંગણી કરી હતી. એનએસયુઆઈના પ્રમુખ બ્રીજરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી




(તસ્વીર : પંકજ શીશાંગીયા)

સ્કૂલના ૪૫ વિદ્યાર્થીઓ સ્કૂલ મેનેજમેન્ટ અને યુનિવર્સલ કલબની બેદરકારીના કારણે મનાલીમાં ફસાતા તેમનો જીવ જોખમમાં મુકાયો હતો. આ વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવે તેમજ શાળા સંચાલક દ્વારા મેનેજમેન્ટ અને યુનિવર્સલ કલબ સામે પગલા લેવામાં આવે તેવી આગેવાનોએ માંગણી કરી હતી.

મહાત્મા ગાંધી સ્કૂલના આ ૪૫ વિદ્યાર્થીઓને બે બસ મારફતે મનાલીના શૈક્ષણિક પ્રવાસે લઈ જવામાં આવેલ છે. આ દરમ્યાન મનાલીમાં ગત રવિવારે વરસાદ અને વાહનોના ટ્રાફીકના પગલે રાજકોટની બન્ને બસ ટ્રાફિકમાં અટવાઈ પડી હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને આ સંસ્થાના શિક્ષકો રઝળી પડયા હતા. જેના પગલે વિદ્યાર્થીઓ અને તેમની સાથે રહેલા સંસ્થાના શિક્ષકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો હતો. આ અંગેનો વીડીયો પણ વાયરલ થયો હતો.જેમાં વિદ્યાર્થીઓ એવું જણાવી રહ્યા હતા કે ટ્રાવેલ એજન્સીના સંચાલક તેમને રેઢા મુકીને જતા રહ્યા છે. આ ઘટનાના પગલે વાલીઓમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. જો કે બાદમાં બસ વિદ્યાર્થીઓ પાસે આવી પહોંચતા વિદ્યાર્થી અને શિક્ષકોમાં રાહત થવા પામી હતી.

# હવે સુપ્રીમ કોર્ટે પણ કેજરીવાલને સીએમ પદે થી હટાવવાની અરજી ફગાવી

## કેજરીવાલને સીએમ પદેથી હટાવવાનો અમને કાનૂન અધિકાર નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રિમ કોર્ટ તરફથી વધુ એક રાહત મળી છે.

કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની માંગ દિલ્હી હાઇકોર્ટે ફગાવી દીધા બાદ સુપ્રિમ કોર્ટે પણ આ રજી ફગાવી દીધી છે. એટલું જ નહીં આવી અરજી દાખલ કરી કોર્ટનો સમય બરબાદ કરનાર અરજદારને ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

અરજદારને સુપ્રિમ કોર્ટે સખ્તાઇથી ચેતવણી આપતા કહ્યું હતું કે, ન્યાયિક વ્યવસ્થાની મજાક ન ઉડાવે સુપ્રિમ કોર્ટે અરજદારને કહ્યું હતું કે




તેમની પાસે કેજરીવાલને સીએમ પદથી હટાવવાનો કોઇ કાનૂની અધિકાર નથી. કેજરીવાલને સીએમ પદેથી હટાવવાની અરજી આમ આદમી પાર્ટીના જ પૂર્વ ધારાસભ્ય સંદીપકુમારે કરી હતી.

# સીટી ઇજનેર અલ્પના મિત્રાનું રાજીનામુ



**લાંબા ફરજકાળ અને પારિવારિક જવાબદારીના કારણે સ્વૈચ્છિક નિવૃત્તિ માંગીઃ કમિશ્નર અંતિમ નિર્ણય લેશે**

રાજકોટ, તા. ૧૩

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના સિનિયર સીટી એન્જીનીયર (સ્પે.) અલ્પાબેન એમ. મિત્રાએ તેમના પદ પરથી રાજીનામુ આપ્યું છે. મનપામાં આ રીતે ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓનો સ્વૈચ્છિક નિવૃતિનો સીલસીલો ચાલુ રહ્યો છે.

સ્માર્ટ સીટીની શરૂઆત સહિતના અનેક મહત્વના પ્રોજેકટ કરનાર આ વર્ગ-૧ના અધિકારીનું રાજીનામુ કમિશ્નરે હજુ મંજુર કર્યુ નથી. જો તે મંજુર થાય તો કાયમી અને ફુલટાઇમ માત્ર એક સીટી ઇજનેર રહે તેમ છે.

મહાપાલિકામાં હાલ સીટી બસ સેવા, નવા રચાયેલા વોટર મેનેજમેન્ટ સેલ સહિતની મહત્વની જવાબદારી તાજેતરમાં કમિશ્નર દ્વારા અલ્પનાબેન મિત્રાને સોંપવામાં આવી હતી. અગાઉ પણ તેઓએ જુદા જુદા વિભાગોમાં અનેક પ્રોજેકટ પર મહત્વની જવાબદારી નિભાવી છે. તેમના વિભાગ હેઠળની કામગીરીને એવોર્ડ પણ મળેલા છે.

દરમ્યાન થોડા દિવસ પહેલા આ સિનિયર સીટી ઇજનેરે સ્વૈચ્છિક નિવૃતિ માટેનો પત્ર કમિશનરને સોંપ્યો છે. આટલા વર્ષોની લાંબી કામગીરી અને હવે પારિવારિક જવાબદારીઓ વધતા તેમણે ફરજ મુકત થવાની ઇચ્છા વ્યકત કરી છે. તેમનું રાજીનામુ હજુ મહેકમ વિભાગમાંથી કમિશ્નર પાસે ગયું છે. છેલ્લા થોડા મહિનાઓમાં પણ વર્ગ-૨ સહિતના અધિકારીઓએ રાજીનામા આપ્યા છે. અગાઉ સીટી ઇજનેરો વિજય અનડકટ, ભાવેશ જોશી, આઇટી ડિરેકટર એમ.એસ.ગોહેલ સહિતના અધિકારીઓએ પણ ચાલુ ફરજે નોકરી છોડી હતી. હવે વર્ગ-૧ના વધુ એક અધિકારીએ પદ છોડતા જો તેમનું રાજીનામુ મંજુર થાય તો ત્રણેય ઝોન વચ્ચે એક માત્ર ફુલ ટાઇમ સીટી ઇજનેર પી.ડી.અઢીયા રહેશે.






## ૪૨ ડિગ્રીમાં ખુલ્લા પગે ક્રિકેટર શુભમન ગિલ જૈન દેરાસરે પહોંચ્યો : ખેસ ધોતી પહેરી પૂજા કરી

ભારતીય ક્રિકેટ ટીમના સભ્ય અને ગુજરાત ટાઇટન્સનો કેપ્ટન શુભમન ગિલ હાલ અમદાવાદમાં છે. તેની ટીમના સતત બે મેચ મોદી સ્ટેડિયમમાં હોવાથી સમગ્ર ટીમ અમદાવાદમાં છે. આજે ગુજરાત ટાઇટન્સનો મેચ કોલકતા નાઈટ રાઈડર્સ સામે રમાશે. ત્યારે શુભમન ગિલે ગઈકાલે અમદાવાદમાં દેત્રોજના ભોયાની જૈન તીર્થ પર મલ્લીનાથ ભગવાનના દર્શન ખેસ ધોતી પહેરી પૂજા કરવા પહોંચ્યો હતો. ૪૨ ડિગ્રીમાં ખુલ્લા પગે તે દેરાસર પહોંચ્યો હતો.

# વધુ ૧૭૧ વેપારી પાસેથી ૧૧.૫ કિલો પ્લાસ્ટિક જપ્ત

## ગંદકી કરવા સહિતની બેદરકારી બદલ ૪૬ હજારનો દંડ વસુલ : ત્રણે ઝોનમાં ઝુંબેશ ચાલુ

રાજકોટ, તા. ૧૩

મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરીના ભાગરૂપે તા. ૧૦ થી ૧૨ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૭૨ આસામીઓ પાસેથી ૧૧.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૪૬૦૨૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.




સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૮ આસામીઓ પાસેથી ૨.૮૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૭,૨૭૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૭૩ આસામીઓ પાસેથી ૬.૬૦ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૭,૮૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. જયારે ઈસ્ટ ઝોનમાં ૪૧ આસામીઓ પાસેથી ૨.૧ કિલો ઝબલા સહિતનું પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૦,૯૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના અને ડે. કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર સહિતના અધિકારીઓની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# રાજગઢમાં આર્મી ટ્રકનું ટાયર ફાટતાં પેસેન્જર બસ સાથે ટક્કરઃ અકસ્માત પાંચના મોત ૧૦થી વધુ ઘાયલ

ભોપાલ, તા.૧૩

મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લામાં સોમવારે એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. જેમાં સેનાના બે જવાનો અને અન્ય ત્રણ લોકોના કરૂણ મોત થયા હતા. આ અકસ્માત જિલ્લાના પીલુખેડીમાં ગઈ ૪૬ પર ઓસવાલ ફેક્ટરીની સામે થયો હતો. મળતી માહિતી મુજબ, સેનાની ટ્રક એક પેસેન્જર બસ સાથે અથડાઈ હતી. જ્યારે



તેનું ટાયર ફાટ્યું હતું. આ દુર્ઘટનામાં પાંચ લોકોના મોત અને ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. મૃત્યુ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

મળતી માહિતી મુજબ મુસાફરોથી ભરેલી બસ ભોપાલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ગઈ ૪૬ પર ઓસ્વાલ ફેક્ટરીની સામે અચાનક આર્મી ટ્રકનું ટાયર ફાટ્યું અને તે બસ સાથે અથડાઈ. આ અકસ્માતમાં બસમાં સવાર ત્રણ મુસાફરો અને સેનાના બે જવાનોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત અંગે આસપાસના લોકોએ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘાયલોને બસમાંથી બહાર કાઢીને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ઓસવાલ ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીનું પણ અકસ્માતમાં મોત થયું હતું. તે બિહારનો રહેવાસી હોવાનું કહેવાય છે. તે જ સમયે, દુર્ઘટનાની માહિતી પર સેનાના ઘણા અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ દળો હાજર છે.

# મોદીએ કોંગ્રેસ-આરજેડીની સાથે પાક પર પણ નિશાન સાધ્યુંઃ અમે પાકિસ્તાનને બંગડીઓ પહેરાવી દઈશું

## દેશને કોંગ્રેસવાળી નબળી, ડરપોક અને અસ્થિર સરકાર મંજુર નથીઃ વડા પ્રધાન

મુઝફ્ફરપુરઃ તા ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ દેશની ચૂંટણી છે, આ ભારતનું ભવિષ્ય નક્કી કરવાની ચૂંટણી છે, આ દેશનું નેતૃત્વ પસંદ કરવાની ચૂંટણી છે. દેશની બાગડોર કોના હાથમાં આપવી તે આ ચૂંટણી થી નક્કી કરવાની છે. દેશને નબળી, કાયર અને અસ્થિર કોંગ્રેસ વાળી સરકાર બિલકુલ જોઈતી નથી. આ લોકો એટલા ડરી ગયા છે કે તેઓ રાત્રે સપનામાં પણ પાકિસ્તાનનો પરમાણુ બોમ્બ જુએ છે. ભારતીય ગઠબંધનના નેતાઓ તરફથી કેવા



પ્રકારના નિવેદનો આવી રહ્યા છે. એવું કહેવાય છે કે પાકિસ્તાને બંગડીઓ પહેરી નથી. અરે ભાઈ હું પહેરીશ. તેમને લોટ જોઈએ છે, પણ વીજળી નથી. હવે અમને ખબર ન હતી કે તેની પાસે બંગડીઓ પણ નથી.

PM મોદી સોમવારે મુઝફ્ફરપુર લોકસભા સીટના પતાહી એરપોર્ટ પર ભાજપના ઉમેદવાર રાજભૂષણ નિષાદના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા. આ પછી વડાપ્રધાન આજે સારણમાં ભાજપના ઉમેદવાર રાજીવ પ્રતાપ રૂધિની તરફેણમાં એક રેલીને પણ સંબોધિત કરશે.

પીએમ મોદીએ કહ્યું કે સમગ્ર બિહાર અને દેશમાં ભાજપ-એનડીએના પક્ષમાં તોફાન ફૂંકાઈ રહ્યું છે. બીહારના લોકોને જૂના દિવસોની યાદ અપાવતા તેમણે કહ્યું કે રાજ્યમાં એક સમય એવો હતો જ્યારે સાંજે ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું હતું. પીએમ મોદીએ કહ્યું કે જે યુવા મતદાતાઓ પહેલીવાર પોતાનો વોટ આપે છે તેઓને ખબર નહીં હોય કે જંગલરાજની કહાની કેટલી ભયાનક હતી, તેઓએ તેમના માતા-પિતા, દાદા-દાદી અને અન્ય વડીલોને પૂછવું જોઈએ. જંગલરાજે બિહારને વિકાસના મામલામાં ઘણા દાયકાઓ પાછળ છોડી દીધા. તે દરમિયાન ઘણા જિલ્લાઓમાં નકસલવાદનો પ્રભાવ પણ હતો, પરંતુ હવે નકસલવાદીઓનો પ્રભાવ ઓછો થયો છે.

# શરદી-ઉધરસ સહિત સીઝનલ રોગચાળાના ૧૧૧૨ કેસ : ભારે તાપમાં પણ ડેંગ્યુનો ફૂંફાડો

## સામાન્ય તાવ અને ઝાડા-ઉલ્ટીના પણ પાંચસો જેટલા કેસ નોંધાયા : મચ્છર ઉત્પત્તિમાં બેદરકારી બદલ ૧૪૦ મિલ્કત ધારકને મેલેરીયા વિભાગની નોટીસ





રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આ સંજોગોમાં અમુક વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ દેખાઇ રહ્યો છે. છેલ્લા અઠવાડિયામાં ભારે તાપ વચ્ચે પણ ડેંગ્યુનો એક કેસ અને સિઝનલ રોગચાળાના ૧૧૦૦થી વધુ દર્દી નોંધાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા નદી કાંઠા સહિતના સંવેદનશીલ વિસ્તારમાં ફોગીંગ ચાલુ રાખવામાં આવેલ છે.

મેલેરીયા શાખાએ જાહેર કરેલા તા.૬ થી ૧૨-૫ સુધીના રોગચાળાના રીપોર્ટ મુજબ ડેંગ્યુના એક નવા કેસ સાથે ચાલુ વર્ષમાં કુલ ૧૩ કેસ ચોપડે ચડયા છે. મેલેરીયા અને ચીકનગુનીયાનો કોઇ દર્દી નોંધાયો નથી.

ભારે ઉનાળામાં પણ શરદી, ઉધરસના ૬૨૨, સામાન્ય તાવના ૩૧૭ અને ઝાડા-ઉલ્ટીના ૧૭૩ દર્દીની નોંધ થઇ છે. ૨૦૨૪ના વર્ષમાં શરદી-ઉધરસના કુલ ૧૯૧૭૮, સામાન્ય તાવના ૪૧૫૦ દર્દી નોંધાયાનું વિભાગે જણાવ્યું હતું.

ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થરળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મનપા આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. જે જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૬-૫ થી ૧૨-૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૩,૮૧૪ ઘરોમાં પોરાનાશક અને ૧૯૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરાઇ હતી.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૧૩૦ પ્રીમાઇસીસમાં આ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરીને રહેણાંક માં ૧૨૬ અને કોર્મશીયલ ૨૪ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

## ત્રણ ચોકમાં પારો ૪૧ ડિગ્રીને પાર

### ધગધગતા તાપમાનમાં ઢેબર રોડ સહિત ત્રણ ચોકના સેન્સર બંધ હોવા જેવા આંકડા : ગ્રીન લેન્ડ સૌથી ગરમ

રાજકોટ મહાનગરમાં છેલ્લા દિવસોથી ગરમીનો પારો ખુબ ધગધગતો હોવાનો અનુભવ લોકો કરી રહ્યા છે. તેવામાં મનપાના સેન્સરમાં નોંધાતા મહતમ તાપમાનના આંકડામાં ત્રણ ચોકમાં ૪૧ ડિગ્રીથી ઉપર અને ૬ ચોકમાં ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયુ છે. ગઇકાલ તા. ૧૨.૫ના રોજ સાંજે ૪.૧૮ કલાકે સૌથી ઉંચુ તાપમાન મનપાની પૂર્વ ઝોન કચેરી પાસે ૪૧.૨૩ હતું તો ગ્રીન લેન્ડ ચોકડીએ પણ ૪૧.૩૬ પર પારો સેન્સરમાં નોંધાયો હતો. મોરબી રોડ પર ૪૧.૩૪ ડિગ્રીએ પારો હતો. આજી ડેમ ચોકડીએ ૪૦.૨૮, અટીકા ચોકમાં ૪૦.૩૧, કોઠારીયામાં ૪૦.૨૮, પ્રદ્યુમન પાર્કમાં ૪૦.૨૭ ડિગ્રી તાપમાન હતું. કેટલાક ચોકમાં મનપાના સેન્સર કામ કરતા ન હોવાની ફરિયાદ આવતી રહે છે. થોડા દિવસ પહેલા જયાં સૌથી વધુ તાપમાન હતું તે મનપા સેન્ટ્રલ ઝોન (ઢેબર રોડ) કચેરી પાસે ગઇકાલે માત્ર ૩૨.૮૫, સોરઠીયાવાડીમાં ૩૩.૩૪, ડિગ્રી તાપમાન હતું, જિલ્લા પંચાયત ચોકમાં ૩૬.૮૩, રેસકોર્સ રોડ પર ૩૬.૯૬, ત્રિકોણબાગ ૩૨.૯૯ ડિગ્રીએ પારો હતો.

# સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં અરજદારોને પરેશાની: શહેર કોંગ્રેસ પ્રમુખની રજુઆત

## છેલ્લા એક વર્ષમાં કરેલા ગુનાના ભેદ ઉકેલાયા તે જાહેર કરવા માંગણી ઉઠાવી

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં સાયબર ક્રાઇમની ફરિયાદો છેલ્લા ઘણા સમયથી ભયજનક હદે વધારો થયો છે અને શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ડો. હેમાંગ વસાવડા સહિતના કોંગ્રેસ આગેવાનોએ પોલીસ કમિશ્નરને લેખીત રજુઆત કરી અરજદારોને પડતી મુશ્કેલી નિવારવા જણાવ્યું છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાં હાલ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ, એક્સ, ઇ-મેઇલ આઇડી વગેરે જેવા સોશ્યલ મીડિયા ટુલ્સ હેક થવાનું પ્રમાણ વધ્યું છે, સોશ્યલ મીડિયા એકાઉન્ટ હેક થાય ત્યારબાદ નાગરિકો હેરાન-પરેશાન થાય છે, આવા સંજોગોમાં શું કરવું તેની માહિતી દરેક પાસે હોતી નથી.

ભોગ બનનાર જયારે તેના વિસ્તારની પોલીસ ચોકી કે પોલીસ સ્ટેશને ફરિયાદ અરજી આપવા કે જાણવા જોગ નોંધ કરાવવા જાય ત્યારે ફરિયાદ અરજી સ્વીકારાતી નથી અને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને જઇને ત્યાં જ અરજી આપો તેમ શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાંથી કહેવામાં આવે છે.

ભોગ બનનાર જયારે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને જાય છે ત્યારે ત્યાં લેખિત ફરિયાદ અરજી લેવાના બદલે ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને તેમાં ફરિયાદ નોંધવા અથવા ક્રાઇમ સાઇબર ઉપર ઓનલાઇન ફરિયાદ કરવા જણાવાય છે.

રાજકોટ શહેર પોલીસની સાયબર ક્રાઇમ બ્રાંચ પાસે એથિકલ હેકર્સની ટીમ નથી? જો હોય તો ગુન્હા કેમ ઉકેલાતા નથી? એક વર્ષમાં કેટલા ગુનાના ભેદ ઉકેલાયા? તેની વિગત આપવા તેમજ સિવિલિયન્સને બદલે ક્રિમિનલ્સને ડરાવે તેવી રાજકોટની ૨૦ લાખની જનતા વતી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ડો. હેમાંગ વસાવડા, ધરમભાઇ કાંબલીયા, મુકેશ ધોળકીયા, અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, નિદત બારોટ, સંજય લાખાણી, કૃષ્ણદત રાવલની રજુઆત છે.

# અમદાવાદમાં વહેલી સવારે ક્રિકેટ રમતા યુવાન બિઝનેસમેનનું કાર્ડિયાક એરેસ્ટથી મોત

## તાત્કાલીક ખાનગી દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા

અમદાવાદ,તા.૧૩

કોવિડ પછી નાની વયના અને શારિરીક રીતે ફિટ લોકો પણ અચાનક હાર્ટ એટેક અથવા કાર્ડિયાક એરેસ્ટનો ભોગ બન્યા હોય તેવી ઘણી ઘટનાઓ જોવા મળી રહી છે. રવિવારે અમદાવાદમાં રાજપથ કલબમાં પણ આવી એક ઘટના બની હતી જેમાં ૪૧ વર્ષના એક બિઝનેસમેનનું ક્રિકેટ રમતી વખતે કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થયું છે. પાલડી વિસ્તારમાં રહેતા બિઝનેસમેન અભિષેક શાહ નિયમિત ક્રિકેટ રમતા હતા અને ફિટનેસનો ખ્યાલ રાખતા હતા. છતાં કલબમાં ક્રિકેટ રમતી વખતે તેઓ કાર્ડિયાક એરેસ્ટનો ભોગ બન્યા છે. કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેક બંને અલગ વસ્તુ છે. જોકે, બંનેના કારણો અલગ અલગ હોઈ શકે છે.

રવિવારે સવારે લગભગ ૬.૩૦ વાગ્યાની આસપાસ અભિષેક શાહ પોતાની ટીમ સાથે ક્રિકેટ રમતા હતા ત્યારે આ કમનસીબ ઘટના બની હતી. બીજા ખેલાડીઓ તરત તેમને મદદ કરવા દોડી આવ્યા હતા. કલબના મેડિકલ ઓફિસરને તરત બોલાવવામાં આવ્યા હતા અને અભિષેક શાહના પત્ની, જેઓ કલબમાં મોર્નિંગ વોક માટે આવ્યા હતા, તેમને પણ આ ઈમરજન્સી વિશે જાણ કરાઈ હતી.

સાથો સાથ મેડિકલ ઓફિસરને બોલાવ્યા, બીજા કેટલાક લોકોએ સીપીઆર આપીને શાહને બચાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ શાહ ભાનમાં જ ન આવ્યા. ઈએમઆરઆઈ ૧૦૮ એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી હતી અને તેમને રાજપથ કલબની પાછળ આવેલી એક પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

અભિષેક શાહ રાજપથ ક્બના મેમ્બર હતા અને નિયમિત રીતે અહીં ક્રિકેટ રમતા હતા. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી ક્રિકેટ અને બીજી ફિટનેસ એક્ટિવિટીમાં ભાગ લેતા હતા. છેલ્લા લગભગ બે વર્ષથી યુવાનોમાં કાર્ડિયાક એરેસ્ટની ઘટનાઓ વધી છે અને મોટા ભાગના કિસ્સામાં તત્કાળ મૃત્યુ થાય છે જે ચિંતાની વાત છે.

# ગુજરાતમાં ચૂંટણીઓ પુરી થતા ફરી સરકારનો સ્વર્ણિમ સંકુલમાં ધમધમાટ

## અત્યાર સુધી સુમસામ રહેલી ઓફીસોમાં હવે ચહલ-પહલ નજરે પડશે

ગાંધીનગર,તા.૧૩

૧૬મી માર્ચે લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાંની ચૂંટણીની આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. જેના કારણે ગુજરાત સરકાર કોઈપણ નવા નિર્ણયો કે નવી પ્રજાહિતની જાહેરાતો કરી શકતી નથી. આમપણ ગુજરાતમાં ભાજપની સરકાર શાસનમાં હોવાથી મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ ભાજપની તરફેણમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત થઈ ગયા હતા. પરિણામ સ્વરૂપ ૧૬મી માર્ચથી રાજયમાં ૭મી મે રાજયની તમામ ૨૬ બેઠકો માટેની ચૂંટણી પૂરી થઈ ત્યાં સુધી ગાંધીનગર સ્થિત સચિવાલય અને સ્વર્ણિમ સંકુલમાં મીની વેકેશન જેવું હતું. કેટલાક અપવાદોને બાદ કરતાં કોઈપણ મંત્રીઓ તેમની ઓફિસમાં ઉપસ્થિત રહેતા ન હતાં.તો,સ્વાભાવિક રીતે જ સનદી સહિતના મોટાભાગના અધિકારીઓની ઓફિસોમાં પણ સૂનસામ વર્તાતું હતું. ચૂંટણી આચારસંહિતાનો અર્થએ હરગીજ નથી કે, મંત્રીઓ તેમની ઓફિસોમાં હાજર રહીને કોઈ સરકારી કામકાજ જ ન કરી શકે. તેઓ ચોકકસ સરકારની નીતિ વિષયક બાબતો અને સરકારની ચાલુ યોજનાઓ કે પ્રજાહિત માટે આવશ્યક હોય તેવા તમામ કામો કરી જ શકે છે.પરંતુ આ ચૂંટણીમાં આખેઆખી સરકાર જ સ્વર્ણિમ સંકુલની ઓફિસોમાંથી ગાયબ રહી હતી. હવે, ચૂંટણીઓ પુરી થઈ ચૂકી છે. ત્યારે ચૂંટણી પ્રચારમાં રહેલા સરકારના મંત્રીઓ પણ નવરા પડયાં છે એટલે તેઓ ૧૩મીના સોમવારથી તેમની ઓફિસોમાં પરત આવશે.અધિકારીઓ પણ તેમની ઓફિસોમાં દેખાદેશે અર્થાત સચિવાલય-સ્વર્ણિમ સંકુલ ફરી ધમધમતું થશે.લોકસભાની ચૂંટણીઓ આવી તે પહેલાં ગુજરાત સરકારનું આખેઆખું બજેટ વિધાનસભામાં પસાર થયું હતું. જેમાં જાહેર કરાયેલી નવી જુની યોજનાઓ પર હવે ભરપૂર અમલ થશે.જેમાં ખાસ કરીને રાજયમાં ખાલી થયેલા જલાશયો (ડેમ) અને આદિવાસી જિલ્લાઓ સહિતના છેવાડાના વિસ્તારોમાં ઉભી થયેલી પીવાના પાણીની અછતનો પ્રશ્ન પ્રાથમિકતાથી હાથ પર લેવાશે.



# કાલાવડનાં નિકાવા ગામે મિત્રો સાથે તળાવમાં ન્હાવા પડેલા માટીયા ઘટીનાનાં યુવાનનું મોત

## પીપર ગામની સીમમાં કંપનીના ૭ શ્રમિક કર્મીઓ સાથે ન્હાવા પડતા મોતઃ અન્યોનો બચાવ થયોઃ ગામમાં શોક

(રાજુ રામોલિયા)

કાલાવડ,તા.૧૩

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા કર્મચારીઓ ગઈકાલે રવિવારની રજાના દિવસે પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા. જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના ગામના એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે.જેની સાથે ન્હાવા પડેલા અન્ય મિત્રોએ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ બચાવી શક્યા ન હતા. આ બનાવની વિગત એવી છે કે મૂળ જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના ગામના વતની અને કાલાવડ ના નીકાવા નજીક આવેલી એક ફૂડ પ્રોસેસિંગ કંપનીમાં રહીને મજૂરી કામ કરતો દેવ કરસનભાઈ ભરડા નામનો



૧૯ વર્ષનો યુવાન ગઈકાલે રવિવારની રજા હોવાથી પોતાની સાથે કામ કરતા અને રૂમ પાર્ટનર રહેતા સાત જેટલા મિત્રોની સાથે કાલાવડ તાલુકાના પીપર ગામની સિમમાં આવેલા કરસનકુઈ નામના તળાવમાં નાહવા માટે ગયા હતા, જયાં તમામ મિત્રો સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન દેવ એકાએક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. અન્ય મિત્રોએ તેને બચાવવા માટેના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ દેવનું ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાના કારણે કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. તેથી અન્ય મિત્રોએ બુમાબુમ કરી મૂકી હતી. સમગ્ર બનાવ અંગે મૃતક દેવની સાથે જ કામ કરી રહેલા પરેશ જીવાભાઈ વાસણ નામના અન્ય એક યુવાને કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.પી. ગોહિલ બનાવના સ્થળે દોડી ગયા હતા, અને તળાવ માંથી દેવ કરસનભાઈ ભરડા ના મૃતદેહ ને બહાર કઢાવ્યો હતો, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

# અમદાવાદમાં બેકાબુ બનેલી એ એમ.ટી.એસ.બસો ૮-વાહનોને હડફેટે લીધાઃ ૫-લોકો ઘાયલ

## રવિવારે રાત્રે અકસ્માત સર્જાતા સેટેલાઈટ વિસ્તારમાં નાસભાગ મચી ગઈ

અમદાવાદ,તા.૧૩


અમદાવાદમાં રવિવારે રાત્રે AMTS બસ બેકાબૂ બની ગઈ હતી અને ૮ વાહનોને અડફેટે લઈ લીધા હતા. જેના પરિણામે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા ૯ વાગ્યા આસપાસ જોધપુર ચાર રસ્તા પાસે અકસ્માતો સર્જાયા હતા. અહેવાલો પ્રમાણે બસની બ્રેક ફેલ થઈ હોવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે જોકે આ અંગે સત્તાવાર માહિતી સામે નથી આવી. પરંતુ જેના પરિણામે સેટેલાઈટ વિસ્તારમાં નાસભાગ મચી હતી. બસે આ દરમિયાન ગાડીઓ અને વાહનોને અડફેટે લઈ લીધા હતા. ઘણી ગાડીઓનો તો કચ્ચરઘાણ પણ નીકળી ગયો હતો. ડીવીઝન ટ્રાફિક પોલીસે અત્યારે વિગતવાર તપાસ શરૂ કરી દીધી



છે. જેમાં પ્રાથમિક તપાસમાં દાવો કરાઈ રહ્યો છે કે બસની બ્રેક ફેલ થઈ જતા આવું બન્યું છે. રવિવારે રાત્રે ૯ વાગ્યા આસપાસ ઈસ્કોન સર્કલ તરફથી એક AMTS બસ પૂરઝડપે દોડી રહી હતી. અહીં સિગ્નલ બંધ હતું એટલે એક આખી લાબી કતારમાં વાહનોની લાઈનો લાગી હતી પરંતુ પાછળથી આવી રહેલી એએમટીએસ બસ ઊભી રહેવાનું નામ જ નહોતી લઈ રહી.

તેણે બંધ સિગ્નલમાં પણ ઊભેલી ૮ જેટલી ગાડીઓને પાછળથી ધડાકાભેર ટક્કર મારી દીધી હતી. જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. રિપોર્ટ્સ પ્રમાણે આ બસે ૩ ગાડી, ૨ રીક્ષા અને અન્ય ટૂ વ્હિલરને અડફેટે લઈ લીધા હતા. કેટલીક ગાડીઓનો તો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ દરમિયાન ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો તો બીજી બાજુ ૫ લોકોને ઈજા પહોંચી હોવાની વિગતો પણ સામે આવી રહી છે.

# ધોરણ ૧૨ કોમર્સમાં કાવ્યા પોપટએ તમામ વિષયમાં એ-ગ્રેડ સાથે ૯૫ ટકા મેળવ્યા



રાજકોટ,તા.૧૩

તાજેતરમાં ધો.૧૨ કોમર્સ અને સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. આ વખતે સર્વોચ્ચ પરિણામ આવ્યું છે જેમાં દિકરીઓએ ફરી બાજી મારી છે.તેવી એક દિકરી કાવ્યા પોપટએ ધો.૧૨ કોમર્સના પરિણામમાં ૯૫ પીઆર મેળવી પોપટ પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. નિર્માણ કોન્વેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતી કાવ્યા સમીરભાઈ પોપટએ શ્રેષ્ઠ પરિણામનો શ્રેય માતાપિતા અને શિક્ષકોને આવ્યો છે.નિર્મલા કોન્વેન્ટ સ્કૂલના વિદ્યાર્થીની કાવ્યા સમીરભાઈ પોપટ જેઓ ધોરણ ૧૨ કોમર્સ પરિક્ષામાં તમામ વિષયમાં એ ગ્રેડ સાથે ૯૫ ટકા પ્રાપ્ત કરી શાળા તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. કાવ્યાના પિતા બિઝનેશ સાથે સંકળાયેલા છે જયારે માતા આરતીબેન ગૃહિણી છે કાવ્યા તેમના આગળના અભ્યાસ અંગે જણાવ્યું છે તેમને બીસીએ,એમસીએ નો અભ્યાસ પૂર્ણ કરી આઈટી ક્ષેત્રમાં આગળ વધવું છે.

## આગામી તા. ૧૮ના શનિવારથી 'જય શ્રી રામ'નો નાદ ગુંજશે

# ગોંડલમાં ૪૨ વર્ષ બાદ પૂ. મોરારીબાપુની રામકથાનું ભવ્ય આયોજન : વાતાનુકુલીત વિશાળ ડોમ ઉભા કરાયા

### રામ કથામાં હજારોની મેદની ઉમટશે : એકીસાથે ૨૫ હજારથી વધુ લોકો પ્રસાદ લઇ શકે તેવી અદભુત વ્યવસ્થા : તૈયારીઓનો ધમધમાટ





**(જીતેન્દ્ર આચાર્ય)** ગોંડલ, તા. ૧૩

અત્રેના જેતપુર રોડ પર આવેલા દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે પૂ. મોરારીબાપુ કંઠે શ્રી રામકથાનું આયોજન તા.૧૮ મે તા.૨૬ મે દરમિયાન કરાયું છે.

ગોંડલની પ્રાચીન અને પ્રસિધ્ધ વડવાળી જગ્યા લોહલંગરી ધામ દ્વારા મહામંડલેશ્વર મહંત સીતારામબાપુની અધ્યક્ષતામાં ચેતનભાઈ કિશોરકુમાર સાંગાણી-યુગાન્ડા ના સહયોગથી યોજાનાર રામકથા માં પ્રથમ દિવસે તા.૧૮ ને શનિવારે પોથી યાત્રા બપોરે એક વાગ્યે ભગવતપરા વાડવાળી જગ્યાથી વાજતે ગાજતે નીકળી શહેર ના રાજમાર્ગો પર ફરી કથા સ્થળ દાસીજીવણ પાર્ટીપ્લોટ પોહચશે ત્યારબાદ બપોરે ચાર થી સાત કથાનો પ્રારંભ થશે.

દરરોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ સુધી પૂ. મોરારીબાપુ તેમની આગવી શૈલીમાં સંગીતની સુરાવલી સાથે કથા રસપાન કરાવશે. ઉલ્લેખનીય છે કે ૪૨ વર્ષ બાદ મોરારીબાપુની ગોંડલમાં રામકથા યોજવા જઈ રહી છે ત્યારે સેવકગણ તેમજ ગોંડલ તથા આસપાસની જનતામાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગોંડલ ખાતે શ્રી દાસીજીવણ પાર્ટી પ્લોટ મુકામે પૂ. મોરારીબાપુની રામકથામાં સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાત ઉપરાંત દેશ વિદેશથી મોટી સંખ્યામાં સંતો-મહંતો, સ્ત્રોતાઓ અને ભક્તો ઉપસ્થિત રહેશે આ માટે સુંદર બેઠક વ્યવસ્થા માટે વાતાનુકુલિત કથા મંડપ તેમજ દરરોજ એકીસાથે ૨૫હજાર થી વધુ લોકો પ્રસાદ લઇ શકે તે માટે મોટા ડોમ માં ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે

મહામંડલેશ્વર ૧૦૦૮ મહંતશ્રી સીતારામબાપુ એ જણાવ્યું હતું કે ૧૯૮૪માં વડવાળી જગ્યાના મહંત જમનાદાસબાપુ સેવા આપતા હતા અને તેમનો દ્રઢ સંકલ્પ હતો કે ગોંડલમાં પૂ.મોરારીબાપુ ની કથા કરવી છે જે આજે ૪૨ વર્ષ બાદ ગુરૂમહારાજની કૃપા અને આશીર્વાદથી સાર્થક થયો હતો.

મોરારીબાપુની રામકથાનાં આયોજનને લઈને નાગરિક બેંકનાં ચેરમેન અશોકભાઈ પીપળીયાએ પુ.સીતારામબાપુની અધ્યક્ષતામાં શહેર ની વિવિધ સંસ્થાઓ અને જ્ઞાતિઓનાં આગેવાનોની યોજેલી બેઠકમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સંતો મહંતો અને આગેવાનોએ રામકથા દરમિયાન આયોજન માં સહભાગી બની સેવા આપવા તત્પરતા દાખવી ખાત્રી આપી હતી. ગોંડલમાં ૪૨ વર્ષ પહેલા મોરારી બાપુની કથાનું આયોજન સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં થયું હતુ. ત્યારે ૪૨ વર્ષ બાદ આયોજન કરાયુ હોય શહેરભરમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

# અમદાવાદના પટેલ પરિવારનાં ત્રણે સભ્યોનાં હરીદ્વાર પાસે અકસ્માતમાં મોત

## પરિવાર માતાનાં અંતિમ સંસ્કાર માટે જતો હતો, ત્યારે દિલ્હી-મુંબઈ એકસપ્રેસ વે,ઉપર ટ્રકે ઉડાવ્યાઃ એક અકસ્માતમાંથી બચ્ચા તો,બીજા અકસ્માતે ભોગ લીધો

અમદાવાદ,તા.૧૩

અમદાવાદથી હરિદ્વાર માતાના અંતિમ સંસ્કાર માટે જતા પરિવાર સાથે મોટી દુર્ઘટના ઘટી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર તેમની ગાડી વચ્ચે અચાનક ઢોર આવી જતા ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર સીધી ડિવાઈડરે અથડાઈ હતી. જોકે આ દરમિયાન પરિવારના સભ્યોને થોડી ઘણી ઈજા પહોંચી હતી અને બાદમાં તેઓ બહાર આવ્યા હતા. જોકે જેવા તેઓ બહાર આવ્યા કે તરત જ પાછળથી પૂર ઝડપે આવતા ટ્રકે ૩ લોકોને ટક્કર મારી દેતા ઘટનાસ્થળે તેમનું મોત નીપજ્યું છે. આ ઘટના બાદ ચકચાર મચી ગઈ છે. તથા પરિવારજનો રખડતા ઢોરનો મુદ્દો પણ ઉઠાવી રહ્યા છે.

દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર દૌસા આસપાસ રવિવારે આ અકસ્માત થયો હતો. જેમાં અમદાવાદનાં ૩૨ વર્ષીય હસમુખ પટેલ, તેમની પત્ની સીમા અને કાકા મોહનલાલ સહિત ૮ પરિવારના સભ્યો હરિદ્વાર માટે જઈ રહ્યા હતા. તેમના માતાનું હરિદ્વારમાં નિધન થઈ ગયું હતું જેથી બધા અંતિમ સંસ્કાર માટે ત્યાં જઈ રહ્યા હતા. જોકે આ પરિવારના સભ્યોમાંથી ઉના



અમદાવાદના પરિવારજનોને જાણ જ નહીં રહી કે આ એક્સપ્રેસ વે પર ટ્રક પાછળથી આવી રહ્યો છે. અકસ્માત બાદ તેઓ જેવા બહાર આવ્યા કે તરત ટ્રકે બહાર આવેલા ૩ લોકોને ટક્કર મારી દીધી તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. એટલું જ નહીં અન્ય પરિવારજનોને ગંભીર ઈજા પણ પહોંચી છે.

મોત થતા ચકચાર મચી ગઈ છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે શનિવારે હસમુખના માતાનું નિધન થયું હતું. તે છેલ્લા કેટલાક દિવસથી હરિદ્વારમાં રહેતા હતા. તેથી હસમુખ રવિવારે સવારે તેની પત્ની, દીકરી અને અન્ય પરિવારજનો સાથે કાર રૂટથી હરિદ્વાર જઈ રહ્યા હતા. આ દરમિયાન દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર તેમની કાર સામે અચાનક રખડતો ઢોર આવી ગયો હતો. જેથી ડ્રાઈવરે તેની સાથે ટક્કરથી બચવા માટે શોર્ટ બ્રેક મારી તો ગાડી ડિવાઈડરે અથડાઈ ગઈ હતી. આ દરમિયાન બધાને નાની મોટી ઈજા પહોંચી પરંતુ સુરક્ષિત તેઓ ગાડીની બહાર આવી ગયા હતા.

હવે એકપછી એક બહાર આવેલા

# રાજકોટમાં બપોરે ધૂંપ-છાંવ વચ્ચે ગરમીમાં આંશિક રાહત

## બપોરે અઢી કલાકે ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજથી પાંચ દિવસ સુધી ફરી એકવાર ગાજવિજ અને તોફાની પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.ત્યારે, આજે સવારથી રાજકોટમાં હવામાન પલ્ટાની આંશિક અસર નજરે પડી હતી. અને ધુપ-છાંવ ભર્યુ વાતાવરણ રહેવા પામ્યુ હતું.મોડી સવાર સુધી સૂર્ય પ્રકાશિત હવામાન રહ્યા બાદ બપોરથી રાજકોટનાં આકાશમાં, વાદળો અને સૂર્ય દેવતા વચ્ચે સંતાકુકડી રમાતી રહી હતી.

બપોરે ધૂપ-છાંવનાં કારણે આજકોટમાં આકરી ગરમી માંથી, સામાન્ય રાહત રહેવા પામી હતી.આજે બપોરે ૨.૩૦ કલાકે શહેરનું તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું.અને હવામાં ભેજ ૨૮ ટકા રહ્યો હતો. તેમજ પવનની ઝડપ ૧૦ કી.મી.પ્રતિકલાક રહેવા પામી હતી.

દરમ્યાન આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૯.૬ ડિગ્રી નોંધાયું હતું.અને લઘુત્તમ તાપમાન ૨૪.૩ ડિગ્રી નોંધાયું હતું.જયારે સવારે હવામાં ભેજ ૭૦ ટકા રહ્યો હતો.અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી.રહેવા પામી હતી.

# પરફેક્ટ્ ઓટો સર્વિસીસ દ્વારા મારુતિ સુઝુકી એરોના શોરૂમમાં નવી સ્વિફ્ટ ગાડીનું લોન્ચિંગ




રાજકોટ,તા.૧૩

પરફેક્ટ્ ઓટો સર્વિસીસ દ્વારા મારુતિ સુઝુકી એરોના શોરૂમ પર નવી સ્વિફ્ટ ગાડીનું લોન્ચિંગ રાખેલ હતું. જેમાં પરફેક્ટ ના મેનેજિંગ ડિરેક્ટર કેવલભાઈ ભાલોડીયા તેમજ સૂર્યકાંતભાઈ ભાલોડીયા તેમજ પરફેક્ટ ના સીઈઓ મેહુલભાઈ કીહોરની

હાજરીમાં અમારા ૩૬ વર્ષથી જોડાયેલા કસ્ટમર સાથે આ નવી ગાડીનું લોન્ચિંગ કરેલ હતું.નવી સ્વીફ્ટ માં ઘણા આકર્ષક ફિચર્સ હવે જોવા મળશે જેમ કે વધુ સેફ્ટી માટે બેઝિક મોડલથી જ છ એરબેગ તેમજ ૨૫.૭૨ KMPL ની એવરેજ સાથે દેશમાં સૌથી વધુ માઈલેજ આપનારી ૧૨૦૦cc ની આ નવી સ્વિફ્ટ વધુ ટેકનોલોજી સાથે તેમજ ૧૨૦૦ભભ ના બેઝિક મોડલથી જરૂરિયાતના ફિચર્સ જેમકે પ્રોજેક્ટ લેમ્પ સુઝુકી કનેક્ટ વાયરલેસ ચાર્જિંગ તેમજ બીજા ઘણા બધા નવા ફિચર્સ સાથે ગાડીનું લોન્ચિંગ કરવામાં આવેલ છે. નવી સ્વીફ્ટ ને સમજવા માટે તેમજ બુક કરાવવા માટે પરફેક્ટ ઓટો સર્વિસ ની મુલાકાત લેવા ગોંડલ રોડ અરેના રાજકોટ ગોંડલ હાઈવે પરફેક્ટ ટાટા શોરૂમ ની બાજુમાં રાજકોટ ખાતે મુલાકાત લેવી.

# મોડેલ સ્કુલ અને સી.જે. ગ્રુપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



પારૂલ યુનિ. સંચાલિત સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ, મોડેલ સ્કુલ તેમજ સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા હનુમાન મઢી માડેલ સ્કુલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ડો. હિતાર્થ મહેતા, ડો. નિરવ ગણાત્રા, ડો. માધવી વાગડીયા, ડો. રોમલ પદસુંબિયા, ડો. અલ્ફેઝ કુરેશી તેમજ દાંતના ડો.નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ ડો. વૈશાલીબેન મકવાણા, દયાબેન હિસરા લેબોરેટરી તપાસમાં સેવા આપી હતી. સાથે જીતુભાઈ કટોળીયા કોર્પોરેટર વોર્ડ નં.૯ તેમજ ભુમંગલ એજયુ.ટ્રસ્ટના રંજનબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્મસમાજ દ્વારા પાંચ દિવસ પરશુરામ જન્મોત્સવની કરાઈ ભવ્ય ઉજવણીઃ ૨૦ હજારથી વધુ લોકો જોડાયા

## સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાઆરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા

રાજકોટ, તા.૧૩

બ્રહ્મ દેવ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ પાંચ દિવસ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં બહુમાળી ભવન ચોક ખાતે ગત તા.૫ ના ભગવાન શ્રી પરશુરામની મોટી સંખ્યાના હજારો ભૂદેવોએ રેલી સ્વરૂપે સ્થાપના કરી હતી.

આ પાંચ દિવસ દરમિયાન અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે બાળકોની વેશભૂષા, ઉપરાંત અન્નકૂટ, ડો. સેલ દ્વારા મહારક્તદાન કેમ્પ તેમજ તા.૧૦ ના રોજ ભગવાન શ્રી પરશુરામના પ્રાકટ્ય દીને મહાઆરતી, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે પ્રખ્યાત ગાયક સાગર રાવલ ભૂદેવ, ગાયક હર્ષ દવે, ગાયિકા હેતલબેન થાનકી ઉપરાંત ગાયક વિક્રમભાઈ લાંબડીયા સહિતના કલાકરોના સુરના તાલે બ્રાહ્મણ બહેનો દ્વારા રસ ગરબા યોજાયા હતા.

જેમાં ૨૦ હજારથી વધુ બ્રાહ્મણ ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી. આ તકે બ્રહ્મ દેવ સમાજના રાષ્ટ્રીય મહા સચીવ મીલનભાઈ શુકલએ છેલ્લા દશ વર્ષ સંગઠન દ્વારા થતા કાર્યોની વિગત આપી અને ટૂંક સમયમાં રાજકોટ ખાતે બ્રહ્મ સમાજની દીકરીઓ માટે હોસ્ટેલ બનાવવાની જાહેરાત કરી હતી.

આ તકે સરકારની સેવામાંથી નિવૃત થયેલ સમાજના લોકોને સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મ દેવ સમાજના અઢારેય વોર્ડના હોદેદારો સહિત બ્રહ્મદેવ સમાજની વરિષ્ઠ ટીમ, મહિલા ટીમ અને યુવા ટીમ ઉપરાંત કર્મકાંડી પ્રકોસ્ડ, બ્રહ્મદેવ સમાજ ડો. સેલ સહિત તમામ ટીમોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આદર્શ વ્યવસ્થા એટલે વોર્ડ નંબર ૧૧, ઐતિહાસિક મતદાન - પરસોત્તમભાઈ રૂપાલા



ભારતીય જનતા પાર્ટી રાજકોટ લોકસભા ના ઉમેદવાર રૂપાલા સાહેબ,નો વોર્ડ ૧૧ કાર્યકર્તા સાથે સંવાદ... આ વખતે વોર્ડ માં ઐતિહાસિક મતદાન થતાં ઉમેદવાર અભિનંદન આપવા દોડી આવ્યા...વોર્ડ ના યશસ્વી પ્રમુખ મહેશ ભાઈ ના ઘરે તમામ કાર્ય કર્તા ને બિરદાવ્યા.. ધારાસભ્ય રમેશભાઈ ટિલારા, મહામંત્રી, વિરેન્દ્રભાઈ, મંત્રી ભરત ભાઈ પ્રભારી, પરેશ ઠાકર ની ઉપસ્થિતિ... આ પ્રસંગે બોલતા પરસોતમભાઈ રૂપાલા એ કાર્યકર્તા અને વોર્ડ ને બિરદાવતા જણાવ્યું કે મહેનત ક્યારે એડે જતી નથી વોર્ડ માં જે પ્રકારે ચૂંટણી વ્યવસ્થા ની ગોઠવણ થઈ તે કાબિલે દાદ છે..પ્રત્યેક કાર્યકર્તા પરસોતમભાઈ હોય તે પ્રકારે કામ કરતો હતો,આનંદ ની વાત તે છે કે ઉમેદવાર કોઈ પણ હોય આપડા આદર્શ,આપડી નિષ્ઠા,પાર્ટી પ્રત્યેની પ્રતિબદ્ધતાના દર્શન થયા,નરેન્દ્ર ભાઈ ના નેતૃત્વ માં આપડે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરેલ છે આગામી દિવસો માં આપડે સંગઠન ને વધારે મજબૂત કરવા ટિફિન બેઠક નો દોર શરૂ કરશું..વોર્ડ ૧૧ એ સમગ્ર રાજકોટ ને કઈ રીતે ચૂંટણી વ્યવસ્થા માં કામ થાય તે પ્રકારે મહેનત કરી એક આદર્શ વ્યવસ્થા ઊભી કરી છે તેનો આનંદ છે .વોર્ડ માં જે પ્રકારે પદયાત્રા,પ્રચાર પ્રસાર,અને જૂથ બેઠકો અંદાજે ૧૦૦ ઉપર થઈ તેને કારણે એક બેઠક માં ૨૦૦ ની ઉપસ્થિતિ હોય તો ૨૦૦૦૦ લોકો સાથે સીધો સવાંદ થયો તેની અસર મતદાન પર પડી અને વોર્ડ મતદાન માં પ્રથમ આવ્યો.. આ પ્રસંગે વોર્ડના મહામંત્રી શ્રી મુળુભાઈ ઓડેદરા, વિનોદભાઈ ઈસોટિયા કોર્પોરેટર, વિનુભાઈ સોરઠીયા,રણજીતભાઈ સાગઠીયા, ફર્નાન્ડિસ પાડલીયા, વોર્ડ નં ૮ના પ્રભારીશ્રી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૩ ના પ્રભારી શ્રી પ્રવીણભાઈ પાઘડાર, પ્રવીણભાઈ ઠુંમર, સંજયભાઈ બોરીચા, વોર્ડના ઉપપ્રમુખ શ્રી રસીકભાઈ મૂંગરા, મોહિતભાઈ ઘોડાસરા, અંકુરભાઈ ધામેલીયા, વાલજીભાઈ લક્કડ, જયદીપભાઈ વસોયા, કિસાન મોરચાના પ્રમુખ શ્રી જીતુભાઈ ધામેલીયા,મહામંત્રી શ્રી રાજુભાઈ ડાંગરીયા તથા વોર્ડનં.૧૧ ભાજપ આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

**પરેશ ઠાકર વોર્ડ નંબર ૧૧, પ્રભારી ૯૪૨૬૯૬૦૦૦૯**

# પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રત્નાબાપાએ કહ્યુ હતું કે "બાપુ હું ભાજપને મત આપ્યા પહેલા જવાનો નથી"

## જુના જનસંઘી રત્નાબાપાનાં નિધન અંગે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શોક વ્યકત કર્યો

રાજકોટ,તા.૧૩

પૂર્વ ધારાસભ્ય અને વયો વૃદ્ધ કિસાન અગ્રણી રત્નાભાઈ મનજીભાઈ ઠુંમરના અવસાન બદલ પૂર્વ કૃષિ અને શિક્ષણ મંત્રી તથા ભારતીય જનતા પક્ષ, ગુજરાત પ્રદેશના પ્રદેશ અગ્રણી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઊંડા શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરી છે. તેઓએ તેમના પરિવારને પાઠવેલ શોકસંદેશમાં જણાવ્યું છે કે રત્નાભાઈ એક સમર્પિત ધારાસભ્ય તરીકે આજીવન પ્રજાને સમર્પિત રહીને લોકકલ્યાણના કાર્યોમાં પ્રવૃત્ત રહ્યા હતા. કોરોના જેવા કપરા કાળમાં પણ તેઓએ જન સેવાને કેન્દ્રમાં રાખીને પોતાનું યથોચિત પ્રદાન



નોંધાવ્યું હતું.

ધારાસભ્ય તરીકે તેઓ હંમેશ પોતાના કર્તવ્યને વળગી રહીને પ્રજાપરાયણ રહ્યા હતા. ચુડાસમાએ જણાવ્યું હતું કે હમણાં જ થોડા દિવસો પહેલા લોકસભાની ચૂંટણીઓ દરમિયાન હું તેઓને તેમના નિવાસસ્થાને મળવા ગયો ત્યારે સ્વાભાવિક રીતે જ મેં તેમના સ્વાસ્થ્ય સંબંધી પૃચ્છા કરતા તેઓએ ખૂબ જ ઉમળકાભેર અને નિખાલસતા પૂર્વક જણાવ્યું હતું કે બાપુ, શરીરનું ગમે તે હોય પરંતુ હું ભાજપને મત આપ્યા પહેલા જવાનો નથી., અને જુઓ! યોગાનુયોગ પણ કેવો! તેઓનો સંકલ્પ પણ પરમાત્માએ જાણે કે સિદ્ધ કર્યો.

પરમ કૃપાળુ પરમાત્મા આવા સેવાભાવી અને કર્તવ્ય નિષ્ઠ સ્વર્ગસ્થ રત્નાભાઈ ઠુંમરને શાંતિ આપે અને તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના કરું છું અને તેમના પરિવારને સાંતવન પણ પાઠવું છું, તેમ ચુડાસમાએ જણાવ્યું હતું.

# સમસ્ત લુહાર સમાજનો બુધવારે સંગીત મઢયો કાર્યક્રમઃ સદાબહાર નગ્મે

રાજકોટ, તા.૧૩

સમસ્ત લુહાર સમાજ દ્વારા સતત છઠ્ઠા વર્ષે ભાવેશ પિત્રોડા દ્વારા આગામી તા.૧૫ને બુધવારે હેમી ગઢવી હોલ ખાતે રાત્રે નવ વાગે મ્યુઝિકલ નાઈટ 'સદાબહાર નગ્મે' શિર્ષક હેઠળ હિન્દી ફિલ્મોના નવા-જુના ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

કાર્યક્રમમાં દેવાંગ શાહ-અમદાવાદ, દીપા ચાવડા, મુનાભાઈ ઠક્કર, હિનાબેન, રીટાબેન, અલ્પેશ ડોડીયા વગેરે કલાકારો કંઠના કામણ પાથરશે. મ્યુઝીકલ મેલોઝ



ગ્રુપના રાજુભાઈ ત્રિવેદી સંગીત વિભાગ સંભાળશે. જ્યારે કાર્યક્રમનું સંચાલન જૈન અગ્રણી મેહુલ રવાણી કરશે. સમસ્ત લુહાર સમાજ માટે નિઃશુલ્ક પ્રવેશ છે તે માટે ભાવેશ પિત્રોડા, મો. ૭૦૫૩૦ ૩૩૩૩૩નો સંપર્ક કરવો.

# જૈન સંસ્થા દ્વારા અબોલ જીવોની સેવા



રાજકોટ,તા.૧૩

શ્રી વાસુપુજ્યસ્વામી યુવક મંડળ તથા શ્રી પારસ પુતમ મંડળ તરફથી ભોલેબાબા ગૌશાળા માં બોલેરો ભરીને લીલુઘાસ ગાયોને ખવરાવવાતા વિરેન્દ્રભાઈ મેહતા પ્રદિપભાઈ શાહ પંકજભાઈ મેહતા દર્શનભાઈ શાહ નિલેશભાઈ સોમૈયા નિતિનભાઈ વોરા મધુકરભાઈ શાહ કિર્તિભાઈ શાહ કુલદિપભાઈ શાહ નિરવભાઈ શાહ નિશાંતભાઈ તુષાર ભાઈ મેહતા વિપુલભાઈ રૂપાણી વગેરે સૌ હાજર રહ્યા હતા. આ કાર્ય બંન્ને ગ્રુપનાં નામી અનામી સૌ દાતા ઓ નાં સહકાર થી થયેલ છે.

# નેશનલ કાર રેસર ચિંતન દવેની પુત્રી ધ્રુવાબેનના વર્ષીતપના પારણામાં શ્રી રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ

ઈન્ટરનેશનલ કાર રેસર ભરતભાઈ દવેની પૌત્રી તથા નેશનલ કાર રેસર ચિંતનભાઈ દવેની પુત્રી ધ્રુવાબહેને વર્ષીતપની આરાધના પૂર્ણ કરી અને તેના પારણા પ્રસંગે રાજકોટની લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા આશીર્વાદ અર્થે આવેલા હતા. તસ્વીરમાં ચિંતનભાઈ દવેના પરિવાર સાથે તપસ્વી ધ્રુવાબહેન તથા પરસોતમભાઈ રૂપાલા નજરે પડે છે.



# જય શ્રી બાબા રામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકડાયરો-સંતવાણી, હાસ્ય લોકસાહિત્યનો ત્રીવેણીસંગમ કાર્યક્રમ યોજાશે

## શ્રી સિધ્ધી વિનાયક ગણપતિ મંદિર, શ્રી રામદુત હનુમાન મંદિર તથા શ્રી નવા શીંગળાપુર શનિદેવ મંદિરના નિર્માણના લાભાર્થે ભવ્ય આયોજન




રાજકોટઃતા ૧૩

જય શ્રી બાબા રામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના મહંત માલાદાસબાપુ ગુરુ પૂર્ણદાસબાપુ ઠે. આજી નદીના કાંઠે, બેડીનાકા બહાર રાજકોટ તથા ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો અને સેવકગણ દ્વારા શ્રી શનિ રામધામ આશ્રમ ઠે. કુવાડવા રોડ, સાતહનુમાન પાસે, સોખડા ચોકડી, ધમાલપર રોડ, મુ. નાકરાવાડી ગામ ખાતે, શ્રી સિધ્ધી વિનાયક ગણપતિ મંદિર, શ્રી રામદુત હનુમાન મંદિર, તથા શ્રી નવા શીંગળાપુર શનિદેવ મંદિરના નિર્માણના લાભાર્થે તા. ૧૬-૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે " કસુંબલ લોકડાયરો'-સંતવાણી- હાસ્ય લોકસાહિત્ય"નો ત્રીવેણી સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ખ્યાતનામ ગાયક કલાકારો સર્વે કૌશિક મહેતા હાસ્ય-લોકસાહિત્યકાર કાર્યક્રમનું સંચાલન રજુઆત કરશે. તથા ભજન-સંતવાણીના સમ્રાટ ગાયક કરશનદાસ સાગઠીયા(મુંબઈ), મનીષાબેન બારોટ,દિપકભાઈ પ્રજાપતિ વિગેરે કલાકારો સાજીંદાઓની ટીમ સાથે ભારે જમાવટ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવાં જય બાબા રામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના મહંત માલાદાસબાપુ, પ્રમુખ શૈલેષભાઈ રામાવત, ભરતભાઈ દિયા-ટ્રસ્ટી, હરીભાઈ રામાવત, દિપકભાઈ પંડયા, નિલેશભાઈ ભોગાયતા, ચિમનભાઈ ભોગાયતા, નિતીનભાઈ ગોહિલ (દરબાર), સંજયભાઈ રંગાણી (ભા.જ.પા.) વિજયભાઈ બાવાજી, મનસુખભાઈ -(ગામ-નાકરાવાડી), રવજીભાઈ નાકરાવાડી, અમુભાઈ નાકરાવાડી, રાજુભાઈ નાકરાવાડી તેમજ મહંત માલાદાસબાપુ અને લોકગાયક હાસ્ય લોકસાહિત્યકાર કૌશિક મહેતા જહેમત ઉઠાવી રહયાં છે.

# સી.પી.એલ. દ્વારા આયોજિત ઓપન રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભઃ ૬૪ ટીમોએ લીધો ભાગ




રાજકોટ,તા.૧૩

સી.પી.એલ. દ્વારા ગત તા.૧૧ મે થી શહેરના જીમખાના શાસ્ત્રી મેદાન ખાતે ઓપન રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે અને આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓના જોમ વધારવા માટે ઓપનિંગ શેરેમનીમાં આતશબાજી તથા ડી. જે. સાથેનું ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટુર્નામેન્ટ તા. ૨૫ મે સુધી યોજાશે. જેમાં રાજકોટના નામાંકિત પણ ઉપસ્થિત રહ્યા અને ખેલાડીઓને પ્રોત્સાહન આપેલ. આ ટુર્નામેન્ટમાં રાજકોટની અનેક નામાંકિત ક્રિકેટ ટીમ પોતાના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે ભાગ લીધેલ છે. આ સમગ્ર આયોજને દેવાંગભાઈ માંકડ, અનીલભાઈ દેસાઈ, ભગીરથસિંહ ડોડીયા, સુરેન્દ્રસિંહ વાળા વગેરેનું માર્ગદર્શન મળી રહ્યું છે. આ ટુર્નામેન્ટ દરમ્યાન કુલ ૬૪ ટીમ છે. આ ટુર્નામેન્ટ દરમ્યાન દરેક મેચમાં વિજેતા ટીમ, મેન ઓફ ધ મેચ અને રનર્સ-અપ ટીમને પણ જુદા - જુદા પુરસ્કારો આપવામાં આવશે તેમજ ટુર્નામેન્ટની મેન ઓફ ધ સીરીઝની વિજેતા ટીમ, મેન ઓફ ધ મેચ, બેસ્ટ બોલ્ટ, બેસ્ટ ફીલ્ડર વગેરેને ઝાઝરમાન ઈનામો આપવામાં આવશે. આ સમગ્ર આયોજનમાં સંદીપભાઈ ડોડીયા, મોહીતભાઈ ગણાત્રા, કિરીટભાઈ ગોહેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

### મોઢ વણિક જ્ઞાતિ આયોજીત

# મોઢ પ્રીમિયર લીગ બોકસ ટુર્નામેન્ટમાં ૧૪ ટીમોના ૧૧૪ પ્લેયર્સે ભાગ લીધો

## સુપર સોલિડ જાયન્ટ્સ ટીમ વિજેતા બની

રાજકોટ તા.૧૩

રાજકોટ મોઢ વણિક જ્ઞાતિ માટે સૌ પ્રથમવાર એમપીએલ સેશન-૧ (મોઢ પ્રીમિયર લીગ) બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું.

ખેલાડીઓનો જુસ્સો અને ઉત્સાહ વધારવા રાજકોટ શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ દોશી, સામાજીક અગ્રણી અનુપમભાઈ દોશી મોઢ વણિક યુવા ગ્રુપના પ્રમુખ કિરેનભાઈ છાપીયા, મહાજનના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, મંત્રી અતુલભાઈ વોરા, મિત્ર મંડળના પ્રમુખ પ્રણંદભાઈ કલ્યાણી તેમજ મનીષભાઈ પટેલ તથા દિપકભાઈ કલ્યાણી, યુવા ગ્રુપના ચેરમેન કેતનભાઈ મેસ્વાણી મંત્રી કેતનભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. ભાવિકભાઈ વોરાની રેઈન રીગલ તથા અરવિંદભાઈ શાહની સુપર સોલિડ જાયન્ટ્સ વચ્ચે ફાઈનલ મુકાબલો રમાયો હતો. જેમાં સુપર સોલિડ જાયન્ટ્સ ટીમ એમપીએલ સીઝન-૧ની વિજેતા ટીમ બની અને ટ્રોફી માટે હકકદાર બની હતી.



આ કાર્યક્રમને સફળ બનાવવા યશ રાઠોડ, શ્રેયાંસ મહેતા અને પ્રશાંત ગાંગડિયા, ઓફિસ બેરર ૨૦૨૪ ચિંતન વોરા, નિશા ધ્રાફાણી, વિક્રમ દોશી, ચૈતાલી શાહ અને સૌરભ ભાડલીયા તેમજ ટીમ મેમ્બર્સ દર્શિત વોરા, આદિત્ય વોરા, પ્રથમ મહેતા, રિચા દોશી, વિરલ પારેખ તથા કિશન પારેખે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના કોચ લગાવાશે

રાજકોટ,તા.૧૩

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના કોચ લગાવવામાં આવશે.મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી સમર સ્પેશિયલ ટ્રેનો માં અસ્થાયી ધોરણે વધારાના કોચ ઉમેરવાનો નિર્ણય કર્યો છે.

આ ટ્રેનોની વિગતો નીચે મુજબ



છે (૧) ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-જડચર્લા વીકલી સમર સ્પેશિયલ ટ્રેનમાં રાજકોટથી ૧૩.૦૫.૨૦૨૪ થી ૨૪.૦૬.૨૦૨૪ સુધી અને જડચર્લા થી ૧૪.૦૫.૨૦૨૪ થી ૨૫.૦૬.૨૦૨૪ સુધી વધારાના એક થર્ડ એસી અને બે સેકન્ડ સ્લીપર કોચ લગાવવામાં આવશે.

૨) ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની વીકલી સમર સ્પેશિયલ ટ્રેનમાં રાજકોટથી ૧૭.૦૫.૨૦૨૪થી ૨૮.૦૬.૨૦૨૪ સુધી અને બરૌનીથી ૧૯.૦૫.૨૦૨૪થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી વધારાના એક થર્ડ એસી અને બે સેકન્ડ સ્લીપર કોચ લગાવવામાં આવશે.

# ગોહેલ પરિવારનું ગૌરવ


ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સમાં ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા દેવ દિપકભાઈ ગોહેલે ૮૨.૨૨ પીઆર સાથે ગુજકેટમાં ૯૦.૫૭ પીઆર મેળવી ગોહેલ પરિવાર સાથે મોચી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

### થાનગઢથી શ્રી વલ્લભાચાર્યજીનુ પ્રગટ સ્વરૂપની પધરામણી થતા

# રાજકોટ મંદિર વલ્લભ કુંજમાં રવિવારે ઉજવાશે પાટોત્સવઃ પલના, તિલક ઉત્સવ સહિતના અનુષ્ઠાનો

રાજકોટ તા.૧૩

રાજકોટમાં વલ્લભકુંજ (મંદિર) ખાતે થાનગઢથી જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીનું પ્રગટ સ્વરૂપ પધારેલ છે ત્યારે આગામી તા.૧૯મીના રવિવારે પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર



છે. આ પ્રસંગે મુંબઈથી વૈષ્ણવાચાર્ય ગો.શ્રી લાલમણિજી મ.ના આત્મજ ગો.શ્રી મિલનબાવા ખાસ પધારશે.

તા.૧૯ના રવિવારે વૈશાખ સુદ ૧૧નાં સવારે ૧૦.૩૦ વાગ્યે પલના નંદ મહોત્સવ તથા શ્રી વલ્લભના તિલક ઉત્સવ બપોરે ૧૨.૩૦ કલાકે રાજભોગમાં ખસના બંગલાના દર્શન થશે. સમસ્ત વૈષ્ણવ સમાજને ઉપરોક્ત પ્રસંગે ઉપસ્થિત રહેવા ઉત્સવ સમીતી દ્વારા જણાવાયું છે. હિતુભાઈ ચંદીભમર (મો.૯૮૨૫૨ ૨૦૨૫૬), માધવદાસભાઈ સચદેવ (૯૮૨૫૫ ૪૭૧૪૭)નો વિશેષ માહિતી માટે સંપર્ક કરવો.

# સોરઠીયા પરિવારનું ગૌરવ



રાજકોટના જાણીતા સામાજીક અગ્રણી તથા બિલ્ડર હરેશભાઈ સોરઠીયા તથા શ્રીમતી ભાવિશાબેનની પુત્રી ચિ. કેશ્વીએ ધો.૧૦ની બોર્ડ પરીક્ષામાં ૯૩.૬૩ પીઆર મેળવીને સોરઠીયા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

### વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ તથા સાયકલોનિક સરકયુલેશનથી વાતાવરણ બદલાયુ

# દેશભરમાં પલ્ટાતો મોસમનો મિજાજઃ ૧૬ સુધી ખરાબ હવામાનની ચેતવણી



નવી દિલ્હી તા.૧૩

સાયકલોનિક સરકયુલેશન જેવી સિસ્ટમોને કારણે દેશના મોટાભાગના ક્ષેત્રોમાં વાતાવરણ અસ્થિર બન્યુ છે અને ૧૬મી મે સુધી મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થવા સાથે આકરી ગરમીમાં રાહત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે હાલ ઉતરીય પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રીય છે. ઉપરાંત પશ્ચીમી ઉતરપ્રદેશ તથા દક્ષિણ રાજસ્થાનમાં નીચલા સ્તરે અપરએર સાયકલોનીક સરકયુલેશન સર્જાયુ છે.

પરિણામે દેશના પુર્વિય, મધ્ય તથા દક્ષિણ ભાગોમાં મૌસમનો મિજાજ બદલાયો છે. પશ્ચીમ બંગાળના ઉપહિમાલયી ક્ષેત્રો, બિહાર, ઝારખંડ, પશ્ચીમી મધ્યપ્રદેશ, આંતરિક કર્ણાટક તથા તામિલનાડુમાં જુદા-જુદા સ્થળોએ ભારે વરસાદ થયો હતો અને અનેક સ્થળોએ આંધી ફુંકાઈ હતી. પુર્વીય ઉતરપ્રદેશ તથા રાજસ્થાનના અનેક ક્ષેત્રોમાં ધુળભરી આંધી ફુંકાઈ હતી. અનેક સ્થળોએ કરા પણ વરસ્યા હતા.

### મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ, કર્ણાટક, કાશ્મીર, ઉતરપ્રદેશ, બિહાર સહિતના રાજયોમાં વરસાદ સાથે આંધી, ઉતરાખંડ માટે યલ્લો એલર્ટ

હવામાન વિભાગના કથન મુજબ ૧૬મી મે સુધી હજુ વાતાવરણ અસ્થિર જ બની રહેવાની સંભાવના છે. આ દરમ્યાન વરસાદ થવા ઉપરાંત તોફાની પવન ફુંકાવાની તથા વિજળી ત્રાટકવાની સંભાવના છે.

દેશના મધ્ય મહારાષ્ટ્ર, આંતરિક કર્ણાટક, કેરળ, બિહાર, ઝારખંડ, છતીસગઢ, ઓડિશા, ગુજરાત, પુર્વિય ઉતરપ્રદેશ, તેલંગાણા જેવા રાજયોમાં પણ તોફાની પવન સાથે વરસાદ થયો હતો. પુર્વ તથા મધ્ય ભારતમાં ૧૪ મે સુધી વરસાદ સાથે અસ્થિર વાતાવરણ યથાવત રહેવાની સંભાવના છે. દક્ષિણ ભારતના રાજયોમાં ૧૬ મે સુધી વાતાવરણ ખરાબ રહેશે અને ત્યારબાદ ગરમીનો નવો રાઉન્ડ શરૂ થશે. અસ્થિર વાતાવરણ-વરસાદને કારણે અનેક ભાગોમાં તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો ઘટાડો થયો છે.

હવામાન વિભાગ દ્વારા ઉતરાખંડના પાંચ જીલ્લા-ઉતરકાશી, રૂદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર તથા પિથોરાગઢ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. ૫૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાવા સાથે વરસાદ-કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. કાચા મકાનો, અસુરક્ષિત સ્થાનોને નુકસાન થઈ શકે તેમ હોવાથી લોકોને સલામત રહેવાની સલાહ આપવામાં આવી છે.

# રામ મંદિરમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે બનશે આઠ દરવાજા

### કિલ્લાના ભોંયરા ઉપર ભોંયતળિયાની દિવાલ બનાવવાનું કામ શરૂઃ કારીગરો તમામ છ મંદિરોની દિવાલો પર આર્ટવર્કમાં વ્યસ્ત



અયોધ્યા, તા.૧૩

રામ મંદિરની પરિમિતિમાં અલગ પ્રવેશ અને બહાર નીકળવા માટે આઠ દરવાજા બનાવવામાં આવશે. જન્મભૂમિ પથથી પ્રવેશ ઉપરાંત અંગદ ટીલામાંથી બહાર નીકળવાનું નક્કી કરવામાં આવ્યું છે. ક્રોસિંગ થ્રી, જે VVIP પ્રવેશ અને બહાર નીકળવા માટેનો દરવાજો હતો, તેનો ઉપયોગ આ દિવસોમાં બાંધકામ સામગ્રીના લોડિંગ અને અનલોડિંગ માટે ઉપયોગમાં લેવાય છે.

આવી સ્થિતિમાં, આ પ્રવેશદ્વારને બદલે, ૧૧ ક્રોસિંગનો ઉપયોગ VVIP માર્ગ તરીકે કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ઉત્તરી દરવાજાનું પણ નિર્માણ ચાલી રહ્યું છે. બાકીના ક્રોસિંગ એક અને બે ભવિષ્યમાં વિશેષ હેતુ માટે રાખવામાં આવી શકે છે પરંતુ આ અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ બે દરવાજા ઉપરાંત વધુ ત્રણ પ્રવેશદ્વારો માટે મંથન ચાલી રહ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રા કહે છે કે, સરકારી બાંધકામ નિગમને પ્રવેશદ્વાર બાંધવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેણે કહ્યું કે, ક્રોસિંગ ૧૧ અને નોર્થ ગેટની સાઈઝ અને મેઝરમેન્ટ ઉપલબ્ધ થયા બાદ કોર્પોરેશન દ્વારા ટૂંક સમયમાં બંનેનું બાંધકામ શરૂ કરવામાં આવશે. તેવી માહિતી યાત્રાધામ વિસ્તારના ટ્રસ્ટી ડો દિવાલના છ મંદિરોના નિર્માણ માટે ભોંયતળિયે ભૂમિપૂજન કર્યા બાદ ટૂંક સમયમાં વધુ બાંધકામ શરૂ થશે. તેમણે કહ્યું કે, પાર્કમાં પ્રસ્તાવિત છ મંદિરોની દિવાલો અને તેમાં સ્થાપિત કલાકૃતિઓનો નાશ કરવામાં આવશે. ઈન્સ્ટોલેશનની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ દીવાલ પણ મંદિરની સાથે પૂર્ણ થશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ડિસેમ્બર સુધીમાં મંદિર આકાર લેશે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં ફિનિશિંગ પણ પૂર્ણ થઈ જશે.

**રામ મંદિરમાં બે હજાર કાર્યકરો કામ કરી રહ્યા છે**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી ડો. મિશ્રાના જણાવ્યા અનુસાર, આ દિવસોમાં રામ મંદિરમાં બે હજાર કાર્યકરો કામ કરી રહ્યા છે. રામાયણ કાળના ઋષિઓ અને અન્ય પાત્રોના સાત મંદિરોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ મંદિરોના પાયાના ખોદકામ અને સમારકામનું કામ અલગથી ચાલી રહ્યું છે. ખૂબ જ ટૂંક સમયમાં બાંધકામની પ્રગતિ જાહેર કરવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે પેસેન્જર ફેસિલિટેશન સેન્ટર (PFC)નું ગ્રાઉન્ડ ફ્લોર પૂર્ણ થઈ ગયું છે. ભોંયરું પહેલેથી જ તૈયાર છે અને પ્રથમ માળ પછી બીજો માળ પણ પૂર્ણતાને આરે છે. તે પણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે અને એક્ઝિક્યુટીંગ એજન્સી તેને યાત્રાધામ વિસ્તારને સોંપશે.

# ઈન્કમટેકસ : આવતા મહિને ફોર્મ-૧૬ ડાઉનલોડ થઈ શકશે

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને અસેસમેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ITR ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ એવા ઘણા નોકરીયાત લોકો છે જેઓ ફોર્મ ૧૬ ન મળવાને કારણે ટેક્સ રિટર્ન ફાઈલ નથી કરી શક્યા. ફોર્મ ૧૬માં પગારદાર વર્ગની વ્યક્તિની આવક અને ખર્ચની સંપૂર્ણ વિગતો શામેલ છે. આવી સ્થિતિમાં, તમને કેટલો પગાર મળ્યો અને કેટલો ટેક્સ કાપવામાં આવ્યો તેની માહિતી ફોર્મ ૧૬માંથી સરળતાથી મેળવી શકાય છે. આ સિવાય ITR ફાઈલ કરવા માટે ફોર્મ ૧૬અ અને ફોર્મ ૨૭ઉ પણ જરૂરી છે.




**ITR ફાઈલ કરવા માટે ફોર્મ ૧૬, 16A અને 27D જરૂરી છે**

મોટેભાગે, એમ્પ્લોયર કંપનીઓ તેમના કર્મચારીઓ માટે ૧૬મી મે અથવા ૧૫મી જૂનના અંત સુધીમાં ફોર્મ જારી કરે છે. જો તમારી પાસે ફોર્મ ૧૬ નથી, તો તમે ફોર્મ 16A અને 27D દ્વારા પણ ITR ફાઈલ કરી શકો છો. આ ફોર્મ સરળતાથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાય છે.

**ફોર્મ ૧૬માં હોય છે સંપૂર્ણ માહિતી**

પગારદાર વર્ગની વ્યક્તિની સંપૂર્ણ માહિતી ફોર્મ ૧૬માં નોંધવામાં આવે છે. દર વર્ષના અંતે, એમ્પ્લોયર માટે તેના કર્મચારીઓને ફોર્મ ૧૬ જારી કરવું જરૂરી છે. તે સામાન્ય રીતે મે અને જૂનના અંત સુધીમાં કંપનીઓ દ્વારા બહાર પાડવામાં આવે છે. આ ફોર્મમાં, કંપની દ્વારા કાપવામાં આવેલ ટીડીએસ વગેરે જેવી માહિતી દાખલ કરવામાં આવી છે. આ ફોર્મ કરદાતાઓની ટેક્સ માહિતી પણ દર્શાવે છે.

### તબીબોએ ડુકકરની કિડની ઓછામાં ઓછી બે વર્ષ ચાલશે તેવું કહેલુ ત્યારે..

# વિશ્વમાં સૌપ્રથમવાર ડુકકરની કિડની પ્રત્યારોપણ કરાવનાર અમેરિકાના દર્દીનું બે મહિનામાં મોત

### પેશન્ટનું મૃત્યુ ડુકકરની કિડનીના ફેલ્યોરથી કે અન્ય કારણે તે હજુ અસ્પષ્ટ



બોસ્ટન (અમેરિકા), તા. ૧૩

વિશ્વમાં સૌપ્રથમવાર ડુકકરની કિડની પ્રત્યારોપણ કરાવતા અમેરિકાના કિડનીના દર્દીનું કિડની પ્રત્યારોપણ કરાવ્યાના બે મહિનામાં મોત થયું છે.

વિશ્વમાં તાજેતરમાં કિડનીની બીમારી ધરાવતા એક પેશન્ટના શરીરમાં ડુક્કરની કિડની નાખવાનો પ્રયોગ થયો હતો. આ ઓપરેશન સફળ રહ્યું હતું, પરંતુ બે મહિના પછી પેશન્ટનું મોત થયું છે. અમેરિકાના બોસ્ટન ખાતે રિક સ્લેમેન નામની ૬૨ વર્ષીય વ્યક્તિએ મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી જેમાં તેના શરીરમાં ડુક્કરની કિડનીનું આરોપણ કરાવવામાં આવ્યું હતું. માર્ચમાં ઓપરેશન થયા પછી મે મહિનામાં તેનું મોત થયું છે.


ડોક્ટરોએ જ્યારે ડુક્કરની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન કર્યું ત્યારે તે કિડની ઓછામાં ઓછા બે વર્ષ ચાલશે તેવું માનવામાં આવતું હતું. જોકે, આ પેશન્ટ કિડનીના ટ્રાન્સપ્લાન્ટના કારણે મૃત્યુ પામ્યો છે કે બીજી કોઈ તકલીફ હતી તે હજુ જાણવા નથી મળ્યું. મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ ખાતેની ટ્રાન્સપ્લાન્ટ ટીમે જણાવ્યું કે સ્લેમેનનું મોત થવાથી તેમને ઘણું દુખ થયું છે અને તેમણે પરિવાર સમક્ષ અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડુક્કરની કિડની બેસાડવાના કારણે પેશન્ટનું મૃત્યુ થયું છે તેવા કોઈ સંકેત નથી મળ્યા. સ્લેમેન એ પ્રથમ એવી જીવીત વ્યક્તિ હતી જેણે આ પ્રકારની સર્જરી કરાવી હોય. અગાઉ બ્રેઈન ડેડ વ્યક્તિઓમાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હોય તેવા બે કેસ બન્યા છે. અગાઉ બે વ્યક્તિને ડુક્કરના હૃદય બેસાડવામાં આવ્યા હતા, પરંતુ મહિનાઓની અંદર જ તેમના મોત થયા હતા.

સ્લેમેને ૨૦૧૮માં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી, પરંતુ ત્યાર પછી કિડની ફેલ્યરના સંકેત મળતા તેણે ડાયાલિસિસ કરાવવું પડ્યું હતું. ડાયાલિસિસમાં પણ વારંવાર તકલીફો થઈ ત્યારે ડોક્ટરોએ તેના શરીરમાં ડુક્કરની કિડનીનું આરોપણ કરવા માટે સલાહ આપી હતી. સ્લેમેનના સગાવહાલાઓએ એક સ્ટેટમેન્ટમાં ડોક્ટરોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે ડોક્ટરોના પ્રયાસના કારણે સ્લેમેનને વધુ સાત વર્ષ માટે જીવવા મળ્યું હતું. તેની સ્મૃતિ હંમેશા અમારી સાથે રહેશે.

સ્લેમેને એવી સર્જરી કરાવી હતી જેમાં હજુ સુધારા થતા રહેશે અને ભવિષ્યમાં હજારો લોકોને ટ્રાન્સપ્લાન્ટ દ્વારા જીવીત રહેવાની આશા મળશે.

# ૬ મહિનામાં AIનો ઉપયોગ કરનારની સંખ્યા બમણી થઈ

### ૭૫ ટકા વૈશ્વિક નોલેજ વર્કર્સ AIનો ઉપયોગ




નવી દિલ્હી, તા ૧૩

છેલ્લા ૬ મહિનામાં AIનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. લગભગ ૭૫ ટકા વૈશ્વિક નોલેજ વર્કર્સ કાર્યસ્થળે AIનો ઉપયોગ કરી રહ્યા છે. માઈક્રોસોફ્ટ અને લિંક્ડઈનના '૨૦૨૪ વર્ક ટ્રેન્ડ ઈન્ડેક્સ એન્યુઅલ રિપોર્ટ'માં આ દાવો કરવામાં આવ્યો છે.

સર્વેમાં ૩૧ દેશોના ૩૧ હજાર લોકોએ ભાગ લીધો હતો. સંશોધનમાં જાણવા મળ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિશ્વભરમાં લોકોની કામ કરવાની, નેતૃત્વ કરવાની અને ભરતી કરવાની રીતને પ્રભાવિત કરે છે. ૮ મેના રોજ બહાર પાડવામાં આવેલ સંશોધન અહેવાલ કર્મચારીઓ દ્વારા વ્યક્તિગત AI સાધનો પર વધતી જતી નિર્ભરતાને પ્રકાશિત કરે છે, જે કામની અત્યાધિક ગતી અને માત્ર સાથે સંઘર્ષ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ૯૦ ટકા AI યુઝર્સે કહ્યું કે તેનાથી તેમને સમય બચાવવામાં મદદ મળી છે. ૮૫ ટકા માને છે કે તેઓ તેમના મહત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સક્ષમ છે.

**૭૯ નેતાઓએ કહ્યું, AI અપનાવો આવશ્યક**

નેતાઓ વ્યવસાય માટે AIના મહત્વને ઓળખે છે. કેટલાક માને છે કે તેમની સંસ્થાઓ પાસે AIનો અસરકારક રીતે લાભ લેવા માટે સ્પષ્ટ વ્યૂહરચનાનો અભાવ છે. AI એકીકરણની અનિવાર્યતા હોવા છતાં, રોકાણ પર તાત્કાલિક વળતર દર્શાવવાનું દબાણ પણ કેટલાક નેતાઓને ખચકાટ અનુભવે છે. ૭૯% નેતાઓ સહમત છે કે સ્પર્ધાત્મક રહેવા માટે AI અપનાવવું મહત્વપૂર્ણ છે. અને ૫૯ ટકા લોકો AIના ઉત્પાદકતા લાભોને માપવા અંગે ચિંતિત છે.

**લોકોને વધુ સારી તકો મળી રહી છે**

AI અને જોબ ડિસ્પ્લેસમેન્ટ અંગેની ચિંતાઓ હોવા છતાં, રિપોર્ટ એક ઝીણવટભર્યો પરિપ્રેક્ષ્ય આપે છે. જ્યારે ૪૫ ટકા કામદારો ચિંતિત છે કે AI તેમની નોકરીઓ બદલી લેશે, લગભગ સમાન હિસ્સો (૪૬ ટકા) તેમની નોકરી છોડવાનું વિચારી રહ્યા છે કારણ કે તેઓને વધુ સારી તકો મળે છે.

**નેતાઓ AI કૌશલ્યોના મહત્વને ઓળખી રહ્યા છે**

એમ્પ્લોયરો અને કંપનીના નેતાઓ પણ AI કૌશલ્યોના મહત્વને વધુને વધુ ઓળખી રહ્યા છે. સર્વેક્ષણમાં સામેલ ૬૬ ટકા લોકોએ કહ્યું કે તેઓ આ કૌશલ્યોનો અભાવ ધરાવતા કોઈને નોકરીએ રાખશે નહીં. વધુમાં, ૭૧ ટકા એઆઈ કૌશલ્ય ધરાવતા અનુભવી ઉમેદવારોને નોકરીએ રાખવાનું પસંદ કરે છે. ૭૭ ટકા માને છે કે AI પ્રારંભિક કારકિર્દીની પ્રતિભાને મોટી જવાબદારીઓ લેવા સક્ષમ બનાવશે.

# પોલેન્ડનો ૧૪૦૦ શોરૂમ ધરાવતો સૌથી મોટો શોપીંગ મોલ આગમાં ભસ્મીભુત




પોલેન્ડ, તા.૧૩

પોલેન્ડની રાજધાની વોર્સોમાં રવિવારે વહેલી સવારે સૌથી મોટા શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં ૧૪૦૦ દુકાનો બળીને રાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડે જણાવ્યું હતું કે, મેરીવિલ્સ્કા ૪૪ શોપિંગ કોમ્પ્લેક્સમાં ૮૦ ટકાથી વધુ આગ લાગી હતી. અહીં પચાસથી વધુ ટીમો આગ ઓલવવાની અને બચાવ કામગીરીમાં રોકાયેલી હતી. હાલમાં કોઈને ઈજા થઈ હોવાની કોઈ માહિતી નથી. મીરવાડ, વોર્સો સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ ઔદ્યોગિક ઉત્પાદન કંપની, શોપિંગ સેન્ટરની માલિકી ધરાવે છે. શોપિંગ સેન્ટરો અને દુકાનો સામાન્ય રીતે રવિવારે બંધ હોય છે.

### ત્રણ હજાર વર્ષ દૂર તારા મંડળમાં થશે નવાં તારાનો જન્મ

# નક્ષત્રના સૌથી તેજસ્વી તારામાં વિસ્ફોટ થવાને કારણે એક નવો તારો જન્મ લેશે

### છેલ્લે ૧૯૪૬માં TCRBમાં બોમ્બ વિસ્ફોટ જોવા મળ્યો હતો



કાનપુર. જો તમે નવા તારાના જન્મના સાક્ષી બનવા માંગતા હોવ તો રાત્રે આઠ વાગ્યા પછી ઘરની છત પરથી પૂર્વ-ઉત્તર દિશામાં આકાશ તરફ ધ્યાનથી જોવાનું રહેશે. સપ્તર્ષિ મંડળની આસપાસ એક તેજસ્વી તારો નૃત્ય કરતો જોવા મળશે. આ તારાની ચમક અને ગતિ આશ્ચર્યજનક છે.

ક્યારેક આગળ પાછળ તો ક્યારેક ઝિગ-ઝેગ પેટર્નમાં, ચમકતો આ તારો એક નવા તારાને જન્મ આપવાનો છે. પૃથ્વીના સૌરમંડળથી ત્રણ હજાર પ્રકાશવર્ષ દૂર TCRB (T Corona Borealis) નક્ષત્રના સૌથી તેજસ્વી તારામાં વિસ્ફોટ થવાને કારણે એક નવો તારો જન્મ લેવાનો છે. હજુ ત્રણ દિવસ સુધી આ ખગોળીય ઘટનાને નરી આંખે જોવી શક્ય છે. આ પછી, આગામી સાત દિવસ સુધી ટેલિસ્કોપની મદદથી આ અદ્ભુત ખગોળીય ઘટનાઓ જોવા મળશે.

નવા તારાના જન્મને કારણે ઉત્તર દિશામાં આકાશમાં વિસ્ફોટ જોવા મળશેઃ નવાં તારા ના જન્મ ને લઈ તારીખ નક્કી કરવી મુશ્કેલ છે. ખગોળશાસ્ત્રીઓના મતે, મે અને સપ્ટેમ્બર વચ્ચેના કોઈપણ દિવસે, TCRB નક્ષત્રમાં છેલ્લા વિસ્ફોટ પછી એક નવો તારો દેખાશે. અત્યારે મધર સ્ટાર વિસ્ફોટની પ્રક્રિયાને કારણે તેજસ્વી અને વધુ અસ્થિર દેખાય છે.

અંધારું પડ્યા પછી, આકાશમાં ઉત્તર-પૂર્વ દિશામાં TCRB નક્ષત્રમાં વિસ્ફોટની પ્રક્રિયા દેખાશે. વિસ્ફોટને કારણે ઝઈછઇ નક્ષત્રના તારાની ચમક સામાન્ય તારા કરતા ઘણી વધારે છે.

**તેજસ્વી તારાની આસપાસ વામનની પરિક્રમાઃ**

IIT-કાનપુરના ખગોળશાસ્ત્ર વિભાગ અનુસાર, લાલ વિશાળ અટલે લાલ દાનવ ગ્રહ અને એક સફેદ દ્વાર્ફ અટલે વામન ગ્રહ એકબીજાની ખૂબ નજીક આવવાને કારણે શક્તિશાળી પરમાણુ વિસ્ફોટ થાય છે. હાલમાં TCRB પર, એક સફેદ વામન ગ્રહ ઝડપથી લાલ વિશાળ ગ્રહની પરિક્રમા કરી રહ્યો છે.

આ પરિભ્રમણને કારણે, ડિસ્કની રચના દેખાય છે. ઘર્ષણને કારણે, તાપમાન વધશે અને પરિણામે, મે અને સપ્ટેમ્બર વચ્ચે કોઈપણ ક્ષણે, એક શક્તિશાળી વિસ્ફોટ થશે અને બહાર નીકળતો પ્રકાશ અને ઊર્જા અનંત અવકાશમાં ફેલાઈ જશે. છેલ્લે ૧૯૪૬માં TCRBમાં બોમ્બ વિસ્ફોટ જોવા મળ્યો હતો. તે સમયે, આ ખગોળીય ઘટના પર કોઈ વિશેષ અભ્યાસ થઈ શક્યો ન હતો. આવી સ્થિતિમાં, વિશ્વના તમામ ખગોળશાસ્ત્રીઓ વર્તમાન ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે. TCRB ખાતે આગામી વિસ્ફોટ વર્ષ ૨૧૦૪ ની આસપાસ થશે.

**અવકાશમાં હાઈડ્રોજન બોમ્બ જેવો વિસ્ફોટ થશેઃ નાસાના જણાવ્યા અનુસાર નોવા વિસ્ફોટ તરીકે ઓળખાય છે**

જે વિસ્ફોટ થઈ રહ્યો છે તે મૂળભૂત રીતે અવકાશમાં હાઈડ્રોજન બોમ્બ છે. આ પ્રક્રિયામાં, સૂર્ય જેવા વિશાળ લાલ દ્રવ્યમાન ની પરિક્રમા કરતી વખતે સફેદ વામન તારાઓ પર પડતા હાઈડ્રોજન સમય જતાં એકત્ર થાય છે. લગભગ ૮૦ વર્ષોના સમયગાળામાં, વામન તારા પર મોટી માત્રામાં હાઈડ્રોજન એકઠું થાય છે, જે ઘર્ષણને કારણે અનિયંત્રિત થર્મોન્યુક્લિયર ઘટનાઓ બનાવવાનું શરૂ કરે છે. નાસાના ખગોળશાસ્ત્રીઓ નું એવુ અનુમાન છે કે ૨૦૨૪ માં ઓક્ટોબરના થોડા સમય પહેલા નોવા વિસ્ફોટ શક્ય છે. નાસાના વૈજ્ઞાનિક વોલ્ટરે કહ્યું કે જ્યારે આવું થશે ત્યારે તે પોલારિસ સ્ટાર જેટલો તેજસ્વી હશે, જેને નોર્થ સ્ટાર પણ કહેવામાં આવે છે. નાસા અનુસાર, આ નવો તેજસ્વી તારો ઉત્તરીય આકાશમાં નક્ષત્ર કોરોના બોરેલિસ અથવા ઉત્તરીય તાજમાં દેખાશે.

# રાષ્ટ્રપતિના નામે 'સંત' એ ઠગાઈ આચરીઃ સાંસદ બનાવવાની લાલચ આપી વેપારીને કરોડોનો ચૂનો ચોપડયો

### 'સંત'ના સાગરિતે પોતાને રાષ્ટ્રપતિનો પ્રોટોકોલ અધિકારી તરીકે ઓળખાવી ઠગાઈ આચરીઃ બન્ને શખ્સોની ધરપકડ

જયપુર (રાજસ્થાન) તા.૧૩

રાષ્ટ્રપતિના કોટામાંથી રાજ્યસભાના સાંસદ બનાવવાની લાલચ આપી રાજસ્થાનના નાગોરમાં કબીર આશ્રમના સંત નાનક દાસે એક બિઝનેસમેનને ૨ કરોડ રૂપિયાનો ચૂનો લગાડયો હતો. પોલીસે નાનકદાસ ઉપરાંત અન્ય એક આરોપીની ધરપકડ કરી છે.

આ અંગેની વિગત મુજબ આરોપી સંત નાનકદાસ નાગોરના મોટાખાટુમાં સતગુરુ કબીર આશ્રમ ચલાવે છે.

નવાઈની વાત એ છે કે પોતાને સંત તરીકે ઓળખાવનાર નાનકદાસે દિલ્હીના એક બિઝનેસમેન નરેન્દ્રસિંહ વેદપ્રકાશ (રહે.કિશનગઢ)ને રાજ્યસભામાં સાંસદ બનાવવાની લાલચ આપી હતી. પોલીસના જણાવ્યા મુજબ નરેન્દ્રસિંહ દર્ષ ૨૦૨૩માં નાનકદાસને મળ્યા હતા. નાનકદાસે તેનો પરિચય બિહારના નવીનસિંહ સાથે કરાવ્યો હતો. નવીનસિંહે પોતાની ઓળખ રાષ્ટ્રપતિના પ્રોટોકોલ અધિકારી તરીકે આપી હતી. આ દરમિયાન નવીનસિંહે પીડિત-ફરિયાદીને ૫ કરોડ રૂપિયામાં રાષ્ટ્રપતિના કોટામાંથી રાજયસભા સાંસદ બનાવવાની લાલચ આપી હતી. પીડિત નરેન્દ્રસિંહે પોલીસને જણાવ્યું હતું કે તેણે ૧ કરોડ ૨૫ લાખ આઈસીઆઈસીઆઈ બેન્ક ખાતાથી નવીનસિંહના ખાતામાં જમા કરાવ્યા હતા. આ ઉપરાંત ૭૫ લાખ રૂપિયા રોકડા નાનકદાસને આપ્યા હતા. દરમિયાન આરોપી નવીનસિંહે રાષ્ટ્રપતિ કાર્યાલયના નામના કેટલાક દસ્તાવેજો પણ મોકલ્યા, જેથી પીડિતને પુરેપુરો ભરોસો થઈ ગયો હતો. બાદમાં જયારે જાન્યુઆરી અને માર્ચમાં રાષ્ટ્રપતિ કોટામાંથી સાંસદોના નોમીનેશનનું લિસ્ટ આવ્યુ ત્યારે તેમાં ફરિયાદીનું નામ નહોતું, આથી નરેન્દ્રસિંહે આરોપીઓને આ મામલે ફરિયાદ કરી તો બન્ને આરોપીઓએ હાથ ખંખેરી નાખ્યા અને સંપર્ક તોડી નાખ્યા આથી છતરાયાની લાગણી અનુભવતા નરેન્દ્રસિંહે પોલીસને ફરિયાદ કરી.



પોલીસે બન્ને ઠગોને ઝડપવા જાળ બિછાવી જે મુજબ પોલીસની સલાહ મુજબ નરેન્દ્રસિંહે બન્ને આરોપીને બાકીની રકમ લેવા બોલાવ્યા. જયારે બન્ને આરોપીઓ દિલ્હી નરેન્દ્રસિંહ પાસે પહોંચ્યા કે પોલીસે તેમને દબોચી લીધા હતા. ઉલ્લેખનીય છે કે નાનકદાસ ટી બોર્ડ કમીટીનો મેમ્બર રહી ચૂક્યો છે.

# આમ આદમી પાર્ટીના નેતા સ્વાતિ માલીવાલ પર હુમલોઃ CM હાઉસમાં મારપીટ થયાનો આરોપ

### દિલ્હી પોલીસે તપાસ કરી શરૂઃ અઅડ સાંસદ પોલીસ સ્ટેશન પહોંચ્યા



નવી દિલ્હી, તા.૧૩

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલે સોમવારે સીએમ હાઉસમાં તેમના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સવારે ૯ વાગ્યે સીએમ આવાસથી આ સંદર્ભે પીસીઆર કોલ કરવામાં આવ્યો હતો. કોલ બાદ દિલ્હી પોલીસ સિવિલ લાઈન્સ સ્થિત મુખ્યમંત્રી આવાસ પર પહોંચી હતી.

સ્વાતિ માલીવાલે હજુ સુધી આ મામલે પોલીસને કોઈ ફરિયાદ આપી નથી. તે પહેલા મીડિયા સાથે વાત કરશે અને પછી ફરી પોલીસ સ્ટેશન આવીને ફરિયાદ નોંધાવશે. સ્વાતિએ એસએચઓને કહ્યું કે, તેને મીડિયાના લોકોના ફોન આવી રહ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ જ્યારે ઘટના સ્થળે પહોંચી ત્યારે સ્વાતિ મળી આવી ન હતી. આ પછી પોલીસે તેને બોલાવ્યો અને તેણે કહ્યું કે, તે પછી ફરિયાદ કરશે. પ્રોટોકોલ મુજબ દિલ્હી પોલીસ સીએમ હાઉસની અંદર જઈ શકતી નથી. PCR કોલનું સત્ય શું છે? આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

**'હું સ્વાતિ માલીવાલ છું, મને સીએમ હાઉસમાં માર મારવામાં આવ્યો';**

દિલ્હી પોલીસે દાવો કર્યો છે કે, આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર સીએમ આવાસ પર હુમલો કરવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે જણાવ્યું કે સોમવારે સવારે લગભગ ૯ વાગ્યાની આસપાસ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનને બે કોલ આવ્યા, જેમાં એક મહિલા કહી રહી હતી કે સીએમ આવાસ પર તેની સાથે મારપીટ કરવામાં આવી છે. મહિલાએ પોતાની ઓળખ રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ તરીકે આપી હતી. પોલીસે કહ્યું કે, બાદમાં સ્વાતિ માલીવાલ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન પહોંચી અને કહ્યું કે સીએમ અરવિંદ કેજરીવાલના પર્સનલ સ્ટાફે તેની સાથે ખરાબ વર્તન કર્યું. આ અંગે સત્તાવાર રીતે કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. પોલીસે જણાવ્યું હતું કે આ સંબંધમાં તેમને બે પીસીઆર કોલ મળ્યા હતા. ઘટના બાદ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનની એક ટીમ મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચી હતી. આ અંગે આમ આદમી પાર્ટી તરફથી કોઈ પ્રતિક્રિયા મળી નથી.

### ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની ચેતવણી

# ભ્રામક હોઈ શકે છે પેકેજડ ખાદ્ય પદાર્થોના લેબલ પર લખેલ દાવાઓ

### સુગર ફ્રી ખોરાકમાં ચરબી વધુ

નવી દિલ્હી, તા ૧૩

પેકેજડ ખાદ્ય પદાર્થો ના લેબલ પર લખેલ દાવાઓ ભ્રામક હોઈ શકે છે. ખરીદતી વખતે, લેબલ પર લખેલી માહિતી ધ્યાનથી વાંચવી જોઈએ. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ આ ચેતવણી આપી છે.

ICMR મુજબ સુગર ફ્રી ખોરાક ચરબીથી ભરેલા હોઈ શકે છે, જ્યારે પેક્ડ જ્યુસમાં માત્ર ૧૦ ટકા ફળોનો રસ હોઈ શકે છે. ICMRએ તાજેતરમાં જારી કરેલી માર્ગદર્શિકામાં જણાવ્યું હતું કે, પેકેજડ ખાદ્ય પદાર્થો પરના આરોગ્યના દાવાઓ ગ્રાહકોનું ધ્યાન ખેંચવા અને તેમને ખાતરી આપવા માટે બનાવવામાં આવ્યા છે કે તે ઉત્પાદન સ્વસ્થ છે. ICMR હેઠળ હૈદરાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN) દ્વારા જારી કરાયેલા ભારતીયો માટેના આહાર માર્ગદર્શિકામાં જણાવાયું છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ખાદ્ય ઉત્પાદનો માટે કડક ધોરણો હોવા છતાં, લેબલ પર પ્રસ્તુત માહિતી ભ્રામક હોઈ શકે છે.




**ઉદાહરણ દ્વારા સમજાવ્યું**

૧. પેક્ડ જ્યુસમાં માત્ર ૧૦ ટકા ઓરીજનલ ફળોનો રસ હોઈ શકે છે.
૨. અનાજમાંથી બનાવેલ ઉત્પાદનનો અર્થ એ નથી કે તે સંપૂર્ણપણે અનાજમાંથી બનાવવામાં આવે છે.
૩. ખાંડ-મુક્ત ઉત્પાદનો ઘણીવાર ઓછી કેલરીમાં માનવામાં આવે છે પરંતુ ચરબી વધારે હોઈ શકે છે.

**ફિટ રહેવા માટે દર થોડા કલાકો ચાલો**

ICMRએ પણ લોકોને ફિટ રહેવાની સલાહ આપી છે. એવું કહેવાય છે કે જો કોઈ વ્યક્તિ સતત બેસીને કામ કરે છે તો તેણે થોડા કલાકો પછી પાંચથી ૧૦ મિનિટ ચાલવું જોઈએ. લિફ્ટને બદલે સીડીનો પણ ઉપયોગ કરી શકાય છે.

### તમામ ૨૬ બેઠકો જીતવાની હેટ્રીકનો ટાર્ગેટ પાર થવો મુશ્કેલ

# ગુજરાતની ૪ બેઠકો જીતવી ભાજપ માટે અઘરી : IBના રીપોર્ટથી નેતાગીરી ચોંકી

## જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ બેઠક ભાજપ જીતે તો પણ માર્જીન સામાન્ય રહેવાનો આઈબીનો રીપોર્ટ : ભાજપ નેતાગીરીએ ચારેય બેઠકનું નવેસરથી વિશ્લેષણ શરૂ કર્યુ

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને હવે પરિણામ માટે ત્રણેક અઠવાડિયાની પ્રતિક્ષા છે ત્યારે ગુપ્તચર વિભાગના રીપોર્ટથી ભાજપ નેતાગીરીની ઉંઘ હરામ થઇ ગઇ છે. આઇબીના રીપોર્ટને ગંભીરતાથી લઇને નેતાગીરી દ્વારા તેની સમીક્ષા શરૂ કરવામાં આવી છે.


ભાજપના જ માહિતગાર સુત્રોની વાત માનવામાં આવે તો આઇબી દ્વારા એવો રીપોર્ટ આપવામાં આવ્યો છે કે ગુજરાતની બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને જામનગરની બેઠકો ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવી બની શકે તેમ છે. આ બેઠકોમાં ભાજપનો વિજય થાય તો પણ જીતનું માર્જીન ખાસ મોટુ રહી શકે તેમ નથી. આ રીપોર્ટના પગલે ભાજપ નેતાગીરી દ્વારા ચારેય બેઠકોના મતદાનના આંકડાઓની ચકાસણી શરૂ કરવામાં આવી છે. ચારે બેઠક પર કેટલું મતદાન થયું હતું અને તેમાંથી ભાજપને કેટલા મત મળી શકયા હોય તેની ગણતરી શરૂ કરવામાં આવી છે. ક્ષત્રિય આંદોલનને કારણે ભાજ... ઉમેદવારો સરસાઇને વત્તા ઓછા પ્રમાણમાં અસર થવાની ગણતરી રાખવામાં આવતી જ હતી. ક્ષત્રિય આંદોલનની મુખ્ય અસર જામનગર, ભાવનગર જેવી અમુક બેઠકો પુરતી મર્યાદિત રહેવાની મનાતુ હતું. પરંતુ આઇબી રીપોર્ટમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના કારણે આ બેઠકોમાં શું અસર થઇ છે. તેનું વિશ્લેષણ શરૂ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકોની ચૂંટણી ગત ૭મી મેના રોજ પૂર્ણ થઇ ગઇ હતી. સુરત બેઠક અગાઉ જ બીનહરીફ થઇ હતી એટલે ૨૫ બેઠકો પર ચૂંટણી મતદાન યોજાયું હતું. મતદાન વધારવાના ભરચક પ્રયત્નો કરવામાં આવ્યા હોવા છતાં ૨૦૧૯ની સરખામણીએ ટકાવારી ઘટી હતી. આ સ્થિતિમાં ભાજપને કેવી અસર થાય છે તેનું વિશ્લેષણ અગાઉ જ શરૂ કરી દેવાયું હતું. હવે આઇબીના રીપોર્ટ પ્રમાણે ચાર બેઠકોની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. ઓછા મતદાન માટે આકરા તાપ, હિટવેવની સ્થિતિને કારણરૂપ ગણવામાં આવી હતી. તે સિવાય પણ ઓછા મતદાન માટે અન્ય કોઇ કારણ હતું કે કેમ તે પણ ચકાસવામાં આવ્યું જ છે. અત્રે નોંધનીય છે રાજકીય સટ્ટાબજારમાં બુકીઓ અમરેલી અને બનાસકાંઠાની સીટ ભાજપ માટે જીતવી મુશ્કેલ હોવાનું ગણાવી રહ્યા છે. આઇબીના રીપોર્ટમાં જે ચાર બેઠકોનો ઉલ્લેખ છે તેમાં બનાસકાંઠા બેઠક આવી જાય છે. આ સંજોગોમાં આઇબી અને સટ્ટાબજારનું ગણિત બનાસકાંઠાની બેઠક માટે સમાન રહ્યું છે તે સુચક છે.

ગુજરાતમાં ૨૦૧૪ અને ૨૦૧૯ એમ બંને લોકસભા ચુંટણીમાં ભાજપે તમામ ૨૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. આ વખતે પણ તમામ બેઠકો જીતીને વિજયની હેટ્રીક સર્જવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. સાથોસાથ પાંચ લાખ કરતા વધુની લીડ મેળવવાનો પણ ભાજપનો ટાર્ગેટ હતો જોકે ચૂંટણી પૂર્વે જ આંદોલન સહિતના મુદ્દાઓને કારણે વાતાવરણ ડહોળાઇ જતા ટાર્ગેટ મુજબની લીડ મળવા વિશે આશંકા ઉભી થવા લાગી હતી અને ચૂંટણી બાદ અમુક બેઠકો પણ ગુમાવી પડે તેવી અટકળો પણ સર્જાઇ હતી.




### ચૂંટણી પૂર્ણ : પેન્ડીંગ ફાઈલો કલીયર કરવા સરકારની કવાયત તેજ



ગુજરાતમાં લોકસભા ચૂંટણી આચારસંહિતાના કારણે ઠપ્પ થઇ ગયેલી વહીવટી કામગીરી ફરી પાટે ચડાવવા માટે સરકારે કમર કસી છે. કલેકટર જેવા તમામ સીનીયર અધિકારીઓ ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા તેના કારણે મહેસુલીથી માંડીને વિવિધ ફાઇલોના થપ્પા લાગવા માંડયા હતા. હવે ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે, પરિણામને આડે ત્રણેક અઠવાડિયાનો સમય છે ત્યારે સરકાર દ્વારા જુદા જુદા વિભાગોની ફાઇલો કલીયર કરવાની સૂચના આપવામાં આવી છે અને એ દિશામાં કવાયત તેજ કરવામાં આવી છે.

### ચૂંટણી ફરજ બાદ સારુ પોસ્ટીંગ મળવાની અધિકારીઓને આશા



ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને પરિણામો ૪થી જુને જાહેર થવાના છે. ત્યારબાદ વહીવટી તંત્રમાં મોટા ફેરફારો થવાની શકયતા છે. સચિવાલયમાં એવી ચર્ચા જોર પકડવા લાગી છે કે જુદા જુદા જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને અન્ય સીનીયર અધિકારીઓ બદલીના ઘાણવા વખતે સારી જગ્યાએ પોસ્ટીંગ મળવાની અપેક્ષા રાખી રહ્યા છે. ચૂંટણી દરમ્યાન સત્તાધારી પક્ષના નેતાઓ પ્રત્યે કુણુ વલણ દાખવનારા અધિકારીઓને સારા પોસ્ટીંગની અપેક્ષા રહી છે. ચૂંટણી પરિણામના તુર્ત બાદ મોટા પાયે બદલી-બઢતીનો ઘાણવો કાઢવામાં આવે તેવી સંભાવના છે.

# અખિલેશ યાદવ, અસદુદ્દીન ઔવેસી, અધીર રંજન ચૌધરી , મહુવા મોઈત્રા સહિતના નેતાઓનું રાજકીય ભવિષ્ય આજે નક્કી થશે

ન્યુ દિલ્હી,તા.૧૩
લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આજે ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો માટે કુલ ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં કેટલાક હેવીવેઇટ છે જેમના ચૂંટણી પ્રદર્શન પર દેશભરમાં નજીકથી નજર રાખવામાં આવશે.








### લોકસભાની ચૂંટણીના તબક્કા ૪ માટેના ઉમેદવારોમાં ઘણા હેવીવેઈટ છે જેમની દેશભરમાં ચર્ચા થઈ રહી છે

**અખિલેશ યાદવ (કનૌજ):** સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન આ વખતે સંસદીય ચૂંટણીના મેદાનમાં પાછા ફર્યા છે, કન્નૌજથી ચૂંટણી લડશે જે બેઠક પર તેમણે ૨૦૦૦-૨૦૧૨ સુધી ૧૨ વર્ષ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. બે દાયકાથી વધુ સમય સુધી સમાજવાદી પાર્ટીના કબજામાં, કન્નૌજ ૨૦૧૯ની ચૂંટણીમાં બીજેપીના હાથમાં આવી ગયું, જ્યારે સુબ્રત પાઠકે વર્તમાન સાંસદ અને શ્રી યાદવની પત્ની ડિમ્પલ યાદવને ૧૩,૦૦૦ કરતા ઓછા મતોના પાતળા માર્જિનથી હરાવ્યા. ભાજપે આ વખતે શ્રી પાઠકને તેમના ઉમેદવાર તરીકે જાળવી રાખ્યા છે.

કન્નૌજની લડાઈ એ સમાજવાદી પાર્ટી માટે પ્રતિષ્ઠાની લડાઈ છે કારણ કે શ્રી યાદવ તેમના સ્વર્ગસ્થ પિતા મુલાયમ સિંહ યાદવ દ્વારા સ્થપાયેલા પરિવારના ગઢને પાછું જીતવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. બીએસપીએ કન્નૌજથી પોતાના ઉમેદવાર તરીકે ઈમરાન બિન ઝફરનું નામ આપ્યું છે, પરંતુ સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો થવાની સંભાવના છે.

**મહુઆ મોઇત્રા (કૃષ્ણનગર) :** તૃણમૂલ કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા, જેમને કેશ-ફોર-ક્વેરી કેસમાં ગયા ડિસેમ્બરમાં સાંસદ તરીકે હાંકી કાઢવામાં આવ્યા હતા, તે પશ્ચિમ બંગાળના કૃષ્ણનગરમાંથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. આ જ બેઠક પરથી ૨૦૧૯ની ચૂંટણીમાં જીત્યા હતા. આ બેઠક ૨૦૦૯ થી તૃણમૂલ કોંગ્રેસ પાસે છે. ભાજપે કૃષ્ણનગરના પૂર્વ રાજવી પરિવારના સભ્ય અમૃતા રોયને મેદાનમાં ઉતાર્યા છે. શ્રીમતી રોય આ વર્ષે માર્ચમાં ભાજપમાં જોડાયા હતા. માર્ચના અંતમાં જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સાથે ટેલિફોન પર વાત કરી ત્યારે તેણીએ રાષ્ટ્રીય હેડલાઇન્સ બનાવી.

**અધીર રંજન ચૌધરી (બહેરામપુરા) :**
ત્રીજા તબક્કામાં પશ્ચિમ બંગાળની આઠ બેઠકોમાંથી બહેરામપુર છે, જે લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીના કિલ્લા છે. આ બેઠક પરથી પાંચ વખત સાંસદ રહી ચૂકેલા શ્રી ચૌધરી ઉત્તર બંગાળ મતવિસ્તારમાં નોંધપાત્ર દબદબો ધરાવે છે. આ વખતે તેઓ ભાજપના નિર્મલ કુમાર સાહા અને તૃણમૂલ કોંગ્રેસ માંથી પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ સામે લડી રહ્યા છે. લોકસભા સીટનો ભાગ છે તેમાં આવતી સાત વિધાનસભા વિભાગોમાંથી છ તૃણમૂલ કોંગ્રેસ પાસે છે.

**અસદુદ્દીન ઓવૈસી (હૈદરાબાદ) :**
હૈદરાબાદથી ચાર વખતના સાંસદ, AIMIMના અસદુદ્દીન ઓવૈસી તેમના પરિવારના ગઢ હૈદરાબાદમાંથી ચૂંટણી લડી રહ્યા છે, જેનું પ્રતિનિધિત્વ તેમના પિતા સલાહુદ્દીન ઓવૈસી બે દાયકા સુધી, ૧૯૮૪-૨૦૦૪ દરમિયાન કરતા હતા. જ્યારે કોંગ્રેસ અને ભારત રાષ્ટ્ર સમિતિએ આ બેઠક પરથી મોહમ્મદ વલીઉલ્લાહ સમીર અને ગદ્દામ શ્રીનિવાસ યાદવને મેદાનમાં ઉતાર્યા છે, ઓવૈસીના સૌથી વધુ ચર્ચિત વિરોધી ભાજપના કોમ્પેલા માધવી લથા છે. એક અગ્રણી હિંદુત્વ ચહેરો, માધવી લથા એક સામાજિક કાર્યકર્તા છે જેણે ટ્રિપલ તલાકની હવે ગેરકાયદેસર પ્રથા સામે સક્રિયપણે ઝુંબેશ ચલાવી હતી.

ચૂંટણીની દોડમાં, શ્રીમતી માધવી લથા એક વાયરલ વિડિયોને કારણે વિવાદના કેન્દ્રમાં હતી જેમાં તે મસ્જિદની દિશામાં તીર ચલાવતા હોય તેવું જોવા મળે છે. અસદુદ્દીન ઓવૈસી સહિતની ભારે ટીકા વચ્ચે, ભાજપના ઉમેદવારે ''જો કોઈની લાગણીઓને ઠેસ પહોંચી હોય તો'' માફીની ઓફર કરી હતી, પરંતુ દાવો કર્યો હતો કે વીડિયો ''અધૂરો'' છે.

**ગિરિરાજ સિંહ (બેગુસરાઇ):**
પોતાના વિવાદાસ્પદ નિવેદનોથી હેડલાઈન્સ બનાવવા માટે જાણીતા ફાયરબ્રાન્ડ નેતા અને કેન્દ્રીય મંત્રી બિહારના બેગુસરાઈથી ચૂંટણી લડી રહ્યા છે, જે તેમણે ૨૦૧૯ની ચૂંટણીમાં જીતી હતી. અગાઉ, તેઓ લોકસભામાં નવાદાનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે અને બિહાર સરકારમાં મંત્રી અને રાજ્ય વિધાન પરિષદના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. બેગુસરાય ૨૦૧૪ થી ભાજપ સાથે છે. ૨૦૧૯ની ચૂંટણીમાં, શ્રી સિંહે JNU વિદ્યાર્થી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ કન્હૈયા કુમારને -- પછી CPI અને હવે કોંગ્રેસ સાથે -- ને ૪ લાખથી વધુ મતોના માર્જિનથી હરાવ્યા હતા. આ વખતે તેમનો મુકાબલો ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર, સીપીઆઈના અવધેશ કુમાર રાય સામે છે. કોંગ્રેસ અને આરજેડીએ ગિરિરાજ સિંહ સામેની તેમની લાંબી લડાઈમાં સીપીઆઈને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. હાલમાં, કેન્દ્રમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી, શ્રી સિંહ ૨૦૧૪ માં કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળી ત્યારથી કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી છે.

**વાયએસ શર્મિલા (કડપા):**
આંધ્ર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ, જેઓ મુખ્યમંત્રી અને YSRCPના વડા વાયએસ જગન મોહન રેડ્ડીની બહેન પણ છે, આંધ્ર પ્રદેશના કડપાથી ચૂંટણી લડી રહ્યા છે, જેનું પ્રતિનિધિત્વ ભૂતકાળમાં તેના પિતા અને પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વાયએસ રાજશેખર રેડ્ડી અને તેના કાકા દ્વારા કરવામાં આવ્યું હતું.સ્વર્ગસ્થ વાયએસ વિવેકાનંદ રેડ્ડી. આ સીટનું પ્રતિનિધિત્વ જગન મોહન રેડ્ડી પણ કરે છે અને છેલ્લી બે સામાન્ય ચૂંટણીઓમાં તેમની પાર્ટીએ જીત મેળવી હતી. YS શર્મિલા તેના પિતરાઈ ભાઈ અને YSCRP નેતા YS અવિનાશ રેડ્ડી સામે છે, જેમણે ૨૦૧૪ અને ૨૦૧૯ માં કડપા સીટ જીતી હતી. એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટીએ કડપામાં ચડીપીરલ્લા ભૂપેશ સુબ્બારામી રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે.

# ચોથા તબક્કામાં મોદી સરકારના પાંચ મંત્રીઓ પણ મેદાનમાં..

ન્યુ દિલ્હી : લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે મતદાન શરૂ થઈ ગયું છે. આ તબક્કામાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો પર મતદાન થવાનું છે. આ બેઠકો માટે કુલ ૧૭૧૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જે બેઠકો માટે મતદાન થવાનું છે તેમાં કેન્દ્રીય મંત્રીઓની બેઠકોનો પણ સમાવેશ થાય છે.

### ગિરિરાજ સિંહ:



ગિરિરાજ સિંહ બિહારની બેગુસરાય બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ વખતે સીપીઆઈના અવધેશ કુમાર રાયનો મુકાબલો ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ્ય મંત્રી ગિરિરાજ છે. ૨૦૧૯ માં, ભાજપના ગિરિરાજ સિંહે બેગુસરાય બેઠક પર સીપીઆઈના કન્હૈયા કુમારને હરાવ્યા હતા. તે ચૂંટણીમાં ૬૪.૧% મતદાન થયું હતું.

### અજય મિશ્રા ટેની:



ઉત્તર પ્રદેશની ખેરી બેઠક પણ ચર્ચામાં છે. અહીં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેની ફરી ભાજપની ટિકિટ પર મેદાનમાં છે. ટિકુનિયાની ઘટનામાં ખેડૂતોના મોતના કેસમાં તેમના પુત્ર આશિષ મિશ્રાનું નામ સામે આવ્યું હતું. આ ચૂંટણીમાં સપાએ પૂર્વ ધારાસભ્ય ઉત્કર્ષ વર્માને અને બસપાએ પંજાબી સમુદાયના અક્ષય કાલરાને મેદાનમાં ઉતાર્યા છે. ગત ચૂંટણીમાં ખેરી બેઠક પરથી ભાજપના અજય મિશ્રાએ જીત મેળવી હતી. તે ચૂંટણીમાં ૬૬.૨% મતદાન થયું હતું.

### નિત્યાનંદ રાય:



નિત્યાનંદ રાય મસાલાના ઉત્પાદન માટે પ્રખ્યાત બિહારના ઉજિયારપુરથી ચૂંટણી લડી રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ નિત્યાનંદ મોદી સરકારમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી છે. તેમની સામે આરજેડી નેતા અને પૂર્વ મંત્રી આલોક કુમાર મહેતા છે. ૨૦૧૯માં નિત્યાનંદ રાયે ભાજપની ટિકિટ પર ઉજિયારપુર સીટ જીતી હતી. તે ચૂંટણીમાં અહીં ૬૧.૯% મતદાન થયું હતું.

### કિશન રેડ્ડી:



તેલંગાણાની પ્રખ્યાત સીટ સિકંદરાબાદથી જી. કિશન રેડ્ડી ચૂંટણી લડી રહ્યા છે. રેડ્ડી કેન્દ્ર સરકારમાં સંસ્કૃતિ, પર્યટન અને વિકાસ મંત્રી તેમજ તેલંગાણા ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે. આ ચૂંટણીમાં કિશન રેડ્ડીનો સામનો કોંગ્રેસ તરફથી દાનમ નાગેન્દ્ર અને બીઆરએસ તરફથી ટી. પદ્મ રાવ સામે છે. ૨૦૧૯માં સિકંદરાબાદ બેઠક પરથી ભાજપના જી. કિશન રેડ્ડી જીત્યા હતા. તે ચૂંટણીમાં ૪૮.૯% મતદાન થયું હતું.

### રાવસાહેબ દાદારાવ દાનવે:



ચોથા તબક્કામાં ચૂંટણી લડી રહેલા મંત્રીઓમાં રાવસાહેબ દાદારાવ દાનવે પણ સામેલ છે. દાનવે, કેન્દ્રીય રેલ્વે, કોલસા અને ખાણ રાજ્ય મંત્રી, મહારાષ્ટ્રની જાલના બેઠક પરથી ભાજપના ઉમેદવાર છે. તેમની સામે કલ્યાણ કાલે કોંગ્રેસનો ચહેરો છે. ૨૦૧૯માં ભાજપના રાવસાહેબ દાદારાવ દાનવે જાલના બેઠક પરથી જીત્યા હતા. તે ચૂંટણીમાં ૬૯.૩% મતદાન થયું હતું.

## શ્રીનગરમાં મતદાનઃ ચુંટણી સ્ટાફમાં પણ ઉત્સાહ

આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં ચુંટણીને પડકારજનક ગણવામાં આવતી હોય છે પરંતુ આ વખતે સ્થિતિ જુદી છે. ત્રાસવાદી કે અલગતાવાદી સંગઠનોએ કોઈ બહિષ્કારનું એલાન કર્યુ નથી કે ધમકી આપી નથી ત્યારે મતદારોની સાથે ચૂંટણીસ્ટાફમાં પણ ઉત્સાહ રહ્યો હતો. ઈવીએમ સહિતની સામગ્રી સાથે હિમતભેર પોતપોતાના ફરજ પરના મતદાન મથકોએ મૌજૂદ થયા હતા.



# ભાજપને ૪૦૦ પાર કરવા માટે પૂર્વીય રાજ્યોમાંથી પ્રચંડ જનસમર્થન મળશે? વડાપ્રધાનને જબરી આશા

## તેલંગાણા, આંધ્ર, ઓડિશા, બંગાળમાં એવા પરિણામો આવશે જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોયઃ PM મોદી




પટના :
લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાનના ત્રણ તબક્કા પૂર્ણ થઈ ગયા છે. આજે એટલે કે સોમવારે ચોથા તબક્કા માટે મતદાન થશે. ૨૮૪ બેઠકો પર ઉમેદવારોનું ભાવિ સીલ થઈ ગયું છે. પીએમ મોદીએ રવિવારે પટનામાં રોડ શો કર્યો હતો. આ રોડ શોમાં બિહારના સીએમ નીતિશ કુમાર પણ તેમની સાથે હતા. એક ન્યુઝ ચેનલ સાથે વાત કરતા વડાપ્રધાને દાવો કર્યો કે આ વખતે એનડીએનું તોફાન ફૂંકાઈ રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે પૂર્વ ભારતના રાજ્યોમાં અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં આ વખતે ભાજપને મોટી સફળતા મળશે.

**પીએમ મોદીને પૂર્વના રાજ્યોમાંથી કેમ આશા છે?**
છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યો માટે ઘણી યોજનાઓ પર કામ કર્યું છે. પૂર્વીય રાજ્યો પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડ માટે પણ ભાજપ દ્વારા મોટી તૈયારીઓ કરવામાં આવી છે. નીતીશ કુમાર બિહારમાં એનડીએમાં પાછા ફર્યા, જ્યારે ઝારખંડ ભાજપનો જૂનો ગઢ રહ્યો છે. જો કે, ઝારખંડમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ભાજપે તેના જૂના દિગ્ગજ નેતા બાબુલાલ મરાંડીને પરત મેળવીને પાર્ટીને મજબૂત બનાવી છે.

**પૂર્વીય રાજ્યોનું સમીકરણ શું છે?**
જો બિહાર, ઝારખંડ, બંગાળ અને ઓડિશાની વાત કરીએ તો આ રાજ્યોમાં કુલ ૧૧૭ લોકસભા સીટો છે. ગત લોકસભા ચૂંટણીમાં NDAને ૭૭ બેઠકો પર સફળતા મળી હતી. બિહારમાં NDA ને ૪૦ માંથી ૩૯ બેઠકો મળી હતી. ઝારખંડમાં NDA એ ૧૪માંથી ૧૨ સીટો જીતી હતી. બંગાળમાં ભાજપે ૪૨માંથી ૧૮ બેઠકો જીતી હતી. ઓડિશામાં ૨૧ બેઠકોમાંથી ભાજપે ૮ બેઠકો જીતી હતી. આ ૪ રાજ્યોમાં હજુ પણ ૪૦ બેઠકો એવી છે જ્યાં ભાજપને ગત ચૂંટણીમાં જીત મળી ન હતી. એનડીએના મિશન ૪૦૦ને લઈને ભાજપ આ વિસ્તારોમાં વિસ્તરણ ઈચ્છે છે.

**ક્યા રાજ્યમાં કેટલી બેઠકો વધારવાનો લક્ષ્યાંક છે?**
જો ઝારખંડની વાત કરીએ તો NDA પાસે ૧૪માંથી ૧૨ સીટો છે. એનડીએ તમામ ૧૪ બેઠકો જીતવાનો પ્રયાસ કરી રહી છે. એનડીએ ઝારખંડમાં ૨ સીટો વધારવા માંગે છે. છેલ્લી ચૂંટણીમાં બંગાળની ૪૨માંથી ૧૮ બેઠકો જીતી હતી. એનડીએએ આ ચૂંટણીમાં ૩૫ બેઠકોનો લક્ષ્યાંક રાખ્યો છે. એટલે કે NDA ૧૭ સીટો વધારવાના લક્ષ્ય પર કામ કરી રહી છે. ઓડિશામાં પણ ભાજપનું મિશન ૧૫ બેઠકો છે. આવી સ્થિતિમાં ભાજપને ઓડિશામાંથી પણ ૭ બેઠકો વધવાની આશા છે. આ રાજ્યોમાં એનડીએ અગાઉની ચૂંટણીઓ કરતાં ૨૭ વધુ બેઠકો જીતવાના લક્ષ્ય સાથે કામ કરી રહી છે.

**આંધ્ર પ્રદેશ, તેલંગાણામાં રેકોર્ડ સર્જાશેઃ**
વડા પ્રધાને કહ્યું, 'આ વખતે પૂર્વ ભારતના રાજ્યો બંગાળ, બિહાર, ઓડિશા, તેલંગાણામાં ચોંકાવનારા પરિણામો જોવા મળશે.'તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં અમારી સરકારે આરોગ્ય, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત દરેક ક્ષેત્ર માટે ધ્યાન આપવામાં આવ્યું છે.

આ ચૂંટણીમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવશે.' તેમણે દાવો કર્યો કે તેલંગાણા, બંગાળ, ઓડિશા, બિહાર જેવા રાજ્યોમાં મોટી જીત થશે. તેમણે દાવો કર્યો કે NDA બિહારમાં તમામ ૪૦ બેઠકો જીતશે.

પીએમ મોદીએ કહ્યું, દેશે કોંગ્રેસ અને ડાબેરીઓનું મોડલ જોયું, દેશે મિશ્ર સરકારનું મોડલ પણ જોયું. દેશે ભાજપની ગતિશીલ, નિર્ણાયક સરકાર પણ જોઈ છે, લોકોએ અમારી રિસ્ક લેતી સરકાર જોઈ છે. ભાજપે શાસનનું મોડેલ આપ્યું.

જ્યારે પીએમ મોદીએ કહ્યું કે તેલંગાણા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં અમને એવી સફળતા મળશે જેની લોકો કલ્પના પણ નહીં કરે. આ બંને રાજ્યો ભાજપના મિશન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કર્ણાટક બાદ દક્ષિણ ભારતના આ બે રાજ્યો છે જ્યાં ભાજપે જોરદાર એન્ટ્રી કરી છે. તેલંગાણામાં લોકસભાની ૧૭ બેઠકો છે. ગત ચૂંટણીમાં ભાજપને ૪ બેઠકો મળી હતી. આ વખતે ભાજપ પોતાનો આંકડો ૨ અંક સુધી લઈ જવા માંગે છે. જો આંધ્રપ્રદેશની વાત કરીએ તો ભાજપે આ રાજ્યમાં મજબૂત ગઠબંધનની તૈયારી કરી છે.

# બેંગ્લુરુની સતત 5મી જીતઃ પ્લેઓફની આશા અકબંધઃ પાટીદારની ફિફ્ટી, યશ દયાલે ૩ વિકેટ ઝડપી

### ૧૬ વર્ષની મિત્રતામાં પ્રથમ વખત બોલર ઈશાંત શર્માએ વિરાટ કોહલીને આઉટ કર્યો






**સીઝનમાં પાટીદારની 5મી ફિફ્ટી :**

રજત પાટીદારે ૨૯ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે સિઝનમાં તેની ૫મી ફિફ્ટી ફટકારી. આ તેની ૭મી આઈપીએલ ફિફ્ટી છે.

**કોહલીની વિકેટ લેતો ઈશાંત, પેવેલિયન જતાં વખતે બન્ને મિત્રોએ મસ્તી કરી :**

બેંગલુરુએ પણ ચોથી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી દીધી હતી. અહીં વિરાટ કોહલી ૨૭ રન બનાવીને આઉટ થયો હતો. તે ઈશાંત શર્માના હાથે વિકેટકીપર અભિષેક પોરેલના હાથે કેચ આઉટ થયો હતો. ઈશાંતે IPL ઈતિહાસમાં પ્રથમ વખત કોહલીની વિકેટ લીધી છે.

બેંગલોર,તા.૧૩

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2024માં સતત ૫મી જીત હાંસલ કરી. ટીમે વર્તમાન સિઝનની ૬૨મી મેચમાં દિલ્હી કેપિટલ્સને ૪૭ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે RCBએ તેની પ્લેઓફની આશા જીવંત રાખી છે. ટીમ ૧૨ પોઈન્ટ સાથે ૫માં નંબર પર આવી છે. આ સાથે જ દિલ્હી છઠ્ઠા નંબર પર આવી ગયું છે.

એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દિલ્હીએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. બેંગલુરુએ હોમ ગ્રાઉન્ડ પર ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૪૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આરસીબી માટે રજત પાટીદારે ૩૨ બોલમાં ૫૨ રનની અડધી સદી ફટકારી હતી જ્યારે વિલ જેક્સે ૪૧ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ ૩ છગ્ગાની મદદથી ૨૭ રન બનાવ્યા હતા. કેમરૂન ગ્રીને ૩૨ રનની અણનમ ઇનિંગ રમી હતી. ખલીલ અહેમદ અને રસિક સલામને ૨-૨ વિકેટ મળી હતી. ઈશાંત શર્મા, મુકેશ કુમાર અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી.

ડીસીના કેપ્ટન અક્ષર પટેલે ૫૭ રનની ઈનિંગ રમી હતી. શાઈ હોપ ૨૯ રન બનાવીને આઉટ થયા હતા અને જેક ફ્રેઝર-મેગાર્ક ૨૧ રન બનાવીને આઉટ થયા હતા. યશ દયાલને ૩ અને લોકી ફર્ગ્યુસનને ૨-૨ વિકેટ મળી હતી. સ્વપિનલ સિંહ, મોહમ્મદ સિરાજ અને કેમરન ગ્રીનને એક-એક વિકેટ મળી હતી. ૨ બેટ્સમેન રન આઉટ થયા હતા.

IPL રસપ્રદ અને નિર્ણાયક સ્થિતિમાં : હવે પ્લેઓફ માટે ટીમો વચ્ચે કાંટે કી ટક્કર

# CSK એ RRને ૫ વિકેટે હરાવ્યુંઃ ગાયકવાડના અણનમ ૪૨ રન, સિમરજીત સિંહ પ્લેયર ઓફ ધી મેચ - ૩ વિકેટ લીધી

### ચેન્નાઈ સુપર કિંગ્સએ ઘર આંગણે ચિદમ્બરમ સ્ટેડિયમમાં ૫૦ મેચ જીતની ઉજવણી કરી





ચેન્નાઈ :

ચેન્નાઈ સુપર કિંગ્સે IPL-૨૦૨૪ના પ્લેઓફની પોતાની આશાઓ અકબંધ રાખી છે. ટીમે વર્તમાન સિઝનની ૬૧મી મેચમાં રાજસ્થાન રોયલ્સને ૫ વિકેટથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. ચેન્નાઈના ૧૩ મેચ બાદ ૧૪ પોઈન્ટ છે.

એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી દિવસની પ્રથમ મેચમાં રાજસ્થાને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૪૧ રન બનાવ્યા હતા અને ચેન્નાઈને ૧૪૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ચેન્નાઈએ ૧૮.૨ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. CSK તરફથી કેપ્ટન રુતુરાજ ગાયકવાડે ૪૨ રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે સિમરજીત સિંહે ૩ વિકેટ લીધી હતી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો.

રાજસ્થાન માટે રિયાન પરાગે ૩૫ બોલમાં અણનમ ૪૭ રનની ઈનિંગ રમી હતી . તેમના સિવાય ધ્રુવ જુરેલે ૨૮, યશસ્વી જયસ્વાલે ૨૪ અને જોસ બટલરે ૨૧ રન બનાવ્યા હતા. ચેન્નાઈ તરફથી સિમરજીત સિંહે ૩ વિકેટ ઝડપી હતી. તેના સિવાય તુષાર દેશપાંડેએ ૨ વિકેટ લીધી હતી.

લક્ષ્યનો પીછો કરતી વખતે ચેન્નાઈ તરફથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૪૧ બોલમાં ૪૨ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેમના સિવાય રચિન રવિન્દ્રએ ૨૭ રન, ડેરિલ મિશેલે ૨૨ રન અને શિવમ દુબેએ ૧૮ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી રવિચંદ્રન અશ્વિને ૨ વિકેટ લીધી હતી. નાન્દ્રે બર્જર અને યુઝવેન્દ્ર ચહલને ૧-૧ વિકેટ મળી હતી. જ્યારે રવીન્દ્ર જાડેજા મેદાનમાં અવરોધ ઉભો કરવાને કારણે આઉટ થયો હતો.




# વિરાટને ઓપનિંગમાં મોકલો : સૌરવ ગાંગુલીનું અગત્યનું મંતવ્ય



બેંગલુરૂ : ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ શુક્રવારે કહ્યું કે ભારતીય ટીમ મેનેજમેન્ટે વર્તમાન આઇપીએલમાં વિરાટ કોહલીના શાનદાર ફોર્મને ધ્યાનમાં લેવું જોઇએ અને તેને આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇનિંગ્સની શરૂઆત કરવી જોઇએ. આ આઇપીએલમાં કોહલીએ ૧૨ મેચમાં ૧૫૩.૫૧ના શાનદાર સ્ટ્રાઇક રેટ અને ૭૦.૪૪ની એવરેજની ૬૩૪ રન બનાવ્યા બાદ ઓરેન્જ કેપ પહેરી છે અને આ સ્ટ્રાઇક રેટ તેની કારકીર્દીના ૧૩૪.૩૧ના સ્ટ્રાઇક રેટ કરતા ઘણો વધારે છે. ગાંગુલીએ કહ્યું, વિરાટ ખુબ સારૂ રમી રહ્યો છે.

આપણે તેની છેલ્લી કેટલીક આઇપીએલ ઇનિંગ્સ પર નજર કરીએ તો તે શાનદાર રહી છે. આ કારણે જ દાવની શરૂઆત કોહલીએ કરવી જોઇએ. ગાંગુલીએ કહ્યું કે ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ માટે એક સંતુલિત ટીમ પસંદ કરી છે જે ૧૭ વર્ષના અંતરાલ બાદ ટ્રોફી જીતવાની ક્ષમતા ધરાવે છે.

બીજી તરફ મહાન ભારતીય સ્પીનર અનિલ કુંબલેએ પણ વિરાટ કોહલીની પ્રશંસા કરી હતી અને આશા વ્યકત કરી હતી.

કોહલીનું ફોર્મ જરૂર અમેરિકામાં ચાલુ થનાર ટી-૨૦ વર્લ્ડ કપમાં તેનું શાનદાર આઇપીએલ ફોર્મ ચાલુ રાખશે. કુંબલેએ કહ્યું, તે શાનદાર ફોર્મમાં છે. તેને આ આઇપીએલમાં બ્રેક મળ્યો અને ત્યારથી તે સતત વધુને વધુ સારૂ રમી રહ્યો છે. તમે તેને જોઇ શકો છો.

# RCBની જીત બાદ પોઈન્ટ ટેબલમાં કેટલો ફેરફાર થયો? હવે શું છે પ્લેઓફના સમીકરણો, મુંબઈ અને પંજાબ સિવાય તમામ ટીમ રેસમાં

### અત્યાર સુધી માત્ર કોલકાતા નાઈટ રાઈડર્સે જ પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિ ત કર્યું છે : તે જ સમયે, ૭ ટીમો અન્ય ત્રણ સ્થાન માટે દાવેદાર છે



મુંબઈ :

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને ૪૭ રનથી હરાવ્યું. આ રીતે ફાફ ડુ પ્લેસિસની આગેવાનીમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સતત પાંચમી જીત નોંધાવી હતી. જોકે, આ જીત બાદ RCBની પ્લેઓફ રમવાની આશા જીવંત છે, પરંતુ દિલ્હી કેપિટલ્સની આશાને મોટો ફટકો પડ્યો છે. જો કે હવે બંને ટીમોના પોઈન્ટ ૧૨-૧૨ પોઈન્ટની બરાબર છે. ઉપરાંત, બંને ટીમોનું ભાવિ તેમના હાથમાં નથી. RCB અને દિલ્હી કેપિટલ્સ બંનેએ પ્લેઓફ માટે અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે. તે જ સમયે, અત્યાર સુધી ફક્ત કોલકાતા નાઈટ રાઈડર્સે જ પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે, જ્યારે બાકીની ૩ ટીમોનો નિર્ણય લેવાનો બાકી છે.

શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની કોલકાતા નાઈટ રાઈડર્સે ૧૨ મેચમાં ૧૮ પોઈન્ટ સાથે ક્વોલિફાઈ કર્યું છે. તે જ સમયે, રાજસ્થાન રોયલ્સના ૧૨ મેચમાં ૧૬ પોઈન્ટ છે. આ ટીમ પ્લેઓફ પણ રમશે તે લગભગ નિશ્ચિત છે. જ્યારે ત્રીજા ક્રમની ચેન્નાઈ સુપર કિંગ્સ અને ચોથા ક્રમની ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના ૧૪-૧૪ પોઈન્ટ છે, પરંતુ પેટ કમિન્સની ટીમ પાસે ૨ મેચ બાકી છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પાસે માત્ર ૧ મેચ બાકી છે. આ સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ૧૩ મેચમાં ૧૨ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની હાર બાદ દિલ્હી કેપિટલ્સના ૧૩ મેચમાં ૧૨ પોઈન્ટ છે, હવે આ ટીમ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. આ પછી લખનૌ સુપર જાયન્ટ્સ ૧૨ મેચમાં ૧૨ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે. જ્યારે શુભમન ગિલની આગેવાની હેઠળની ગુજરાત ટાઈટન્સ ૧૨ મેચમાં ૧૦ પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે. KKR પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે બાકીના ૩ સ્થાનો માટે ૭ દાવેદાર છે. મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ સિવાય તમામ ટીમ પ્લેઓફની રેસમાં છે. આ રીતે પોઈન્ટ ટેબલ ખૂબ જ રસપ્રદ બની ગયું છે.

# સૂરજની સપાટી પર થયેલા વિસ્ફોટોથી નીકળેલી જવાળાઓ નાસાના કેમેરામાં કેદ

### આસમાનમાં દેખાઈ રોશનીઃ સૂર્યની સપાટી પર થયેલા વિસ્ફોટોની તાકાત અબજો હાઈડ્રોજન બોમ્બ જેટલી



વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૩

નાસાએ સૂર્યની સપાટી પર શુક્રવારે અને શનિવારે થયેલા બે વિસ્ફોટોને રેકોર્ડ કર્યા હતા. આ દરમિયાન સૂરજમાંથી જવાળાઓ (સોલર ફલેયર્સ) પણ નીકળી હતી. સોલર ડાયનેમિકસ ઓબ્ઝર્વેટરીએ આ નજારાને કેદ કર્યો હતો. નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૧-૧૧ મે ૨૦૨૪ના સૂર્યમાંથી બે ફલેયર્સ નીકળ્યા હતા. સોલર ડાયનેમિકસ ઓબ્ઝર્વેટરીએ ઘટનાઓની તસ્વીરો ખેંચી હતી. જેને એકસ ૫.૮ અને એકસ ૧.૫ શ્રેણીના ફલેયર્સના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

આકાશમાં દેખાય છે રોશનીઃ ખરેખર તો સૂર્યના નોર્થ અને સાઉથ પોલ્સ પોતાની જગ્યા બદલે છે જેને બીજી વાર સ્વીચ કરવામાં ૧૧ વર્ષ લાગે છે. આ સમયગાળા દરમિયાન સૂર્યમાંથી ફલેયર્સ નીકળે છે. ધરતી પર પણ તેની અસર જોવા મળે છે અને આકાશમાં તો સુંદર રોશની જોવા મળે છે. જો કે સૌથી શક્તિશાળી સૌર વાવાઝોડુ વર્ષ ૧૮૫૯માં પૃથ્વી સાથે ટકરાયું હતુ તેને કરીંગટન ઈવેન્ટ નામ આપવામાં આવ્યું હતું. આ તોફાનના કારણે સંચાર લાઈનો પુરી રીતે ખરાબ થઈ ગઈ હતી.

**આ રીતે બને છે સૂરજ ફલેયર્સઃ** સૂર્યમાંથી જયારે ચુંબકીય ઉર્જા રિલીઝ થાય છે ત્યારે તેમાંથી નીકળતા પ્રકાશ અને પાર્ટિકલ્સ સૌર ફલેયર્સનું રૂપ ધારણ કરે છે.

આપણા સૂર્ય મંડળમાં ફલેયર્સ અત્યાર સુધીના શક્તિશાળી વિસ્ફોટ છે. જેમાં અબજો હાઈડ્રોજન બોમ્બની તુલનામાં ઉર્જા રિલીઝ થાય છે. તેમાં રહેલ અનેર્જિક પાર્ટિકલ્સ પ્રકાશન ગતિથી પોતાની સફર નકકી કરે છે. જો સોલર ફલેયરની દિશા પૃથ્વી તરફ હોય તો તે જિયો મેગ્નેટીક અર્થાત ભૂ ચુંબકીય ગરબડ પેદા કરી શકે છે.

# દડો સ્ટમ્પને ન લાગ્યો છતાં પણ જાડેજાને આપી દેવામાં આવ્યો આઉટ, અજીબોગરીબ ઘટના

IPL 2024 વિચિત્ર ઘટનાઓથી ભરેલી રહી છે. રવિવારે રમાયેલી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ મેચમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. પહેલા રમતા આરઆરએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૪૧ રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરતી વખતે ચેન્નાઈની ટીમ ઘણી મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી હતી. આ દરમિયાન, જાણો ૧૬મી ઓવરમાં રવિન્દ્ર જાડેજા સાથે કંઈક એવું થયું, જેના કારણે તેને બોલ સ્ટમ્પને અડ્યા વિના આઉટ જાહેર કરવામાં આવ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લોકો આ કિસ્સા પર મજેદાર કોમેન્ટ પણ કરી રહ્યા છે.

ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગની ૧૫મી ઓવરનો આ મામલો છે. ૧૪૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા CSKએ ૧૫ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૧૬ રન બનાવ્યા હતા. ૧૬મી ઓવર નાખવા આવેલા આવેશ ખાને પહેલા ૪ બોલમાં ચાર રન આપ્યા હતા. કેપ્ટન ૠતુરાજ ગાયકવાડ અને રવિન્દ્ર જાડેજા ક્રિઝ પર હતા. આ દરમિયાન પાંચમો બોલ જાડેજાએ થર્ડ મેન તરફ ફટકાર્યો હતો. જાડેજા ૨ રન લેવા માંગતો હતો, પરંતુ ગાયકવાડ ન દોડ્યો. તેથી જ્યારે જાડેજા બીજા રન માટે અડધી પીચ પર દોડતો આવી ગયો હતો, ત્યારે તેણે નોન-સ્ટ્રાઈકીંગ એન્ડ પર પાછા ફરવું પડ્યું. જ્યારે વિકેટકીપર સંજુ સેમસને સીધો હિટ મારવાનો પ્રયાસ કર્યો ત્યારે જાડેજા બોલ અને સ્ટમ્પની વચ્ચે આવી ગયો. અમ્પાયરે રિવ્યૂ માટે સંકેત આપ્યો, જેમાં જાણવા મળ્યું કે જાડેજાએ બોલને સ્ટમ્પ સાથે અથડાતા રોક્યો હતો. આ કારણોસર જાડેજાને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો.



ઈન્કમટેકસે નવી સુવિધા શરૂ કરી

# આવકવેરા વિભાગના પોર્ટલ પર એક જ કલીકથી તમામ નોટીસ-માહિતી જોવા મળશે

નવી દિલ્હી તા.૧૩

કરદાતાઓની સુવિધા માટે નવા-નવા સુધારા કરતા આવકવેરા વિભાગે પોર્ટલ પર વધુ એક સુવિધા શરૂ કરી છે જેની મદદથી એક જ કલીકના આધારે કરદાતા આવકવેરા વિભાગની તમામ નોટીસો જોઈ શકશે. નવા ઈ-પ્રોસીડીંગ સેકશનમાં આ સુવિધા જોડવામાં આવી છે.

આવકવેરા વિભાગ દ્વારા એક પ્રશ્નોતરી જારી કરીને નવા ફિચર વિશે જાણકારી આપવામાં આવી છે. ઈ-ફાઈલીંગ પોર્ટલ પર ઉપલબ્ધ ઈ-પ્રોસીડીંગ ટેબમાં આવકવેરા વિભાગે જારી કરેલી તમામ નોટીસ, ઈન્ટીમેશન તથા પત્રો એક જ સ્થળે નિહાળી શકાશે. નવા ટેબ પર કલીક કરવાની સાથે જ તમામ નોટીસ અને પેન્ડીંગ ટેકસની વિગતો મળી શકશે અને તેનો ઓનલાઈન જવાબ પણ આપી શકાશે. ટેબમાં સર્વેનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે તેના આધારે કરદાતા સરળતાથી કોઈ ચોકકસ નોટીસ અલગ તારવી શકે છે. કરદાતા દ્વારા આવકવેરા રીટર્ન ફાઈલ કરવામાં ન આવે અથવા બેંક, વ્યાજ, પ્રોપર્ટી ભાડા કે તેના વેચાણની આવક કે અન્ય મોટા વ્યવહારોની માહિતી આપવામાં ન આવે તો વિભિન્ન જોગવાઈઓ હેઠળ નોટીસ ઈસ્યુ કરવામાં આવતી હોય છે. ચાલુ વર્ષે નોટીસ મેળવનારા કરદાતાઓને જવાબ આપવાની મુદત ૩૦ જૂન હોય છે.



BEHIND EVERY SUCCESS TVS

# તપોવન વિદ્યાસંકુલ - આંકોલવાડી (ગીર)

તાલાળા-ઉના રોડ, તા. તાલાળા, જિ. ગીર સોમનાથ, આંકોલવાડી(ગીર) મો. : 90 16 71 71 72 / 97277 55662 / 99090 29078

**સ્કોલરશીપ ટેસ્ટ**

ધોરણ : 11 સાયન્સમાં એડમિશન માટે એન્ટ્રન્સ ટેસ્ટ લઈ મેરીટ પ્રમાણે સ્કોલરશીપ આપવામાં આવશે. અને ધોરણ 10 માં **A1** ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને **100 %** શૈક્ષણિક ફી માફ...

## Std. 10 2024 બોર્ડનું પરિણામ 82.56% | જિલ્લાનું પરિણામ 79.20% | તપોવન નું પરિણામ 100%

### કેન્દ્રમાં પ્રથમ સ્થાને

લાઠીયા કૃપાલી

PR 99.53

Grade A1




Grade A1
કલસરીયા હેપ્પી PR 99.28


Grade A1
વાળા ધ્રુવ PR 99.21


Grade A1
ગેડિયા સુમિત PR 98.82


Grade A1
લાઠિયા કેવલ PR 98.27


Grade A1
ભંડેરી કેનવી PR 98.17


Grade A1
મકાણી ખુશી PR 98.05


Grade A1
બુટાણી માનવ PR 97.95


Grade A1
લક્કડ વિશ્વા PR 97.85


Grade A1
સોલંકી રૂચિત PR 97.63


Grade A1
વાઢેળ જય PR 97.63


Grade A1
ભંડેરી સ્નેહ PR 97.40


Grade A1
સાવલીયા કાર્નિ PR 97.40

**97** કે વધુ PR મેળવતાં **13** વિદ્યાર્થીઓ

**95** કે વધુ PR મેળવતાં **36** વિદ્યાર્થીઓ

**90** કે વધુ PR મેળવતાં **69** વિદ્યાર્થીઓ

ગણિત માં 100 માંથી 100 મેળવતા 04 વિદ્યાર્થીઓ... વિજ્ઞાન માં 100 માંથી 100 મેળવતા 02 વિદ્યાર્થીઓ...

## Std. 12 Sci. 2024 બોર્ડનું પરિણામ 82.45% | જિલ્લાનું પરિણામ 80.46% | તપોવન નું પરિણામ 97.47%

### કેન્દ્રમાં પ્રથમ સ્થાને

ડોબરીયા નિશાદ

PR 99.43

All Over Grade A1

GUJ-CET 106.25 / 120



### બોર્ડમાં વિષય પ્રથમ

મકવાણા કર્ણ

PR 99.88

Sci.Grade A1

GUJ-CET 115 / 120

Maths 100/100



### સ્કૂલમાં દ્વિતીય સ્થાને

વાળા પ્રિન્સ

PR 97.78

Sci.Grade A1

GUJ-CET 110.25 / 120



BOARD | STD.12 | 2024

**95** કે વધુ PR મેળવતાં **13** વિદ્યાર્થીઓ

**90** કે વધુ PR મેળવતાં **52** વિદ્યાર્થીઓ

**80** કે વધુ PR મેળવતાં **98** વિદ્યાર્થીઓ

ગીર સોમનાથ જીલ્લામાં A1 ગ્રેડ 02 માંથી તપોવનનો 01 વિદ્યાર્થી | A2 ગ્રેડ 64 માંથી તપોવનના 22 વિદ્યાર્થી

## Std. 12 Comm. 2024 બોર્ડનું પરિણામ 91.92% | જિલ્લાનું પરિણામ 92.41% | તપોવન નું પરિણામ 97.95%

### સ્કૂલમાં પ્રથમ સ્થાને

બલદાણીયા શુભમ

PR 99.38

Grade A1




ગોઠડિયા ધૃતિ PR 98.34


જાવંધ્રા તુલસી PR 96.06

BOARD | STD.12 | 2024

**95** કે વધુ PR મેળવતાં **06** વિદ્યાર્થીઓ

**90** કે વધુ PR મેળવતાં **19** વિદ્યાર્થીઓ

**80** કે વધુ PR મેળવતાં **29** વિદ્યાર્થીઓ

SOMNATH ART - TALALA

**11-12 સાયન્સની અમારી નં. 1 શૈક્ષણીક ટીમ.**

અન્ય સ્કુલોમાં છેલ્લા બે વર્ષનો રેકોર્ડ જોતા ખ્યાલ આવશે કે દરેક સ્કુલમાં શિક્ષકો બદલાતા રહે છે જયારે અમારી સંસ્થામાં મુખ્ય શિક્ષકો બદલાશે નહિ કારણ કે મુખ્ય શિક્ષકો જ સંચાલકો છે.

ભાઈઓ તથા બહેનો માટે અલગ-અલગ હોસ્ટેલ સુવિધા ધોરણ 5 થી 12 માટે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રાજેશ સર<br>M.A., M.Ed.<br>Principal | દોમડીયા સર<br>M.Sc., B.Ed.<br>Maths | વિનેશ સર<br>M.Sc., B.Ed.<br>Maths | માવાણી સર<br>M.Sc., B.Ed.<br>Chemistry | ચોથાણી સર<br>M.Sc., B.Ed.<br>Physics | ડોબરીયા સર<br>M.Sc., B.Ed.<br>Physics | કાદરી સર<br>M.Sc., B.Ed.<br>Biology |

L.K.G. થી ધો. 11 સાયન્સ/કોમર્સમાં એડમીશન ચાલુ છે...

### પીએમે ગુરૂદ્વારામાં માથુ ટેકવ્યું, રોટલી વણી, લંગર પ્રસાદ પીરસ્યો

# બિહારમાં મોદી અચાનક પટણા સાહિબ ગુરૂદ્વારા પહોંચતા રાજકારણ ગરમાયું

## રાજદ, કોંગ્રેસ અને ઇન્ડી એલાયન્સને કોઇએ ભૂલથી પણ મત આપ્યો તો તે બેકાર જશેઃ મોદીના હાજીપુરમાં વિપક્ષો પર પ્રહારો

પટણા (બિહાર), તા.૧૩

વડાપ્રધાન મોદી હાલ બિહારના બે દિવસના પ્રવાસે છે. અહીં તેમણે બે કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો. આજે વડાપ્રધાન મોદી અચાનક પટના સાહિબ પહોંચ્યા હતા, જ્યાં તેમણે ગુરુદ્વારામાં માથુ ટેકવીને લંગર સેવા પણ કરી હતી, જેને લઇને બિહારમાં રાજકારણ ગરમાયું છે.

બિહારની પાંચ લોકસભા સીટ પર મતદાન ચાલુ છે. દરમ્યાન વડાપ્રધાન મોદી અચાનક પટના સાહિબ પહોંચ્યા હતા. અહીં તેમણે ગુરુદ્વારામાં માથુ ટેકવ્યા બાદ એવું કર્યું હતું કે જેની ચર્ચા દેશભરમાં થવા લાગી હતી. ગુરુદ્વારામાં પીએમ મોદીનો બિલકુલ અલગ અંદાજ જોવા મળ્યો હતો. ગુરુદ્વારામાં માથુ ટેકવ્યા બાદ મોદીએ અહીં લંગર સેવામાં પણ ભાગ લીધો હતો. જેમાં તે ભોજન પીરસતા જોવા





મળ્યા હતા. જેની તસ્વીરો-વીડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા.

વડાપ્રધાનની ગુરુદ્વારાની મુલાકાતની તસ્વીરો ભાજપે સોશ્યલ મીડિયામાં વાયરલ કરતાં લખ્યું, સતગુરુની સેવા સફળ છે, જે કો કરે ચિત લાએ, ગુરુદ્વારામાં વડાપ્રધાને રોટલી પણ વણી હતી.

ગુરુદ્વારાની વડાપ્રધાને મુલાકાત લીધી ત્યારે પીએમ મોદીનું શિખ સમુદાયના લોકોએ સ્વાગત કર્યું હતું. આ તકે વડાપ્રધાન મોદીનું શિખ સમુદાયના લોકોએ સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાનને અંગ વસ્ત્ર શ્રીરૂપ સહિત પુષ્પ ગુચ્છ દઇને સન્માનિત કરાયા હતા.

આ તકે હાજીપુરમાં વડાપ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે આ પ્રથમ લોકસભા ચૂંટણી છે જે અમારા મિત્ર સ્વ. રામ વિલાસ પાસવાનની ગેરહાજરીમાં લડાઇ રહી છે. અમે હાજીપુર માટે રામ વિલાસ પાસવાનના સપનાને પુરું કરવા પ્રતિબદ્ધ છીએ. ચાર જુન બહુ દુર નથી. ચૂંટણી પરિણામો ફરી એકવાર મોદી સરકાર કહેશે. રાજદ, કોંગ્રેસ અને ઇન્ડી એલાયન્સને તરલેચૂકે પણ મત આપ્યો તો તે વોટ બેકાર જવાનું નક્કી છે. બિહારના લોકો ઘણા સમજદાર છે.

# કાળઝાળ ગરમી બાદ આજથી પાંચ દિવસ માવઠાની આગાહી

### સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવામાન પલ્ટો : કેરી-રાવણાના પાક પર ચિંતા : અમુક સ્થળે તા.૧૭ સુધી કડાકા ભડાકા સાથે વરસાદ પડશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી બાદ રાજયનાં કેટલાંક ભાગોમાં ફરી હવામાન પલ્ટો આવ્યો છે અને અમુક સ્થળે માવઠા વરસ્યા છે.

દરમ્યાન આજથી તા.૧૭ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતનાં અનેક વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે માવઠુ વરસવાની આગાહી થતા ફરી ખેડુતો ચિંતાતુર બન્યા છે.

હાલ વૈશાખ માસ એટલે ધોમધખતો તાપ પવન સાથે ભારે બફારો જોવા મળી રહ્યો છે. ઉનાળો સોળે કળાએ ખીલ્યો હોય તેમ ચોતરફ ત્રાહીમામ પોકાર ઉઠી રહ્યો છે ત્યારે આકાશમાં ત્રણેક દિવસથી વાદળો જોવા મળી રહ્યા છે. ત્યારે માવઠાની આગાહી કરવામાં આવતા કેરી, રાવણા, જાંબુ ઉનાળુ મગફળી, તલ, મગ સહિતના પાકો ખેતરમાંઉભા છે.

આ સમયે માવઠાની ડાંગ સાથે આવી પડતા ખેડુતો બગીચા ધારકો, ઇજારેદારોની ચિંતા વધી રહી છે. આજે તા. ૧૩ મેથી ૧૭ મે એટલે ૫ દિવસ સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે માવઠુ થઇ શકે છે. સાથે કરા, ભારે પવન કડાકા ભડાકા સાથે વરસાદ ગાજવીજ સાથે પડશે તેવી આગાહી કરવામાં આવી છે.

તલ, મગ, પાક ઉપર આવી ઉભડા-



ઢગલા ખેતરોમાં પડયા પાક તૈયાર થઇને ખેતરમાં ઉભો છે. તૈયાર થયેલ પાકને સલામત સ્થળે લઇ જવાની તાકીદ કરવામાં આવી છે.

દરમ્યાન જામનગરમાં સતત ત્રણ દિવસથી સ્થિર મહત્તમ તાપમાનમાં આશિક વધારો થયો હતો. પવનની ગતિમાં 'ઘટાડાથી ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં. વાતાવરણમાં ભેજનું પ્રમણ વધીને ૮૨ ટકા રહ્યું હતું.

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી રહેતા આકરા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે તેમાં મહત્તમ તાપમાન આંશિક એક ડિગ્રી વધ્યું હતું. જો કે, પવનની ગતિમાં આંશિક ઘટાડો થયો હતો. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૯.૮ કિ.મી.ની રહેવા પામી હતી. મહતમ તાપમાન વધતા અને. પવનની ગતિ ઘટતા ગરમી અને બફારાથી લોકો અકળાઈ ગયા હતાં.

જો કે, પવનથી સાંજથી વાતાવરણમાં ધીમે-ધીમે ઠંડક પ્રસરતા લોકોએ ગરમીમાંથી રાહત મળતા હાશકારો અનુભવ્યો હતો. જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૨૬.ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાક ૯.૮ કિમિ નોંધાઇ હતી.ગરમી વચ્ચે શહેરના અમુક વિસ્તારોમાં વીજકાપથી લોકો પરેશાન થયા હતાં. દરમ્યાન ગઇકાલે પણ રાજકોટ સહિત રાજયમાં દિવસભર આકરો તાપ અનુભવાયો હતો. રાજકોટમાં ૪૧.૫, સુરેન્દ્રનગરમાં ૪૨, અમદાવાદમાં ૪૧.૭, અમરેલીમા ૩૬.૫, વડોદરામાં ૪૦, ભાવનગરમાં ૩૮.૨, ભુજમાં ૩૮.૮, દાહોદમાં ૪૦, ડિસામાં ૪૦.૮, ગાંધીનગરમાં ૪૧ તથા વેરાવળ ખાતે ૩૩.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

# હૈદરાબાદમાં ભાજપ ઉમેદવારે મુસ્લીમ મહિલાઓના ઓળખકાર્ડ ચકાસ્યાઃ કેસ દાખલ કરાયો

### મેં કંઈ ખોટું નથી કર્યું, આ મારો અધિકારઃ માધવી લતાનો બચાવ

હૈદરાબાદ તા.૧૩

હૈદરાબાદ લોકસભા ક્ષેત્રના ભાજપના મહિલા ઉમેદવાર માધવી લતા મુસ્લિમ મહિલાઓના બુરખા ઉતારી તેમના ઓળખપત્રો ચકાસતા હોવાનો વિડીયો બહાર આવતા હંગામો મચી ગયો છે. આ મામલે ફરિયાદ થતા ભાજપના ઉમેદવાર માધવી લતા સામે કેસ દાખલ થયો છે.

આ મામલે ભાજપ ઉમેદવાર માધવી લતાએ સ્પષ્ટતા કરી છે કે તેણે માત્ર મહિલાઓને જ અનુરોધ કર્યો હતો કે તે તેની ઓળખ વેરિફાઈ કરાવે અને આમાં કંઈ ખોટું નથી. હું એક ઉમેદવાર છું અને કાયદા મુજબ મને આ અધિકાર છે. જો કોઈ આને મુદો બનાવે તો તેનો મતલબ એ છે કે તે



ડરી ગયા છે.માધવી લતાએ મુસ્લિમ મહિલાના બુરખા હટાવી આઈડેન્ટી કાર્ડ માંગવાની ઘટનાએ વિવાદ ઉભો કર્યો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ માધવી લતાએ પોતાના મતદાન ક્ષેત્રમાં મતદાર યાદીમાં વિસંગતીઓને લઈને આરોપો લગાવ્યા હતા. તેમણે પોલીસ કર્મીઓ પણ સુસ્ત અને નિષ્ક્રીય રહ્યા હોવાના આરોપો લગાવ્યા હતા. માધવી લતાએ યાદીમાંથી ઘણાના નામો કટ થઈ ગયાનો આરોપ લગાવ્યો હતો.

# વાડીએ કામ કરતા ખેડુતનું હાર્ટએટેકથી મોત

### જેતપુરના પેઢલા ગામનો બનાવ



રાજકોટ, તા. ૧૩

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં આવેલ પેઢલા ગામે વાડીએ કામ કરતા ખેડુત અચાનક ઢળી પડતા તેને સારવારમાં ખસેડતા મોત નિપજયું હતું. મૃતકને હાર્ટ એટેક આવતા મોત થયાનું પ્રાથમિક તારણમાં જાણવા મળેલ છે. આ બનાવની વિગત મુજબ અશોકભાઈ સરવૈયા (ઉ.વ.૪૭, રહે. પેઢલા ગામ) આજે બપોરે પોતાની વાડીએ ખેતી કામ કરતા હતા ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો થતો હોવાની ફરિયાદ સાથે ઢળી પડયા હતા. તેઓને તત્કાલ જેતપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં ટુંકી સારવારમાં જ તેમનું મોત નિપજયું હતું. બનાવના પગલે પરિવારમાં શોક છવાયો હતો.

# અલ્લુ અર્જુન, જુનિયર એનટીઆર, રાજામૌલી સહિત સાઉથની હસ્તીઓએ લાઈનમાં ઉભા રહી કર્યું વોટીંગ

### ફિલ્મ સેલીબ્રીટીઓએ ફેન્સને પણ મતદાન કરવા અપીલ કરી




હૈદ્રાબાદઃ લોકસભાની ચૂંટણીના ચોથા ચરણમાં સાઉથના ફિલ્મ સ્ટાર્સ અને ફિલ્મી હસ્તીઓએ લાઈનમાં અને પરિવાર સાથે ઉભા રહીને મતદાન કર્યું હતું.

સાઉથના સ્ટાર્સ જુનીયર એનટીઆર, 'પુષ્પા' ફેમ અલ્લુ અર્જુન, 'બાહુબલી' ફેમ એસ.એસ.રાજામૌલી, સંગીતકાર એમ.એમ.કિરવાની સહિત સાઉથની અનેક ફિલ્મ સેલીબ્રીટીઓ પોલીંગ બુથ પહોંચ્યા હતા અને મત આપ્યો હતો. તેમણે ફેન્સને પણ મતદાન કરવાની અપીલ કરી હતી. તેમનો મતદાનનો વિડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ થયો છે. એકટર્સની સાથે તેમના બોડીગાર્ડસ પણ મતદાન સમયે નજરે પડતા હતા. જુનીયર એનટીઆરે શાહી લગાવેલી આંગળી દર્શાવી પોઝ આપ્યો હતો. હસ્તીઓને જોવા ફેન્સ ઉમટી પડયા હતા.

### કોટડાસાંગાણીના નવી મેંગણીનો બનાવ

# વાડીએ પાણી વાળતી વેળાએ વિજશોક લાગતા વૃધ્ધનું મોત

### મનસુખ સીદપરાએ રાજકોટ સારવારમાં દમ તોડતા પરિવારમાં શોક

રાજકોટ, તા. ૧૩

કોટડાસાંગાણીના નવી મેંગણીમાં વાડીએ પાણી વારતી વેળાએ વિજ શોક લાગતા ૬૫ વર્ષના વૃધ્ધનું ટુંકી સારવારમાં મોત નિપજયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, કોટડાસાંગાણીના નવી મેંગણીમાં રહેતા મનસુખભાઈ રણછડભાઈ સીદપરા (ઉ.વ.૬૮) આજે સવારે પોતાની વાડીએ પાણી વારતા હતા ત્યારે વિજ શોક લાગતા બેભાન થઈ ઢળી પડયા હતા જેમને તાત્કાલીક સારવાર અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત ન નિવડતા તેમનું મોત નિપજયું હતું.

બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે કોટડાસાંગાણી પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતક ત્રણ ભાઈ- બે બહેનમાં નાના હતા. તેઓને સંતાનમાં બે પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

# બપોરે રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરો સાથે ચૂંટણી પંચની VC

### પોસ્ટલ બેલેટની ગણતરી અંગે માર્ગદર્શન અપાયું

રાજકોટ, તા. ૧૩

રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરો અને ચૂંટણ અધિકારીઓ સાથે આજે બપોરના ચૂંટણી પંચ દ્વારા વિડીયો કોન્ફરન્સ આયોજિત કરી પોસ્ટલ બેલેટની મત ગણતરી અંગે માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

આ વિડીયો કોન્ફરન્સમાં રાજકોટ



જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, અધિક કલેકટર મુછાર સહિતના અધિકારીઓએ ભાગ લીધો હતો.

અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી આગામી તા. ૪ જુનના રોજ થનાર છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી કણકોટની ઈજનેરી કોલેજ ખાતે થનાર છે. રાજકોટ લોકસભા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ સહિત નવ ઉમેદવારો ચૂંટણી લડયા હતા. ઉમેદવારોના ભાવી ઈવીએમમાં કેદ થયેલ છે. હવે આગામી તા. ૪ જુનના ઈવીએમ ખુલતા જ ઉમેદવારોના ભાવી ખુલશે.

ઈવીએમ ખુલે તે પહેલા પોસ્ટલ બેલેટની મત ગણતરી થનાર આજે ચૂંટણી પંચની તથા કોન્ફરન્સમાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ કલેકટરોને પોસ્ટલ બેલેટથી ગણતરી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

# ગાયને અકસ્માતથી બચાવવા અનોખી પહેલ, હાઈ- વે પર ફરતી ૧ લાખ ગૌ-માતાને રેડિયમ બેલ્ટ બંધાયા

અમદાવાદ : હિન્દુ ધર્મ અને ભારતીય પરંપરામાં ગાયને માતા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. એવામાં ગાંધીનગરના બ્રહ્મ સમાજના આગેવાને ગાયને અકસ્માતથી બચાવવા માટે 'સહકાર થકી ગૌ રક્ષા' નામે અનોખી પહેલ શરૂ કરી છે.



હકીકતમાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં ઢોર નિયંત્રણ પોલિસીનો ચુસ્ત અમલ કરાવવામાં આવી રહ્યો છે. જેના કારણે શહેરના રસ્તાઓ પર ગાયો જોવા નથી મળી રહી. રસ્તા પર રખડતી ગાયોને ગૌ-શાળામાં રાખવામાં આવી રહી છે. જ્યારે કેટલીક ગાયોને શહેરના છેવાડે રખડતી મૂકવામાં આવી રહી છે. આવી ગાયો ગમે ત્યાં બેસી જતી હોય છે અને રાતના અંધારામાં દેખાતી પણ નથી હોતી. એવામાં હાઈવે પર પુરપાટ દોડતા વાહનો સાથે અથડાઈને આવી ગાયોનો ભોગ લેવાઈ જતો હોય છે.

આથી હાઈવે પર તેમજ ગૌ-શાળા આગળ ફરતી ગાયોને અકસ્માતથી બચાવવા માટે નયન જોશી નામના આગેવાને અનોખું બીડું ઉપાડ્યું છે. જેમાં રખડતી ગાયને રેડિયમ બેલ્ટ બાંધવામાં આવી રહ્યાં છે. જેથી અંધારામાં પણ રેડિયમ ચમકતુ રહે અને તેના કારણે વાહન ચાલકને ખ્યાલ આવી જાય કે આગળ ગાય છે. જેના પરિણામે અકસ્માત ટાળી શકાય છે.

આ અંગે વિગતો આપતાં નયન જોશીએ જણાવ્યું કે, હું વતન જઈ રહ્યો હતો, ત્યારે મારી કાર સામે અચાનક ગાય આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્ભાગ્યે અકસ્માતમાં મને કે ગાયને કોઈ ઈજા નહતી પહોંચી. આવા સમયે મને અંદરથી એક વિચાર આવ્યો કે, જો ગાય પર રેડિયમ બેલ્ટ બાંધેલો હોય, તો અકસ્માત ટાળી શકાય છે.

જો કોઈ વ્યક્તિને ઈજા થાય, તો તેને તાત્કાલિક દવાખાને ખસેડીને તેની સારવાર શરૂ કરવામાં આવે છે. જ્યારે હાઈવે પર વેદનાથી કણસતી ગાયને ધ્યાનમાં રાખીને મારા પરિવાર દ્વારા 'સહકાર થકી ગૌ રક્ષા' નામે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત હાઈવે પર ફરતી ગાયને અકસ્માત ના નડે તે માટે ખાસ પ્રકારના રેડિયમ બેલ્ટ બાંધવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં અમે ૫૦ હજારથી વધુ બેલ્ટ બાંધી ચૂક્યા છીએ. આ માટે મધ્ય પ્રદેશના ઈન્દોરની એક કંપનીને બીજા આવા ૧ લાખ બેલ્ટના ઓર્ડર પણ આપ્યા છે. આટલું જ નહીં, અમારી સાથે રાજ્યના વિવિધ સ્થળોએથી ૧૦ હજાર જેટલા ગૌ-રક્ષકો પણ અભિયાનમાં જોડાયા છે.

# સોનામાં ૫૦૦, ચાંદીમાં ૭૦૦નો કડાકો

રાજકોટ, તા.૧૩

સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થઇ રહ્યો છે. બે દિવસ પૂર્વે અક્ષય તૃતિયાના દિવસે ભાવમાં ધરખમ વધારો થયા બાદ આજે રૂા.૫૦૦નો ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક બજારનું વલણ બદલતા ભાવ ઉપર મોટી અસર થઇ છે. આજે સોનામાં રૂા.૫૦૦ અને ચાંદીમાં રૂા.૭૦૦નો કડાકો થયો છે. અક્ષય તૃતિયાના દિવસે સોનુ-ચાંદી ખરીદવું શુભવંતુ ગણાય છે, આથી આ દિવસ મોટા પ્રમાણમાં ખરીદી થઇ હતી. અખાત્રીજના જ ભાવ ઉંચાકાયા બાદ હવે ઘટાડો થયો છે ત્યારે ભાવ ઘટતા થોડી રાહત મળી છે.

# ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને અડપલાં કરનાર શિક્ષક સાગર વાઢેરને પાંચ વર્ષની સજા

### શિક્ષણ જગતને કલંકિત કરતો બનાવ વર્ષ ૨૦૨૩માં બન્યો હતો, કોર્ટે ભોગ બનનાર બાળકીને દોઢ લાખનું વળતર ચૂકવવા હુકમ કરેલો

રાજકોટ, તા.૧૩

શહેરની ખાનગી સ્કૂલમાં ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને અડપલાં કરનાર શિક્ષક સાગર ગોવિંદ વાઢેરને કોર્ટે પાંચ વર્ષની સજા ફટકારી છે. શિક્ષણ જગતને કલંકિત કરતો બનાવ વર્ષ ૨૦૨૩માં બન્યો હતો, જેમાં કોર્ટે ભોગબનનાર બાળકીને દોઢ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

કેસની ટૂંક હકીકત એવી છે કે, રાજકોટના મોરબી રોડ પર આવેલી એક ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા આરોપીએ માત્ર ૧૧.૫ વર્ષની ઉંમરની બાળકી પર ઉગ્ર જાતીય હુમલો અને જાતીય સતામણી કરેલ હોય તે અંગે ભોગ બનનારના પિતાએ ફરિયાદી બની આરોપીના કરતૂત ખુલ્લા પાડેલ. બનાવ મુજબ ભોગ બનનાર ગભરાઈ જઈ પોતાના ઘરે પોતાની માતા સમક્ષ પોતાની જાતીય સતામણી અને ઉગ્ર જાતીય હુમલો કરનાર શિક્ષકે પોતાને ધમકી પણ આપેલ હોય અને તેણીની સાથે એકથી વધુ વખત આવી ઘટના બનેલ હોવાનું કહ્યું હતું. જેથી



મહેશ જોશી
સરકારી વકીલ



સાગર વાઢેર
આરોપી શિક્ષક

આરોપી વિરુદ્ધ બી. ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ દાખલ થઈ હતી. જે ગુનાની તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી સાગર વાઢેર સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા ભોગ બનનાર બાળકી તથા ફરિયાદી, પોલીસ અધિકારીઓ, શાળાના જવાબદારો અને સી.સી.ટી.વી. ફૂટેજ રજુ કરેલા અને રેકર્ડ પર આશરે દસ જેટલા દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલા. રેકર્ડ પર રજુ થયેલ મહત્વના દસ્તાવેજી પુરાવાઓ અથ મૌખિક પુરાવાઓનું મૂલ્યાંકન કરી કોર્ટ એવા નિર્ણય પર આવેલ કે આરોપીએ બાળક સાથે પોકસો એક્ટ ની જોગવાઈઓ હેઠળનો ગંભીર ગુનો આચરેલ છે, તેમજ આરોપીએ ભારતીય દંડ સહિતાની જોગવાઈઓ હેઠળનો પણ ગુનો આચરેલો છે, જેથી સ્પે. પોકસો કોર્ટના ન્યાયાધીશ બી.બી. જાદવે આરોપી શિક્ષકને તકસીરવાન ઠેરવી અને સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર પક્ષેથી એ.પી.પી. મહેશભાઈ જોશીએ રોકાયેલા હતા. તેઓએ કેસ ચલાવેલ અને માત્ર એક વર્ષ જુના કેસમાં સમય મર્યાદામાં કેસ પુરો કરેલ હતો.

# પરીવારે ધરારીથી સગાઈ કરાવતાં ડીલીવરી બોય ચના પરમારે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

### જનકલ્યાણ સોસાયટીના પૂલીયાના એન્ગલ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાધો હતો : બે બહેનના એકના એક ભાઈના મોતથી અરેરાટી

રાજકોટ તા.૧૩

ડીલીવરી બોય ચના પરમારે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું.જનકલ્યાણ સોસાયટીના પૂલીયાના એન્ગલ સાથે દોરડું બાંધી ડીલીવરી બોય ચના પરમાર નામના યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં એ. ડિવિઝન પોલીસ દોડી ગઈ હતી.

બનાવની વિગત અનુસાર ચનો ઉર્ફે ગોપાલ મહેશભાઈ પરમાર (ઉ.વ.૨૦ રહે. હનુમાન મઢી પાસેના શિવપરા શેરી નં. ૧) નામના યુવકે જનકલ્યાણ સોસાયટીના પૂલીયાના એન્ગલ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. મૃતક સ્વીગીમાં ડીલીવરી બોયની નોકરી કરે છે. તેઓ દરરોજ રાત્રે દોઢ-બે વાગ્યે નોકરી પરથી ઘરે આવી જતો હતો. પરંતુ ગઈકાલે રાત્રે નહીં આવતાં પરિવારજનો ચિંતામાં મૂકાઈ ગયા હતા. તેની શોધખોળ શરૂ કરી હતી પરંતુ કોઇ પત્તો મળ્યો ન હતો. જેને કારણે પરિવારજનોએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુમ થયાની જાણ કરી હતી. આ ઘટનાક્રમ વચ્ચે આજે સવારે જનકલ્યાણ સોસાયટી શેરી નં. ૩ નજીક આવેલ પૂલીયાના એંગલ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. એક રાહદારીએ આ મૃતદેહ જોતાં પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી. વધુમાં મૃતકના પરિવારજનોએ જણાવ્યું કે, ચનાની ત્રણ દિવસ પછી સગાઇ હતી. પરંતુ તેને હાલ સગાઈ કરવી ન હતી. આ વાત તેણે પરિવારજનોને પણ જણાવી હતી.આ સ્થિતિ વચ્ચે તેણે પગલું ભરી લીધું હતું. જો કે ખરેખર તેણે ક્યા કારણથી જિંદગી ટૂંકાવી તે વિશે પરિવારજનો અજાણ હોવાનું કહે છે. મૃતક બે બહેનોમાં એકનો એક ભાઈ હતો. બનાવથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ હતી. આપઘાતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.